# કામકાજનો ટૂંકો અહેવાલ

## તેરમી ગુજરાત વિધાનસભા

## છઠ્ઠું  સત્ર

( તા ૨૩મી ફેબ્રુઆરી , ૨૦૧૫ થી તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૫)

ગુજરાત વિધાનસભા સચિવાલય

વિઠ્ઠલભાઇ પટેલ ભવન,

ગાંધીનગર.

૨૦૧૫

# પ્રસ્તાવના

આ પ્રકાશનમાં તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા ૨૩મી ફેબ્રુઆરી , ૨૦૧૫ થી તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ દરમિયાન થયેલા કામકાજની જુદી જુદી બાબતો અંગે ટૂંકી નોંધ આપવામાં આવી છે . શક્ય હોય ત્યાં આંકડાવાર માહિતી પણ આપી છે .આશા છે કે રસ ધરાવનાર સૌ કોઇને તે ઉપયોગી નિવડશે .

ગુજરાત વિધાનસભા સચિવાલય,
વિઠ્ઠલભાઇ પટેલ ભવન,
સેક્ટર નં. ૧૦,
ગાંધીનગર

ડી . એમ. પટેલ
સચિવ
ગુજરાત વિધાનસભા

તારીખ : ૨૮ - ૫ - ૨૦૧૫.

# અનુક્રમણિકા


| ક્રમાંક | વિષય | | પાના નંબર |
|---|---|---|---|
| ૧. | ૨. | | ૩. |
| ૧ | તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠાં સત્ર (તા. ૨૩મી ફેબ્રુઆરી , ૨૦૧૫ થી તા. ૩૧મી માર્ચ , ૨૦૧૫ ) દરમિયાન થયેલ કામકાજનો ટૂંકો અહેવાલ | | |
| ૨ | પત્રક ક્રમાંક : ૧ | સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલા સમય અને ટકાવારી | |
| ૩ | પત્રક ક્રમાંક : ૨ | સભાગૃહની બેઠકોની તારીખ અને સમય | |
| ૪ | પત્રક ક્રમાંક : ૩ | સભ્યશ્રીઓએ વ્યક્તિગત રીતે આપેલી હાજરી | |
| ૫ | પત્રક ક્રમાંક : ૪ | સભ્યશ્રીઓની તારીખવાર હાજરી | |
| ૬ | પત્રક ક્રમાંક : ૫ | ટૂંકી મુદ્દતના, તારાંકિત, અતારાંકિત પ્રશ્નોની અને અરધા કલાકની ચર્ચાની સૂચનાઓનો નિકાલ (આંકડામાં) | |
| ૭ | પત્રક ક્રમાંક : ૬ | ટૂંકી મુદ્દતના પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૮ | પત્રક ક્રમાંક : ૭ | તારાંકીત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૯ | પત્રક ક્રમાંક : ૮ | અતારાંકિત પ્રશ્નોની વિભાગવાર માહિતી (આંકડામાં) | |
| ૧૦ | પત્રક ક્રમાંક : ૯ | જુદા જુદા મંત્રીશ્રીઓના વારામાં દાખલ થયેલ અને ગૃહમાં મૌખિક જવાબ અપાયેલ તારાંકિત પ્રશ્નોની તારીખવાર માહિતી | |
| ૧૧ | પત્રક ક્રમાંક : ૧૦ | દાખલ કરવાના સરકારી વિધેયકો | |
| ૧૨ | પત્રક ક્રમાંક : ૧૧ | પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનાં સરકારી વિધેયકો | |
| ૧૩ | પત્રક ક્રમાંક : ૧૨ | રાષ્ટ્રપતિ/રાજ્યપાલશ્રીની અનુમતિ મળેલા વિધેયકો | |
| ૧૪ | પત્રક ક્રમાંક : ૧૩ | સન ૨૦૧૫ -૧૬ ના વર્ષના અનુદાનો માટેની ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૫ | પત્રક ક્રમાંક : ૧૪ | સન ૨૦૧૪ -૧૫ ના વર્ષના ખર્ચના પૂરક પત્રકમાંની ચર્ચાયેલી માગણીઓ | |
| ૧૬ | પત્રક ક્રમાંક : ૧૫ | ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧) | |
| ૧૭ | પત્રક ક્રમાંક : ૧૬ | ધ્યાન દોરતી સૂચનાઓ (નિયમ-૧૧૬) | |
| ૧૮ | પત્રક ક્રમાંક : ૧૭ | જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ-૪૪) | |
| ૧૯ | પત્રક ક્રમાંક : ૧૮ | દાખલ કરવાના બિન સરકારી વિધેયકો | |
| ૨૦ | પત્રક ક્રમાંક : ૧૯ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના( નિકાલ થયેલા) બિન સરકારી વિધેયકો | |
| ૨૧ | પત્રક ક્રમાંક : ૨૦ | પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે બાકી રહેતા બિન સરકારી વિધેયકો | |
| ૨૨ | પત્રક ક્રમાંક : ૨૧ | બિન સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭) | |
| ૨૩ | પત્રક ક્રમાંક : ૨૨ | વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલ કાગળો | |
| ૨૪ | પત્રક ક્રમાંક : ૨૩ | ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી | |
| ૨૫ | પત્રક ક્રમાંક : ૨૪ | રોજેરોજના કામકાજનો સારાંશ | |
| ૨૬ | પત્રક ક્રમાંક : ૨૫ | સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક | |
| ૨૭ | પત્રક ક્રમાંક : ૨૬ | શોકદર્શક ઉલ્લેખ | |

# તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠાં સત્રમાં થયેલા કામકાજનો ટૂંકો અહેવાલ

**પ્રારંભિકઃ–**

તેરમી ગુજરાત વિધાનસભાનું છઠ્ઠું સત્ર સોમવાર, તા.૨૩–૨–૨૦૧૫ના રોજ શરૂ થયું હતું અને મંગળવાર, તા.૩૧–૩–૨૦૧૫ના રોજ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) હેઠળ અચોકકસ મુદૃત માટે મુલતવી રહયું હતું અને ત્યારબાદ રાજયપાલશ્રીના આદેશથી સમાપ્ત થયું હતું. સત્ર દરમિયાન વિધાનસભા કુલ ૨૫ દિવસ માટે મળી હતી અને તેમાં કુલ ૨૯ બેઠકો થઈ હતી. સત્ર દરમિયાન વિધાનસભાએ **કુલ ૧૧૫ કલાક અને ૧૪ મિનિટ** કામ કર્યું હતું, જે બેઠક દીઠ સરેરાશ સમય આશરે ૩ કલાક અને ૫૮ મિનિટ થાય છે.

૧ સત્ર દરમિયાન પ્રશ્નોત્તરી, સરકારી વિધેયકો, નાણાકીય કામકાજ, પ્રસ્તાવો તેમજ અન્ય કામકાજમાં થયેલ સમય અને તેની ટકાવારી **પત્રક ક્રમાંક–૧** માં આપવામાં આવી છે.

**૨. ગૃહની બેઠકોની તારીખ અને સમયઃ–**

ગૃહની બેઠકોની તારીખો અને સમય **પત્રક ક્રમાંક–૨** માં આપવામાં આવેલ છે.

**૩. હાજરીઃ**

સત્ર દરમિયાન મળેલ ૨૯ બેઠકમાં વધારેમાં વધારે હાજરી ૧૩૦ અને ઓછામાં ઓછી ૭૬ હાજરી હતી અને સરેરાશ હાજરી ૧૨૧ રહી હતી. સત્ર દરમિયાન સભ્યોએ આપેલી વ્યકિતગત હાજરી અંગેની માહિતી **પત્રક ક્રમાંક :૩** માં અને સભ્યોની તારીખવાર હાજરી અંગેની માહિતી પત્રક ક્રમાંક :૪માં આપવામાં આવી છે.

**૪ ઉપાધ્યક્ષની ચૂંટણી :–**

વિધાનસભાના ઉપાધ્યક્ષની ચૂંટણી માટે માનનીય અધ્યક્ષશ્રીએ તા. ૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજનો દિવસ નકકી કર્યો હતો. ઉપાધ્યક્ષની ચૂંટણી માટે કુલ–૨ સૂચનાઓ મળી હતી. તે પૈકી વિ.સ.સ શ્રી આત્મારામ મકનભાઈ પરમારને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવા માટેનો પ્રસ્તાવ માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે સભાગૃહમાં રજૂ કર્યો હતો. માનનીય મંત્રીશ્રીના પ્રસ્તાવને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ટેકો આપ્યો હતો. આ પ્રસ્તાવનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો અને સભ્યશ્રી આત્મારામ મકનભાઈ પરમારની ઉપાધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી હતી.

**૫ રાજયપાલશ્રીનું સંબોધન :–**

ભારતના બંધારણના અનુચ્છેદ ૧૭૬ (૧) અન્વયે રાજયપાલ શ્રી ઓ. પી. કોહલીએ સોમવાર તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ બપોરના ૧૨–૦૦ વાગે ગુજરાત વિધાનસભાને હિન્દીમાં સંબોધન કર્યું હતું. તે દિવસે સભ્યશ્રી કેશાજી ચૌહાણે આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જેને સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાએ સમર્થન આપ્યું હતું. આભાર પ્રસ્તાવ પર સુધારાની કુલ ૪૬ સભ્યોની ૪૬ **સૂચ**નાઓ મળી હતી. તે પૈકી ૩૪ સુધારાની **સૂચ**નાઓ દાખલ કરવામાં આવી હતી અને ૨૪ સુધારાઓ સભાગૃહમાં રજૂ થયા હતા. ચર્ચાને અંતે રજૂ થયેલ સુધારાઓનો સભાગૃહે અસ્વીકાર કર્યો હતો અને આભાર પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

**૬ ટૂંકી મુદતના અને તારાંકિત પ્રશ્નોઃ–**

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો પૂછવા માટે **તા.૨૪/૦૨/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૫ સુધીનો** **૨૫** દિવસ માટેનો કાર્યક્રમ બહાર પાડવામાં આવ્યો હતો.

આ સત્ર દરમિયાન ટૂંકી મુદતના, તારાંકિત અને અતારાંકિત પ્રશ્નોની મળેલી અને દાખલ કરવામાં આવેલી સૂચનાઓની વિગતો નીચે મુજબ છે.

સત્ર દરમિયાન ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ **<u>૩,</u>** તારાંકિત પ્રશ્નોની કુલ **<u>૬૨૦૫</u>** અને અતારાંકિત પ્રશ્નોની કુલ **<u>૯૨૭</u>** સૂચનાઓ મળી હતી. આ સૂચનાઓનો નિકાલ કેવી રીતે કરવામાં આવ્યો તેની વિગતો પત્રક ક્રમાંક. ૫, **૬** , **૭,** અને પત્રક ક્રમાંક ૮ માં આપવામાં આવી છે. તારાંકિત પ્રશ્નોની કયા મંત્રીશ્રી માટે કેટલી સૂચનાઓ દાખલ કરવામાં આવી, તેમાંથી કયા કયા મંત્રીશ્રીઓના કેટલા પ્રશ્નોની ચર્ચા થઈ તેની માહિતી **પત્રક ક્રમાંક** ૯માં આપવામાં આવી છે.

સત્ર દરમિયાન તારાંકિત પ્રશ્નો તરીકે મળેલી સૂચનાઓમાંથી કુલ **<u>૪૩૭૨</u>** સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને **<u>૩૪</u>** તારાંકિત પ્રશ્નોને મંત્રીશ્રીની વિનંતીથી અતારાંકિત પ્રશ્નો તરીકે દાખલ કરવામાં આવ્યા હતા. વધુમાં દાખલ થયેલ તારાંકિત પ્રશ્નો પૈકી **<u>૪૪</u>** પ્રશ્નો મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવ્યા હતા.

સભાગૃહની બેઠકો દરમિયાન તારાંકિત પ્રશ્નોની કુલ **<u>૨૪</u>** યાદી સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી. આ યાદી**નાં** કુલ **<u>૨૦૮</u>** પ્રશ્નોની સભાગૃહમાં ચર્ચા થઈ હતી.

સત્ર દરમિયાન નિયમ–૯૦ અન્વયે ટૂંકી મુદતના પ્રશ્નોની કુલ **<u>૩</u>** સૂચના**ઓ** મળેલ હતી. તે **તમામ** પૈકી એક સૂચના દાખલ કરવામાં આવી હતી પરંતુ, તે સૂચના માનનીય મંત્રીશ્રીની વિનંતીથી રદ કરવામાં આવી હતી.

સત્ર દરમિયાન નિયમ–૯૨ અન્વયે અરધા કલાકની **<u>૩</u>** સૂચના મળી હતી. તે સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી.

સત્ર દરમિયાન અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબોની ૫૦–૫૦ ની એક એવી **<u>૧૫</u>** યાદીઓ તેમજ નિયમ ૮૭(ક) અન્વયે સત્રના છેલ્લા દિવસે **<u>૩૬</u>** અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો ગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતા

## ૭ <u>પ્રશ્નોત્તરીને લગતી રસપ્રદ માહિતી</u>

**તા.૫/૩/૨૦૧૫ના** રોજ હોળીનો તહેવાર હોવાથી ગુરૂવાર,**તા.૨૬/૨/૨૦૧૫**ના રોજ બહાર પાડવામાં આવેલ **પત્રક ભાગ–૨, ક્રમાંક ૩૦૧ થી** સભાગૃહની બેઠક રદ થતા તે દિવસના **કુલ–<u>૧૯૫</u>** તારાંકિત પ્રશ્નોને રદ કરવામાં આવતા તે દિવસના પ્રશ્નોને રદ ગણી નામંજૂર પ્રશ્નોમાં સમાવેશ કરવામાં આવેલ છે.

## ૮ **<u>સરકારી વિધેયકો</u> :–**

૧. <u>દાખલ કરવામાં આવેલા સરકારી વિધેયકો</u>

સત્ર દરમિયાન કુલ ૨૦ સરકારી વિધેયકો દાખલ કરવામાં આવ્યા હતા. **( પત્રક ક્રમાંક : ૧૦ )**

૨. <u>પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના સરકારી વિધેયકો</u>

સત્ર દરમિયાન કુલ ૨૦ સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવામાં આવ્યા હતા. **(પત્રક ક્રમાંક : ૧૧)**

**<u>વિધેયકોનું વર્ગીકરણ</u> :–**

૧. ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતા વિધેયકો .......... ૧૫

૨. નવા વિધેયકો ..........૦૩

૩. અન્ય વિધેયકો ......... ૦૨

**<u>વિધેયકોનું વિષયવાર વર્ગીકરણઃ–</u>**

| | | |
|---|---|---|
| ૧. | નાણાકીય બાબતોને લગતા વિધેયકો | .........૦૨ |
| ૨. | જાહેર સેવાને લગતા વિધેયકો | ..........૧૦ |
| ૩. | શિક્ષણને લગતા વિધેયકો | ........... ૦૬ |
| ૪. | અન્ય વિધેયકો | .......... ૦૨ |

૯ **<u>વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા રાજયપાલશ્રીની અનુમતિવાળા વિધેયકો</u> :–**

તેરમી વિધાનસભાના પાંચમા સત્રમાં પસાર થયેલા અને જેને માનનીય રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી તેવા સન–૨૦૧૪નાં વિધેયક ક્રમાંક–૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ તથા છઠ્ઠા સત્રમાં પસાર થયેલા અને જેને માનનીય રાજયપાલશ્રીની અનુમતિ મળી હતી તેવા સન–૨૦૧૫નાં વિધેયક ક્રમાંક–૧, ૪, ૬ અને ૭ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા હતાં.( **પત્રક ક્રમાંકઃ ૧૨** )

૧૦ **નાણાકીય કામકાજ**

(૧) અંદાજપત્ર

(ક) રજૂઆત :

સન ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષ માટેનું કુલ રૂપિયા ૧૩,૯૧,૩૯,૩૫,૪૮,૦૦૦/- નું અંદાજપત્ર મંગળવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી , ૨૦૧૫ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યુ હતું. જેમાં મતપાત્ર રકમ રૂપિયા ૧૧,૬૬,૬૬,૮૪,૪૮,૦૦૦/- અને બિનમતપાત્ર રકમ રૂપિયા ૨,૨૪,૭૨,૫૧,૦૦,૦૦૦/- હતી.

(ખ) સામાન્ય ચર્ચા :

અંદાજપત્ર ઉપર તા. ૯, ૧૦ અને ૧૧મી માર્ચ, ૨૦૧૫ ના રોજ એમ કુલ ત્રણ દિવસોમાં ચાર બેઠકો દરમિયાન સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી.

(ગ) માગણીઓ પર ચર્ચા અને મતદાન :

અનુદાન માટેની માગણીઓ પર તા. ૧૨, ૧૩, ૧૬, ૧૭, ૧૮,૧૯,૨૦ ૨૩ , ૨૪, ૨૫ , ૨૬ અને ૨૭મી માર્ચ દરમિયાન સભાગૃહની ૧૨ બેઠકોમાં ચર્ચા અને મતદાન કરવામાં આવ્યુ હતું. કુલ ૧૦૮ માગણીઓ સભાગૃહની મંજૂરી માટે રજૂ કરવામાં આવી હતી. તેમાંથી ૫૪ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. (પત્રક ક્રમાંકઃ-૧૩ ) ચર્ચા માટે રજૂ થયેલી બધી માગણીઓ સભાગૃહે પસાર કરી હતી. જ્યારે બાકીની ૫૪ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

(ઘ) કાપદરખાસ્તો :

અંદાજપત્રની માગણીઓ પર કુલ- ૬૪૩ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી, તેમાંથી ૬૪૦ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. ૩ કાપદરખાસ્ત નામંજૂર કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલ ૬૪૦ કાપદરખાસ્તો પૈકી એક સરખા વિષયની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૪૬૫ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, જે પૈકી ૩૫૮ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

(ચ) ગુજરાત વિનિયોગ વિધેયક પર ચર્ચા :

ગુજરાત વિનિયોગ વિધેયક, સોમવાર, તા.૩૦.૩.૨૦૧૫ ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યુ હતું. ગુજરાત વિનિયોગ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૨૩૮(૫) ની જોગવાઇ હેઠળ સભ્યશ્રીઓ ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દા આપે છે. ચર્ચામાં વધુ સભ્યશ્રીઓ ભાગ લઈ શકે તે હેતુથી દરેક સભ્યશ્રી એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યુ હતું. તદનુસાર કુલ ૨૪ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા પરંતુ પ્રભારી સભ્યશ્રીઓએ મુદ્દા રજૂ ન કરતા સભાગૃહે મુદ્દાઓ ઉપર ચર્ચા કર્યા વિના વિનિયોગ વિધેયક પસાર કર્યુ હતુ .

(૨) ખર્ચનું પૂરક પત્રક :

(ક) રજૂઆત :

સન ૨૦૧૪ -૨૦૧૫ના વર્ષ માટેનું રૂ. ૫૮,૧૮,૪૮,૩૮,૦૦૦/- ના ખર્ચનુ પૂરક પત્રક મંગળવાર, તા. ૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યુ હતું. જેમાં મતપાત્ર રકમ રૂ. ૫૩,૯૦,૨૦,૭૦,૦૦૦/- અને બિન મતપાત્ર રકમ રૂ.૪,૨૮,૨૭,૬૮ ,૦૦૦/- હતી.

(ખ) પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન :

સન ૨૦૧૪ -૨૦૧૫ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકમાં કુલ ૫૨ માગણીઓનો સમાવેશ થયો હતો. તેમાંથી ૧૦ માગણીઓ ચર્ચા માટે પસંદ કરવામાં આવી હતી. (પત્રક ક્રમાંક : ૧૪ ) પસંદ થયેલી આ માગણીઓ પર મંગળવાર તા. ૩ -૩ -૨૦૧૫ તથા બુધવાર તા. ૪ -૩ -૨૦૧૫ ના રોજ ચર્ચા કરવામાં આવી હતી અને તે વિના વિરોધે પસાર કરવામાં આવી હતી, જયારે બાકી રહેલી ૪૨ માગણીઓ સભાગૃહે ગિલોટીનથી પસાર કરી હતી.

(ગ) કાપદરખાસ્તો :

પૂરક માગણીઓ પર કુલ ૫૬ કાપદરખાસ્તોની સૂચનાઓ મળી હતી. આ ૫૬ કાપદરખાસ્તો દાખલ કરવામાં આવી હતી. દાખલ કરવામાં આવેલી ૫૬ કાપદરખાસ્તો પૈકી સરખા વિષયની કાપદરખાસ્તોની સૂચનાઓમાં સભ્યશ્રીઓનાં નામ જોડતાં કુલ ૨૩ કાપદરખાસ્તોનો એકત્રિત યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ ૨૩ કાપદરખાસ્તો સભાગૃહમાં રજૂ કરવામાં આવી હતી.

(ઘ) ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક પર ચર્ચા :

ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક, ૨૦૧૫ સોમવાર, તા:૯ -૩ -૨૦૧૫ના રોજ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યુ હતું. આ વિધેયક પરની ચર્ચામાં ભાગ લેવા માટે ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૫)ની જોગવાઇ મુજબ સભ્યો ઉપસ્થિત કરવા માગતા હોય તેવા વિશિષ્ટ મુદ્દાઓ કોઈ પણ સભ્ય આપે છે. દરેક સભ્યશ્રી ચર્ચા માટે એક જ મુદ્દો આપી શકે તેવું માનનીય અધ્યક્ષશ્રીએ ઠરાવ્યું હતું, તદનુસાર કુલ ૪ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા હતા, જે બધા જ મંજૂર રાખવામાં આવ્યા હતા. ચર્ચા થયા બાદ વિનિયોગ વિધેયક સભાગૃહે પસાર કર્યું હતું.

૧૧ . ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો હોય તેવા પ્રસ્તાવો (નિયમ-૧૦૧)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૧ હેઠળ જેની ચર્ચા માટેનો દિવસ નક્કી ન થયો તેવા પ્રસ્તાવની કુલ-૨૧ સૂચનાઓ મળી હતી, જે પૈકી એક સૂચના નિયમ-૯૪(૪) અન્વયે રદ થઈ હતી. ૨ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી. દાખલ થયેલી સૂચનાઓ માટે કામકાજ સલાહકાર સમિતિએ સમય ફાળવ્યો ન હોવાથી સત્ર સમાપ્ત થતા તે રદ થઈ હતી . (પત્રક ક્રમાંક:- ૧૫)

૧૨ છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨) :-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૨ હેઠળ છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરતી કુલ-૧૧૮ સૂચનાઓ મળી હતી. આવી સૂચનાઓ આપનાર સભ્યશ્રીઓના નામનું બેલટ તા.૨૪ -૩ -૨૦૧૫ના રોજ યોજવામાં આવ્યુ હતું. બેલટમાં પ્રથમ ક્રમે આવેલ સભ્યશ્રી મેઘજીભાઈ ચાવડાએ " મા વાત્સલ્ય " યોજના અંગેના પ્રસ્તાવની સૂચના આપી હતી, જે દાખલ કરવામાં આવી હતી. ઉક્ત પ્રસ્તાવ પર સત્રના છેલ્લા દિવસે એટલે કે તા.૩૧ -૩ -૨૦૧૫ના રોજ સભાગૃહમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી.

.૧૩ સભામોકૂફીના પ્રસ્તાવો (નિયમ-૧૦૮) :-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૦૮ અન્વયે "સ્વાઈન ફ્લુના રોગચાળા" બાબતે ૧ સૂચના મળી હતી, જે નામંજૂર કરવામાં આવી હતી.

૧૪ ટૂંક સમયની ચર્ચા (નિયમ-૧૧૨) :-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૨ અન્વયે તાકીદની જાહેર અગત્યની બાબત પર ટૂંક સમયની ચર્ચા ઉપસ્થિત કરવા માટે રાજ્યમાં ફેલાયેલા "સ્વાઈનફ્લુથી થતા માનવ મોત" બાબતે સૂચના મળી હતી. જે નામંજૂર કરવામાં આવી હતી.

૧૫ ધ્યાન દોરતી સૂચના (નિયિમ-૧૧૬) :-

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૧૬ હેઠળ તાકીદની જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીનું ધ્યાન દોરવા અંગેની કુલ- ૧૧૪ સૂચનાઓ મળી હતી. તેમાંથી ૩૭ (એકત્રીત કરતા -૯) સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી અને નિયમ-૬૨(૧) મુજબ ૧૧ સૂચનાઓ રદ કરવામાં આવી હતી. તેમજ ૭૭ સૂચનાઓ નામંજૂર કરવામાં આવી હતી.જ્યારે ૧ સૂચનાના પ્રભારી સભ્યશ્રીઓ સભાગૃહની બેઠકમાં ગેરહાજર રહેતા નિવેદન થયું ન હતું.તેમજ ૧ સૂચનાના પ્રભારી સભ્યશ્રીએ સૂચના રજૂ ન કરતા નિવેદન થયું ન હતું (પત્રક ક્રમાંક :-૧૬)

૧૬ સરકારી સંકલ્પ (નિયમ-૧૨૦)

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ -૧૨૦ અન્વયે" ઘરે ઘરે શૌચાલયની સુવિધા પૂરી પાડવા અંગે" ના સરકારી સંકલ્પની એક સૂચના મળી હતી જે દાખલ કરવામાં આવી હતી જેના પર મંગળવાર, તા. ૩૧મી માર્ચ, ૨૦૧૫ના રોજ ગૃહમાં ચર્ચા થઈ હતી. ચર્ચાને અંતે સંકલ્પનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો હતો.

૧૭ . નિયમ- ૪૪ હેઠળ જાહેર અગત્યની બાબતો પર મંત્રીશ્રીઓનાં નિવેદન :-

**ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૪૪ હેઠળ જાહેર અગત્યની બાબત પર જુદા જુદા વિષયને લગતા ૬ નિવેદનો સંબંધિત મંત્રીશ્રીઓ ધ્વારા કરવામાં આવ્યા હતા. (પત્રક ક્રમાંક:-૧૭)**

**૧૮ <u>બિન–સરકારી વિધેયકો</u> :–**

**૧. <u>દાખલ કરવામાં આવેલા બિન–સરકારી વિધેયકો</u>**

સત્ર દરમિયાન ૧ બિન–સરકારી વિધેયક દાખલ કરવામાં આવ્યું હતું.

**( પત્રક ક્રમાંક – ૧૮)**

**<u>દાખલ કરવામાં આવેલ બિન–સરકારી વિધેયકોનું વર્ગીકરણ</u> :–**

૧. ગુજરાત રાજયના અમલી કાયદાને સુધારતું વિધેયક .......... ૦૦

૨. નવું વિધેયક .......... ૦૧

**<u>બિન–સરકારી વિધેયક્નું વિષયવાર વર્ગીકરણ</u>:–**

૧. જાહેર સેવાને લગતા વિધેયક .......... ૦૧

૨. શિક્ષણને લગતા વિધેયક ...........૦૦

૩. અન્ય વિધેયક ...........૦૦

**૨. <u>પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બિન–સરકારી વિધેયકો</u>**

અગાઉના સત્રના બાકી **રહેલા** ૮ અને ચાલુ સત્રમાં દાખલ કરવામાં આવેલ ૧ એમ કુલ–૯ બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના હતા. જે માટે તા.૨૬/૨/૨૦૧૫, ૧૨/૩/૨૦૧૫ અને ૨૬/૩/૨૦૧૫ એમ ત્રણ દિવસો ફાળવવામાં આવ્યા હતાં. તા.૨૬/૨/૨૦૧૫ના રોજ ચર્ચા માટે હાથ ધરવામાં આવેલ કુલ–૩ બિન–સરકારી વિધેયકો, ચર્ચાના અંતે પ્રભારી સભ્યશ્રીઓએ સભાગૃહની અનુમતિથી પાછાં ખેંચી લીધાં હતાં તથા તા.૧૨/૩/૨૦૧૫ના રોજ ચર્ચા માટે હાથ ધરવામાં આવેલ કુલ–૩ બિન–સરકારી વિધેયકો, ચર્ચાના અંતે સભાગૃહે નામંજૂર કર્યા હતાં. તા.૨૬/૩/૨૦૧૫ ના રોજ બે વિધેયકો પર ચર્ચા હાથ ધરવા દિવસના કામકાજની યાદીમાં બતાવવામાં આવ્યા હતા . એક વિધેયકના પ્રભારી સભ્યની અનુપસ્થિતિને કારણે અને એક વિધેયકના પ્રભારી સભ્ય સભાગૃહમાંથી સસ્પેન્ડ થયેલ હોઈ, હાથ ધરી શકાયા ન હતાં. આમ સત્ર દરમિયાન કુલ–૦૬ બિન–સરકારી વિધેયકો હાથ ધરવામાં આવ્યા હતા. **( પત્રક ક્રમાંક :૧૯)**

સત્રાંતે કુલ–૩ (ત્રણ) બિન–સરકારી વિધેયકો પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટે હાથ ધરવાના બાકી રહયાં હતાં. **( પત્રક ક્રમાંક : ૨૦)**

**૧૯ બિન સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭):**

**બિન સરકારી સંકલ્પોની ચર્ચા માટે તા.૩- ૩ -૨૦૧૫ (બીજી બેઠક) અને તા. ૧૯ -૩-૨૦૧૫ એમ બે દિવસો ફાળવવામાં આવ્યા હતા.**

**તા.૩- ૩ -૨૦૧૫ (બીજી બેઠક)ના પ્રથમ વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરતી કુલ-૯૪ સૂચનાઓ મળી હતી. જે પૈકી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણ સભ્યશ્રીઓએ સંકલ્પની એક-એક સૂચના આપી હતી, જે ત્રણેય સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. ચર્ચાને અંતે પ્રથમ સંકલ્પનો**

**સભાગૃહ ધ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. જયારે બીજા ક્રમના સંકલ્પનો સભાગૃહ ધ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો હતો.**

**તા.૧૯ -૩ -૨૦૧૫ ના રોજ બીજા વારા માટે બિન સરકારી સંકલ્પ રજૂ કરવાની ઇચ્છા વ્યક્ત કરતી કુલ-૧૨૨ સૂચનાઓ મળી હતી, તેમાંથી બેલટમાં અગ્રતા મેળવેલ ત્રણેય સભ્યશ્રીઓએ સંકલ્પની એક - એક સૂચનાઓ આપી હતી, જે ત્રણેય સૂચનાઓ દાખલ કરવામાં આવી હતી. દાખલ થયેલ સંકલ્પો પૈકી પ્રથમ ક્રમનો સંકલ્પ સભાગૃહની અનુમતિથી પાછો ખેંચી લેવામાં આવ્યો હતો જ્યારે બીજા ક્રમના સંકલ્પનો સભાગૃહ ધ્વારા અસ્વીકાર કરવામાં આવ્યો હતો. (પત્રક ક્રમાંક:-૨૧)**

**૨૦ વિશેષાધિકાર ભંગના પ્રશ્નો**

વિશેષાધિકારભંગની બે સૂચનાઓ મળી હતી, બંને સૂચનાઓ માન. અધ્યક્ષશ્રીની વિચારણા હેઠળ છે.

**૨૧ સભાગૃહના અવમાનના કિસ્સાઃ–**

(૧) સભાગૃહની તા. ૦૨/૦૩/૨૦૧૫ની કાર્યવાહી દરમિયાન પ્રશ્નોત્તરી કાળ પૂરો થતાં જ માન. વિરોધપક્ષના નેતાશ્રી તરફથી ગુજરાતમાં દલિત મહિલાની હત્યા સંબંધમાં ગૃહમાં ચર્ચાની માગણી કરવામાં આવતા માન. અધ્યક્ષશ્રીએ તે માટેની પરવાનગી ન આપતા વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યો તેમની જગ્યા ઉપર ઉભા થઈ ગયાં હતા અને સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું. માન. અધ્યક્ષશ્રીએ આ સભ્યોને બેસી જવાની વિનંતી કરવા છતાં વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યોએ તેમનું વિરોધ પ્રદર્શન ચાલુ રાખીને સભાગૃહની વેલમાં ધસી આવી સૂત્રોચ્ચાર કરતાં કરતાં નીચે બેસી ગયા હતા. માન. અધ્યક્ષશ્રીની ગૃહ ચાલવા દેવાની વારંવારની વિનંતી કરવા છતાં વેલમાં ધસી આવેલા સભ્યશ્રીઓએ તેનો અનાદર કરતાં માન. અધ્યક્ષશ્રીએ સભાગૃહની વેલમાં ધસી આવેલા વિરોધપક્ષ (કોંગ્રેસ)ના કુલ–૪૧ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે તેમને મળેલી સત્તાની રૂએ સભાગૃહની કાર્યવાહીમાંથી તે દિવસની ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી સભાગૃહની સેવામાંથી **દૂર** કર્યા હતા.

(૨) તા. ૧૬/૦૩/૧૫ના રોજ પ્રશ્નોત્તરી કાળ દરમિયાન શરૂઆતમાં વિરોધપક્ષ ધ્વારા સૂત્રોચ્ચાર થતાં મુલતવી રહેલ સભાગૃહ બપોરના ૦૧–૦૦ કલાકે પુનઃ શરૂ થતાં માનનીય સભ્યશ્રી શકિતસિંહજી ગોહિલ તરફથી રાજયમાં કમોસમી માવઠાને કારણે બટાકાના પાકને થયેલ નુકસાન સંબંધમાં ગૃહમાં ચર્ચા માટેની માંગણી કરવામાં આવતાં માનનીય અધ્યક્ષશ્રીએ તે માટેની પરવાનગી ન આપતા વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યો તેમની જગ્યા ઉપર ઉભા થઈ ગયાં હતા અને સરકાર વિરૂધ્ધ સૂત્રોચ્ચાર કરવાનું શરૂ કર્યું હતું અને સાથેસાથે તેમની પાસેના પ્લેકાર્ડનું પ્રદર્શન કરવા લાગતા માન. અધ્યક્ષશ્રીએ આ સભ્યોને બેસી જવાની વિનંતી કરી હતી. પરંતુ વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યોએ તેમનું વિરોધ પ્રદર્શન ચાલુ રાખીને સભાગૃહની વેલમાં ધસી આવી સૂત્રોચ્ચાર કરતાં નીચે બેસી ગયા હતા. માન. અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં વેલમાં ધસી આવેલા આ સભ્યશ્રીઓએ વિરોધ પ્રદર્શન ચાલુ રાખતા માન. અધ્યક્ષશ્રીએ સભાગૃહની વેલમાં ધસી આવેલા વિરોધપક્ષ (કોંગ્રેસ)ના કુલ–૩૦ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે તેમને મળેલી સત્તાની રૂએ સભાગૃહની કાર્યવાહીમાંથી **દૂર** સસ્પેન્ડ કર્યા હતા.

(૩) તા.૧૮/૩/૨૦૧૫ના રોજ સભાગૃહની શરૂઆતમાં પ્રશ્નકાળ દરમિયાન તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ–૨ ઉપરના તારાંકિત પ્રશ્ન ક્રમાંક પ્રશ્નની ચર્ચા ઉપસ્થિત કરવાના સમયે સભ્યશ્રી ગ્યાસુદીન શેખ ધ્વારા બેનર પ્રદર્શિત કરી ગૃહની કાર્યવાહીમાં વિક્ષેપ કરવામાં આવતા માન. અધ્યક્ષશ્રીએ તેમને તેમ ન કરવાની વિનંતી કરવા છતાં સભ્યશ્રીએ તેમનું વિરોધ પ્રદર્શન ચાલુ રાખતા માન. અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી ગ્યાસુદીન શેખને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૧ અન્વયે સમગ્ર દિવસ માટે સભાગૃહમાંથી **દૂર** કર્યા હતા.

(૪) તા.૨૩/૩/૧૫ ના રોજ ગૃહમાં માંગણીઓ ઉપરની ચર્ચા દરમિયાન બપોરના ૧૪–૨૫ વાગે અધ્યક્ષશ્રીની ગેલેરીમાંથી શ્રી બાબુભાઈ શંકરદાસ પટેલ નામના એક વયોવૃધ્ધ પ્રેક્ષક તરફથી સભ્યશ્રીઓની બેઠક તરફ એક

પ્રવાહી ભરેલી પોટલી તથા કેટલીક પત્રિકાઓ ફેંકવામાં આવી હતી. આ પોટલી ફેંકનાર પ્રેક્ષકની તરત જ ફરજ પરના સલામતી સ્ટાફ ધ્વારા અટકાયત કરી લેવામાં આવી હતી. આ પ્રેક્ષકને સભાગૃહના અવમાન બદલ સભાગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધીની અટકાયતની સજા કરવા માટે માન. મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો હતો અને માન. અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ મત માટે મૂકતા સભાગૃહે તે પસાર કર્યો હતો. તદ્નુસાર અવમાનકર્તા પ્રેક્ષકને ગૃહની તે દિવસની બેઠક પૂરી થાય ત્યાં સુધીની અટકાયતની સજા કરવામાં આવી હતી અને ગૃહની તે દિવસની બેઠક પૂરી થઈ ગયા પછી અવમાનર્તાને ગૃહના આદેશ મુજબ મુકત કરી દેવામાં આવ્યા હતા.
(૫) તા.૨૬/૦૩/૨૦૧૫ રોજ સભાગૃહની બીજી બેઠકમાં માંગણીઓ ઉપરની ચર્ચા દરમ્યાન માન. વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા સભાગૃહમાં બોલી રહયા હતા તે દરમિયાન તેઓશ્રીને બોલવા માટેનો ૧૦ મિનિટનો સમય આપવામાં આવ્યો હોવા તરફ માન. અધ્યક્ષશ્રીએ તેઓશ્રીનું ધ્યાન દોર્યુ હતુ, ત્યારબાદ માન. વિરોધપક્ષના નેતાશ્રીનો બોલવાનો સમય પૂર્ણ થતા માન. અધ્યક્ષશ્રીએ તેઓશ્રીને બેસી જવા માટે જણાવ્યું હતુ. માન. વિરોધપક્ષના નેતાશ્રીએ તેમનું પ્રવચન ચાલુ રાખતા માન. અધ્યક્ષશ્રીએ તેમને બેસી જવા માટે ફરીથી વિનંતી કરી હતી. જેના વિરોધમાં માન. વિરોધપક્ષના નેતાશ્રી સભાત્યાગ કરી ગયા હતા. બીજી તરફ વિરોધપક્ષના સભ્યો તેમની જગ્યા ઉપર ઉભા થઈ ગયાં હતા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા હતા. આ સાથે કેટલાક સભ્યોએ ઉગ્ર રજૂઆત કરવા લાગતા અને માન. અધ્યક્ષશ્રીની વિનંતીની અવગણના કરતાં માન. અધ્યક્ષશ્રીએ સભાગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચતી હોવાથી આ સભ્યશ્રીઓને સભાગૃહમાંથી બહાર લઈ જવા સાર્જન્ટોને આદેશ કરતા કેટલાક સભ્યશ્રીઓએ સલામતી સ્ટાફ સાથે ઝપાઝપી કરી હતી. તેમને ગૃહની બહાર લઈ જવામાં આવતા હતા તે દરમ્યાન કેટલાક સભ્યો વેલમાં ધસી આવ્યા હતા અને તેમની બેઠક ઉપરની ગાદીઓ છુટ્ટી ફેંકી હતી, ગૃહના માઈકો વાળી દીધા હતા તથા તેમની પાસે રહેલા કાગળો ફાડીને ઉછાળ્યા હતા. માન. અધ્યક્ષશ્રીએ વિધાનસભા ગૃહ ૫–૦૦ વાગ્યા સુધી મુલતવી રાખ્યુ હતુ. ગૃહ ફરી મળતા માન. સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ વિરોધપક્ષ (કોંગ્રેસ)ના સભ્યશ્રીઓ**એ** કરેલ ગૃહના અવમાન બદલ આજની ગૃહની બીજી બેઠકમાં હાજર રહેલ માન. વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા સિવાયના વિરોધપક્ષ (કોંગ્રેસ)ના તમામ સભ્યશ્રીઓને બીજા દિવસ સુધી એટલે કે તા. ૨૭/૩/૨૦૧૫ની ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી સસ્પેન્ડ કરવાનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ પ્રસ્તાવને માન. મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા માન. મંત્રીશ્રી વિજયકુમાર રૂપાણીએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ માન. અધ્યક્ષશ્રીએ આ પ્રસ્તાવ સભાગૃહના મત માટે મુકતા તે બહુમતિથી પસાર થતા વિરોધપક્ષ (કોંગ્રેસ)ના કુલ–૪૨ સભ્યશ્રીઓને ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૫૨ અન્વયે સભાગૃહની કાર્યવાહીમાંથી તા. ૨૭/૩/૨૦૧૫ની ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી સસ્પેન્ડ કર્યા હતા.

## ૨૨ પોઈન્ટ ઓફ ઓર્ડરઃ–

સત્ર દરમ્યાન કુલ ૨૩ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવામાં આવેલ હતા. તે પૈકી ૧૧ માન્ય અને ૧૨ અમાન્ય રહયા હતા. એટલે કે ૪૭.૮૩ ટકા માન્ય અને ૫૨.૧૭ ટકા અમાન્ય રહયા હતા.

## ૨૩ યાદગાર બનાવો

### (૧) ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણીઃ-

**તેરમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્ર દરમ્યાન તા.૨૫-૨-૨૦૧૫ના રોજ માનનીય સભાપતિ સુશ્રી ડૉ. નીમાબેન આચાર્યના અધ્યક્ષપદે મળેલ સભાગૃહની બેઠકમાં માનનીય મંત્રીશ્રી નીતિનભાઇ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે, "આ સભાગૃહના સભ્યશ્રી આત્મારામ પરમારને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે."**

**માનનીય સંસદીય બાબતોના મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આ પ્રસ્તાવને અનુમોદન આપ્યું હતું.**

ત્યાર બાદ કોંગ્રેસ પક્ષના સભ્યશ્રી ડો. તેજશ્રીબેન પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો હતો કે, "આ સભાગૃહના સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે."

આ પ્રસ્તાવને સભ્ય શ્રીમતી કામીનીબા રાઠોડે અનુમોદન આપ્યું હતું.

રજૂ થયેલ પ્રથમ પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવતાં, તે પ્રસ્તાવનો સભાગૃહે સ્વીકાર કર્યો અને માનનીય સભાપતિશ્રીએ સભ્યશ્રી આત્મારામ પરમારને ગૃહના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયેલા જાહેર કર્યા હતા.

(૨) સૂત્રોચ્ચાર, પ્રદર્શન, સસ્પેન્શન અને સભાત્યાગઃ-

ગુજરાત વિધાનસભાની તા.૧૬-૩-૨૦૧૫ ના રોજ મળેલ બેઠકમાં તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન સભ્ય શ્રીમતી કામિનીબા રાઠોડે નીલગાય અને ભૂંડથી ઉભા પાકને થતું નુકશાન અટકાવવા બાબતના તેમના પ્રશ્ન અગ્રતા ક્રમ-૧ ઉપર પૂરક પ્રશ્ન પૂછતી વેળાએ તાજેતરમાં થયેલ કમોસમી વરસાદ અને માવઠાની બાબતને જોડીને પ્રશ્ન પૂછતાં માનનીય અધ્યક્ષશ્રીએ તેમને તેમના લેખિત પ્રશ્નની મર્યાદામાં જ પૂરક પ્રશ્ન પૂછવા જણાવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સભ્યશ્રીએ તે જ પ્રમાણે પૂરક પ્રશ્ન પુછવાનું ચાલુ રાખ્યું અને તેમના સમર્થનમાં માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ તાજેતરમાં થયેલ કમોસમી વરસાદ અને માવઠા અંગે શૂન્ય કાળમાં મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી આપવા વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય મંત્રીશ્રીની પરવાનગી વગર શૂન્ય કાળનો મુદ્દો ઉપસ્થિત કરી શકાતો નથી અને આપણે ત્યાં ઝીરો અવરની પ્રથા નથી તથા આ બાબત અંગે માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતની નિયમ-૧૧૬ હેઠળ નોટિસ દાખલ થઇ ચૂકી છે ત્યારે તે નોટિસ પર ચર્ચા થાય ત્યાં સુધી ધીરજ રાખવા જણાવ્યું હતું.

આમ છતાં, સભ્યો સર્વશ્રી મહેન્દ્રસિંહ બારૈયા, અમિત ચૌધરી, હર્ષદ રીબડીયા, અશ્વિન કોટવાલ, ડો. તેજશ્રીબેન પટેલ, જોઇતાભાઇ પટેલ, બળદેવજી ઠાકોર તથા મહેન્દ્રસિંહ વાઘેલાએ તેમના સ્થાન પરથી સૂત્રો લખેલા પ્લે કાર્ડ દર્શાવ્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રીએ પ્લે કાર્ડ દર્શાવી સૂત્રોચ્ચાર કરી રહેલા અને વેલમાં ધસી આવેલા સભ્યો સર્વશ્રી હર્ષદ રીબડીયા, નિરંજન પટેલ, વજેસિંહ પણદા, મહેન્દ્રસિંહ બારૈયા, અમિત ચૌધરી, ડાં. મિતેષ ગરાસીયા, પુનાભાઇ ગામીત, જોઇતાભાઇ પટેલ, આનંદભાઇ ચૌધરી, કરમશીભાઇ પટેલ, કાંતિભાઇ ખરાડી, સી. કે. રાઉલજી, બાબુભાઇ વાજા, બળદેવજી ઠાકોર, પ્રહલાદભાઇ પટેલ, ગોવાભાઇ રબારી, ભોળાભાઇ ગોહેલ, હીરાભાઇ પટેલ, ડાં. તેજશ્રીબેન પટેલ, બલવંતસિંહ રાજપૂત, રામસિંહ પરમાર, અશ્વિન કોટવાલ, રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા, રાઘવજીભાઇ પટેલ, શ્રીમતી કામિનીબા રાઠોડ, મહેન્દ્રસિંહ વાઘેલા, ડાં. અનિલ જોષીયારા, મહેશકુમાર પટેલ અને ધીરૂભાઇ ભીલ વગેરેને એક દિવસ માટે સસ્પેન્ડ કરી તેમને ગૃહમાંથી બહાર લઇ જવા સાર્જન્ટને આદેશ આપ્યો હતો.

ત્યાર બાદ સભાગૃહમાં ઉપસ્થિત વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી મોહનસિંહ રાઠવા તથા શ્રી શકિતસિંહ ગોહિલ અસંતોષ વ્યકત કરી સભાત્યાગ કરી ગયા હતા.

(૩) સભાગૃહનું અવમાનઃ- તા.૨૩-૩-૨૦૧૫ ના રોજ મળેલ ગૃહની બેઠકમાં માંગણીઓ પરની ચર્ચા દરમિયાન પ્રેક્ષક દીર્ધામાંથી એક વ્યકિતએ કંઇક પ્રવાહી ભરેલી પ્લાસ્ટિકની કોથળી તથા પત્રિકા સભાગૃહ

તરફ ફેંકી હતી. સલામતી દળના સભ્યોએ તાત્કાલિક તેની ધરપકડ કરીને તેને પ્રેક્ષક દીર્ઘામાંથી દુર કર્યો હતો.

ત્યાર બાદ મુખ્ય દંડક શ્રી પંકજભાઇ દેસાઇએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "જે વ્યકિતએ આજે સભાગૃહની અંદર પ્રવાહી ભરેલી પ્લાસ્ટિકની કોથળી તથા પત્રિકા ફેંકી છે, તેણે આ સભાગૃહનું અવમાન કરેલ છે. આથી આ વ્યકિતને આજે ગૃહની બેઠક પુરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવામાં આવે. "

પ્રશ્ન મત માટે મૂકી મંજૂર કરવામાં આવ્યો.

(૪) સભાત્યાગ, સૂત્રોચ્ચાર, સસ્પેન્શન અને તોફાની દૃશ્યોઃ-

તા.૨૬-૩-૨૦૧૫ ના રોજ મળેલ સભાગૃહની બેઠકમાં માંગણીઓ પરની ચર્ચા સમયે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તેમનું પ્રવચન કરી રહયા હતા ત્યારે માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તેમને તેમના બાકી રહેલ સમયની જાણકારી આપી ત્યારે સમય અપૂરતો છે તેમ જણાવી અસંતોષ વ્યકત કરી તેઓ સભાત્યાગ કરી ગયા હતા.

ત્યાર બાદ કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યો તેમના સ્થાન પરથી ઉભા થઇ વેલમાં આવીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. અને કેટલાક સભ્યો ધ્વારા કાગળોના ડૂચા, પ્રશ્નોત્તરીની બૂકો તથા ખુરશી પરની ગાદી વગેરે વેલ તરફ અને અધ્યક્ષશ્રીના સ્થાન તરફ ફેંકવામાં આવ્યા.

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા અને સૂત્રોચ્ચાર કરી રહેલા તમામ સભ્યોને તેમનું સ્થાન લેવા અને સૂત્રોચ્ચાર બંધ કરવા વારંવાર સૂચના આપી. આમ છતાં સભ્યશ્રીઓએ વેલમાં તથા પોતાના સ્થાને ઉભા ઉભા સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું હતું. આથી માનનીય ઉપાધ્યક્ષશ્રીએ કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યોને એક દિવસ માટે સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી અને સાર્જન્ટને આદેશ કર્યો કે સસ્પેન્ડ કરવામાં આવેલા તમામ સભ્યોને સન્માનપૂર્વક ગૃહની બહાર લઇ જવામાં આવે.

માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશ અનુસાર સસ્પેન્ડ કરવામાં આવેલા સભ્યોને સાર્જન્ટ ધ્વારા ગૃહની બહાર લઇ જવાતા હતા તે સમયે સભ્યો ધ્વારા કાગળો ફાડીને ઉડાડવામાં આવ્યા, ગાદીઓ ફેંકવામાં આવી, અને અધ્યક્ષશ્રીની ચેર તરફ પણ કાગળો અને પ્રશ્નોત્તરીની બુક તથા હેડ ફોન વગેરે ફેંકવામાં આવ્યા. કેટલાક સભ્યોએ સાર્જન્ટ સાથે પણ ઝપાઝપી કરી હતી.

૨૪ નાણાકીય સમિતિઓ, ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ , ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ તેમજ કચ્છ યુનિવર્સિટીની સેનેટ ઉપર સભ્યોની ચૂંટણી

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૨૪/૦૩/૨૦૧૫ના રોજ ગુજરાત વિધાનસભાની સન ૨૦૧૫-૧૬ના વર્ષ માટેની અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર ૧૫-૧૫ સભ્યોની તેમજ ગુજરાત રાજ્ય પંચાયત પરિષદ ઉપર એક, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ત્રણ સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર એક અને કચ્છ યુનિવર્સિટીની સેનેટ ઉપર એક એમ ખાલી પડેલ ઉકત જગ્યાઓ ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિઓની ચૂંટણી કરવા સંયુક્ત ચૂંટણી કાર્યક્રમની સભાગૃહમાં જાહેરાત કરી હતી.

## ૨૫ સમિતિની બેઠકોઃ–

| સમિતિનું નામ | | બેઠકોની તારીખ |
|---|---|---|
| ૧ | કામકાજ સલાહકાર સમિતિ | (૧) ૨૨/૨/૨૦૧૫<br>(૨) ૨૩/૩/૨૦૧૫ |
| ૨ | બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | (૧) ૨૩/૨/૨૦૧૫<br>(૨) ૨૭/૨/૨૦૧૫<br>(૩) ૧૦/૩/૨૦૧૫<br>(૪) ૧૭/૩/૨૦૧૫<br>(૫) ૨૪/૩/૨૦૧૫ |
| ૩ | જાહેર હિસાબ સમિતિ | ૧૬/૩/૨૦૧૫ |
| ૪ | જાહેર સાહસો માટેની સમિતિ | ૨૦ /૩/૨૦૧૫ |
| ૫ | અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | (૧) ૨૬/૨/૨૦૧૫<br>(૨) ૩૦/૩/૨૦૧૫ |
| ૬ | પંચાયતી રાજ સમિતિ | ૨૭/૩ /૨૦૧૫ |
| ૭ | સભ્યોના ભથ્થા અંગેના નિયમો માટેની સમિતિ | ૧૨/૩/૨૦૧૫ |
| ૮ | સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ૨૭/૨/૨૦૧૫ |
| ૯ | સદસ્ય નિવાસ સમિતિ | ૨૫/૦૩/૨૦૧૫ |

## ૨૬ સભાગૃહમાં રજૂ થયેલા/ચર્ચાયેલા ગૃહની સમિતિના અહેવાલોઃ–

| સમિતિ | અહેવાલ | અહેવાલ રજૂ થયા તારીખ | ચર્ચાયા તારીખ |
|---|---|---|---|
| (૧) કામકાજ સલાહકાર સમિતિ | સાતમો અહેવાલ | ૨૩/૨/૨૦૧૫ | ૨૩/૨/૨૦૧૫ |
| | આઠમો અહેવાલ | ૨૪/૩/૨૦૧૫ | ૨૪/૩/૨૦૧૫ |
| (૨) બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિ | છઠ્ઠો અહેવાલ | ૨૪/૨/૨૦૧૫ | ૨૪/૨/૨૦૧૫ |
| | સાતમો અહેવાલ | ૨/૩/૨૦૧૫ | ૨/૩/૨૦૧૫ |
| | આઠમો અહેવાલ | ૧૧/૩/૨૦૧૫ | ૧૧/૩/૨૦૧૫ |
| | નવમો અહેવાલ | ૧૮/૩/૨૦૧૫ | ૧૮/૩/૨૦૧૫ |
| | દસમો અહેવાલ | ૨૫/૩/૨૦૧૫ | ૨૫/૩/૨૦૧૫ |
| (૩) જાહેર હિસાબ સમિતિ | બીજો અહેવાલ | ૧૯-૩-૨૦૧૫ | - |
| (૪) અંદાજ સમિતિ | બીજો અહેવાલ | ૧૯-૩-૨૦૧૫ | - |
| | ત્રીજો અહેવાલ | "-" | - |
| | ચોથો અહેવાલ | "-" | - |
| | પાંચમો અહેવાલ | "-" | - |
| | છઠ્ઠો અહેવાલ | ૨૭/૩/૨૦૧૫ | - |

| | | | |
|---|---|---|---|
| (૫) પંચાયતી રાજ સમિતિ | પહેલો અહેવાલ | ૩૦/૦૩/૨૦૧૫ | - |
| | બીજો અહેવાલ | | - |
| | ત્રીજો અહેવાલ | | - |
| (૬) સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિ | ત્રીજો અહેવાલ | ૩/૩/૨૦૧૫ | ૩/૩/૨૦૧૫ |
| (૭)અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ | પહેલો અહેવાલ | ૧૯/૩/૨૦૧૫ | - |
| | બીજો અહેવાલ | ૩૧/૩/૨૦૧૫ | - |
| (૮) જાહેર સાહસો માટેની સમિતિ | ત્રીજો અહેવાલ | ૨૪ /૩ /૨૦૧૫ | - |

૨૭ **વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો (અધિસૂચનાઓ / અહેવાલો સિવાય)**

| અ. નં. | વિગત | મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|
| ૧ | સ્થાનિક ભંડોળ, હિસાબ નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનો નગરપાલિકાઓના હિસાબો પરનો ઓડિટ અહેવાલ અને આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૫/૦૩/૨૦૧૫ |
| ૨ | સ્થાનિક ભંડોળ, હિસાબ નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૧-૨૦૧૨ના વર્ષનો જિલ્લા/તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ. | ૩૦/૦૩/૨૦૧૫ |
| ૩ | સ્થાનિક ભંડોળ, હિસાબ નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૦-૨૦૧૧ના વર્ષનો ગ્રામપંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ અને આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન. | ૩૦/૦૩/૨૦૧૫ |
| ૪. | ગુજરાત સરકારના સન ૨૦૧૩-૧૪ના વર્ષના નાણાકીય હિસાબો (ભાગ-૧ અને ભાગ-૨ ) (અંગ્રેજી તથા ગુજરાતી ) | ૩૧/૦૩/૨૦૧૫ |
| ૫. | ગુજરાત સરકારના સન.૨૦૧૩-૧૪ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી ) | --"-- |
| ૬. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલનો સન ૨૦૧૩-૧૪ના વર્ષનો ઓડીટ અહેવાલ (રાજ્યની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી) | --"-- |
| ૭. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલના સન ૨૦૧૩-૧૪ના વર્ષનો ઑડીટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી) | --"-- |
| ૮. | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલના સન ૨૦૧૩-૧૪ના વર્ષનો ઑડીટ અહેવાલ (જાહેર સાહસો ) ( અંગ્રેજી તથા ગુજરાતી ) | --"-- |
| ૯ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલના સન ૨૦૧૩-૧૪ના વર્ષનો ઑડીટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર ) ( અંગ્રેજી તથા ગુજરાતી ) | --"-- |

| | | |
|---|---|---|
| ૧૦ | ભારતના કોમ્પ્ટ્રોલર અને ઑડિટર જનરલના સન ૨૦૧૩-૧૪ના વર્ષનો ઑડીટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી) | --"-- |

## ૨૮ વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો :

ભારતના બંધારણ અને પ્રવર્તમાન કાયદાની જોગવાઈઓ અન્વયે સરકારી કંપની, બોર્ડ/ કોર્પોરેશનના કુલ ૭૦ અહેવાલો તથા ૩૦ સરકારી અધિસૂચનાઓ સત્ર દરમિયાન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી હતી.. **(પત્રક ક્રમાંક:-૨૨)**

## ૨૯ વિધાનસભામાં પક્ષવાર પરિસ્થિતિઃ–

તેરમી ગુજરાત વિધાનસભાના સભ્યોની તા.૩૧/૩/ **૨૦૧૫**ની સ્થિતિએ પક્ષવાર પરિસ્થિતિ નીચે મુજબ છે.

| અ.નં | પક્ષનું નામ | સભ્ય સંખ્યા |
|---|---|---|
| ૧ | ભારતીય જનતા પક્ષ | ૧૨૦ |
| ૨ | ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ | ૫૮ |
| ૩ | રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી | ૦૨ |
| ૪ | જનતા દળ (યુનાઈટેડ) | ૦૧ |
| ૫ | અપક્ષ | ૦૧ |
| | **કુલ** | **૧૮૨** |

## ૩૦ ખરેખર થયેલ કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી :–

સત્ર દરમિયાન ખરેખર **થયેલ** કામકાજ પ્રમાણે સભાઓની તારીખવાર યાદી **પત્રક ક્રમાંક : ૨૩** માં આપવામાં આવી છે.

## ૩૧ રોજેરોજના કામકાજનો સારાંશ

સત્ર દરમિયાન વિધાનસભાએ કરેલા રોજેરોજના કામકાજનો સારાંશ **(પત્રક ક્રમાંકઃ–૨૪)**માં દર્શાવેલ છે.

## ૩૨ વિધાનસભાની ચર્ચામાં જુદા જુદા સભ્યોનો ફાળો

સત્ર દરમિયાન સભ્યશ્રીઓએ જુદા જુદા કામકાજની ચર્ચામાં કેટલી વખત ભાગ લીધો તે અંગેની વિગતો **(પત્રક ક્રમાંકઃ– ૨૫)**માં દર્શાવવામાં આવી છે.

## ૩૩ શોક દર્શક ઉલ્લેખ :–

**સત્ર દરમિયાન કુલ-૯ (નવ) મહાનુભાવોના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા. (પત્રક ક્રમાંકઃ–૨૬)**

## ૩૪ . સભાત્યાગ:–

૧. તા.૨૩–૨–૨૦૧૫

તા.૨૩–૨–૨૦૧૫ના રોજ "રાજયમાં પ્રસરેલ સ્વાઈન **ફ્લુ**ના રોગ" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબતના નિવેદન ઉપરથી ઉપસ્થિત થયેલ પ્રશ્નોના અપાયેલ જવાબો અંગે, માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ આપેલા જવાબો રાજકીય રીતે આપવામાં આવ્યા છે તેમ જણાવી માનનીય મંત્રીશ્રીના જવાબ અંગે અસંતોષ વ્યકત કરી અમે વોકઆઉટ કરીએ છીએ તેમ જણાવ્યું.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

૨. તા.૨૪–૨–૨૦૧૫

તા.૨૪–૨–૨૦૧૫ના રોજ અગ્રતાક્રમ–૭ પરના પ્રશ્નનો માનનીય પશુપાલન મંત્રીશ્રી ધ્વારા અપાઈ રહેલ જવાબ બાબતે માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે મંત્રીશ્રી ધ્વારા ખૂબ લંબાણથી જવાબ આપવામાં આવે છે તેમ જણાવી રજૂઆત કરી. માનનીય અધ્યક્ષશ્રીએ પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી ધ્વારા માગેલ માહિતી અંગે જવાબ હોઈ જવાબ પૂરો કરવા દેવાનું જણાવી મંત્રીશ્રીને તેમનો જવાબ ટૂંકમાં આપવાની સૂચના આપી. ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ અગ્રતાક્રમ–૮ પરનો પ્રશ્ન ચર્ચામાં ન આવે તે માટે મંત્રીશ્રી ખૂબ લાંબો જવાબ આપી રહયાં છે તેથી અમે આ પ્રશ્ન**કાળ** માં અમે સભાત્યાગ કરીએ છીએ તેમ જણાવ્યું.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૩ તા.૨૫–૨–૨૦૧૫

તા.૨૫–૨–૨૦૧૫ના રોજ મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયકની ચર્ચા બાદ, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી વિધેયક પરની ચર્ચાનો જવાબ આપી રહયાં હતા ત્યારે સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે બિલની કેટલીક જોગવાઈઓ અંગે માનનીય મંત્રીશ્રીના જવાબથી અસંતોષ વ્યકત કરતાં, માનનીય ઉપાધ્યક્ષશ્રીએ આ જોગવાઈથી કોર્ટમાં જવાના અને કેસ કરવાના શ્રમિકોના કોઈ અધિકારો સરકાર પાછા લેતી નથી તેમ જણાવ્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૪. તા.૨–૩–૨૦૧૫

તા.૨–૩–૨૦૧૫ના રોજ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ તાજેતરમાં એક મહિલાની થયેલી હત્યા અંગે ઝીરો અવરના મુદૃા તરીકે મુદૃો ઉઠાવવા પરવાનગી આપવા સતત આગ્રહ કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ ઝીરો અવર્સની આપણે ત્યાં કોઈ પ્રથા ન હોઈ તેમજ આપણી પ્રણાલી અનુસાર માનનીય મંત્રીશ્રીએ પરવાનગી પણ આપેલ ન હોઈ મુદૃો ઉઠાવવા દેવા પરવાનગી આપી શકાય નહીં તેમ જણાવ્યું. આમ છતાં કોંગ્રેસ પક્ષના મોટા ભાગના સભ્યો તબકકાવાર વેલમાં ધસી આવી સૂત્રોચ્ચાર કરવા લાગ્યા અને કેટલાક સભ્યો ધ્વારા કાગળો ફાડીને ઉડાડવામાં આવતાં, માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર વેલમાં આવેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને સાર્જન્ટ ધ્વારા બહાર લઈ જવામાં આવ્યા અને માનનીય અધ્યક્ષશ્રીએ તેમને નિયમ–૫૧ હેઠળ આજના દિવસ માટે સસ્પેન્ડ કર્યા.

આ તબકકે વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી શકિતસિંહ ગોહિલ, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી બલવંતસિંહ રાજપૂત, શ્રી રાઘવજીભાઈ પટેલ તથા શ્રી રામસિંહ પરમાર સભાત્યાગ કરી ગયા.

૫ તા.૧૨–૩–૨૦૧૫

તા.૧૨–૩–૨૦૧૫ના રોજ સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક ૧૨ ઉપરની ચર્ચાનો વિધેયકના પ્રભારી સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે જવાબ આપ્યા બાદ, પ્રસ્તાવ મત માટે મૂકવાના તબકકે શ્રમ અને રોજગાર મંત્રીશ્રીના જવાબથી અસંતોષ વ્યકત કરી કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કરેલ હતો.

૬. તા.૧૬–૩–૨૦૧૫

તા.૧૬–૩–૨૦૧૫ના રોજ કોંગ્રેસ પક્ષના દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે પુનઃ કમોસમી વરસાદ અને માવઠા અંગે ચર્ચા કરવા દેવા વિનંતી કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબત પર નિયમ–૧૧૬ની નોટિસ દાખલ થઈ ચૂકી હોવાથી તે બાબત ચર્ચા પર આવે તે અગાઉ તેના અંગે ચર્ચા કરી શકાતી નથી તેમ જણાવ્યું. આમ છતાં કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત મોટા ભાગના સભ્યો આ મુદૃે ચર્ચાનો આગ્રહ રાખી પ્લેકાર્ડ દર્શાવીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા. માનનીય અધ્યક્ષશ્રીએ શાંતિ રાખવા તથા પ્રદર્શન ન કરવાની વારંવાર વિનંતી કરવા છતાં, અધ્યક્ષશ્રીની સૂચનાને અવગણીને તેમણે પ્રદર્શન ચાલુ રાખી વેલમાં આવી જતાં, માનનીય અધ્યક્ષશ્રીએ પ્લેકાર્ડ દર્શાવી રહેલા અને વેલમાં ધસી આવેલા સભ્યોને આજના દિવસ માટે સસ્પેન્ડ કરી તેમને ગૃહમાંથી બહાર લઈ જવા સાર્જન્ટને આદેશ આપ્યો.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી મોહનસિંહ રાઠવા તથા શ્રી શકિતસિંહ ગોહિલ અસંતોષ વ્યકત કરી સભાત્યાગ કરી ગયા.

૭. ૧૮–૪–૨૦૧૫

તા.૧૮–૪–૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન, અગ્રતાક્રમ–૩ પરના પ્રશ્નની ચર્ચા ચાલી રહી હતી ત્યારે સભ્યશ્રી બાબુભાઈ વાજાએ અગ્રતાક્રમ–૨ પરનો પ્રશ્ન પૂછવા દેવા રજૂઆત કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, તેમણે ત્રણ વખત પ્રશ્ન કોલઆઉટ કર્યો છતાં સભ્યશ્રી પ્રશ્ન પૂછવા ઉભા થયા ન હતા એમ જણાવી હવે જયારે અગ્રતાક્રમ–૩ પરના પ્રશ્નની ચર્ચા ચાલી રહી છે ત્યારે તે પ્રશ્ન હાથ પર લઈ શકાય નહીં. આમ છતાં સભ્યશ્રી રજૂઆત કરતાં કરતાં વેલમાં આવી ગયા અને માનનીય અધ્યક્ષશ્રીની સૂચના બાદ તેઓ તેમના સ્થાન તરફ પરત ગયા. ત્યારબાદ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ આ અંગે અસંતોષ વ્યકત કરીને પ્રશ્ન કાળનો અમે બહિષ્કાર કરીએ છીએ તેમ જણાવ્યું.

આ તબકકે માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.

૮. ૧૯–૩–૨૦૧૫

તા.૧૯–૩–૨૦૧૫ના રોજ માગણીઓ પરની ચર્ચાનો માનનીય મંત્રીશ્રીએ જવાબ આપવાનો શરૂ કર્યો તે તબકકે વિરોધ પક્ષના દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે ચર્ચા માટે સમય વધારવા વિનંતી કરી, જેનો અસ્વીકાર થયો.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા.

૯. તા.૨૬–૩–૨૦૧૫ (બીજી બેઠક)

તા.૨૬–૩–૨૦૧૫ના રોજની બીજી બેઠકમાં માગણીઓ પરની ચર્ચામાં માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી વકતવ્ય કરી રહયા હતા ત્યારે માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તેમને તેમના બાકી રહેલ સમયની જાણકારી આપી ત્યારે સમય અપૂરતો છે તેમ જણાવી અસંતોષ વ્યકત કરી તેઓ સભાત્યાગ કરી ગયા.

૧૦. તા.૩૦–૩–૨૦૧૫

તા.૩૦–૩–૨૦૧૫ના રોજ વિરામ બાદ, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે તા.૨૬–૩–૨૦૧૫ના રોજ બીજી બેઠક દરમ્યાન બનેલી ઘટના સંબંધમાં અધ્યક્ષ સ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રી ધ્વારા આપવામાં આવેલા આદેશો સંદર્ભે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી આ અંગે વિસ્તૃત રજૂઆત કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ મુદ્દો બે ચાર લીટીમાં કહી દેવો જોઈએ અને દસ મિનિટ સુધી ચલાવવો ન જોઈએ તેમ જણાવી ૨૬ તારીખના બનાવ અંગે મેં ૨૭ તારીખે રૂલિંગ આપી દીધું છે અને જયારે ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને બેઠા હોય ત્યારે તેમને અધ્યક્ષના બધા જ અધિકારો મળે છે, તેથી તેમની ટીકા તેમજ તેમના રૂલિંગની ચર્ચા કરી શકાતી નથી તેમ જણાવ્યું.

આ તબકકે સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.

૧૧. તા.૩૧–૩–૨૦૧૫ (પહેલી બેઠક)

તા.૩૧–૩–૨૦૧૫ના રોજ પહેલી બેઠકમાં ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયકના પહેલા વાંચનનો પ્રસ્તાવ મત પર મૂકવાના તબકકે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ આ વિધેયક રાજયની પ્રજાના હિતમાં નથી તેથી અમે મતદાનમાં ભાગ લઈ શકીએ તેમ નથી તેમ જણાવ્યું.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા.

## ૩૫ . વિધાનસભાની કાર્યવાહી જોવા આવેલ પ્રેક્ષકો :–

| ક્રમ | વિગત | પ્રેક્ષકોની સંખ્યા |
|---|---|---|
| ૧ | રાજયપાલ ગેલેરી | -- |

| | | |
|---|---|---|
| ૨ | અધ્યક્ષ ગેલેરી | ૪૨૨૬ |
| ૩ | અતિથિ વિશેષ ગેલેરી | ૧૭૮૮ |
| ૪ | પ્રેક્ષક ગેલેરી | ૧૮૧૪ |
| ૫ | શૈક્ષણિક તેમજ સામાજિક સંસ્થાઓમાંથી આવેલ મુલાકાતીઓ (કુલ-૨૩૪ ગ્રુપ પાસ) | ૨૧૪૧૧ |
| | કુલઃ | **૨૯૨૩૯** |

**પત્રક ક્રમાંક :–૧**

**(જુઓ ફકરા ક્રમાંક :–૧)**

સત્રમાં થયેલ જુદા જુદા કામકાજે લીધેલો સમય અને ટકાવારી

| **ક્રમ** | **કામકાજનો વિષય** | **કલાક** | **મિનિટ** | **ટકાવારી** |
|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) |
| ૧. | પ્રશ્નોત્તરી | ૨૩ | ૧૦ | **૨૦.૧૦** |
| ૨. | વિધેયકો | | | |
| | (અ) સરકારી વિધેયકો | ૧૮ | ૧૪ | **૧૫.૮૨** |
| | (બ) બિન સરકારી વિધેયકો | ૩ | ૩૮ | **૩.૧૫** |
| ૩. | અંદાજપત્ર પર ચર્ચા | ૪૪ | ૧૪ | **૩૮.૩૯** |
| ૪. | પ્રસ્તાવો | | | |
| | (અ) સભા–મોકૂફીના પ્રસ્તાવો | – | – | – |
| | (બ) મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવો | – | – | – |
| | (ક) બીજા પ્રસ્તાવો– સરકારી, બિન સરકારી તેમજ બીજા પ્રસ્તાવો સહિત | ૦ | ૫૮ | **૦.૮૪** |
| ૫. | રાજયપાલશ્રીના સંબોધન ઉપરના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | ૯ | ૨૨ | **૮.૧૩** |
| ૬. | સંકલ્પો | | | |
| | (અ) સરકારી સંકલ્પો | ૦ | ૫૨ | **૦.૭૫** |
| | (બ) બિન સરકારી સંકલ્પો | ૩ | ૪૩ | **૩.૨૩** |
| ૭. | વૈધાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | – | – | **–** |
| ૮. | વિધાનસભાની સમિતિઓના અહેવાલો અને બીજા અહેવાલો પર ચર્ચા | ૦ | ૪૦ | **૦.૫૮** |
| ૯. | અન્ય બાબતો | ૧૦ | ૨૩ | **૯.૦૧** |
| | કુલ ...... | ૧૧૫ | ૧૪ | **૧૦૦** |

**પત્રક ક્રમાંક :–૨**

**(જુઓ ફકરા ક્રમાંક :–૨)**

સત્ર દરમિયાન સભાગૃહની બેઠકોની તારીખ અને સમય

| **કામકાજના દિવસો ૨૫** | | | | **સભાગૃહની બેઠકો ૨૯** | | |
|---|---|---|---|---|---|---|
| | | | બેઠકનો સમયગાળો | | | |
| ક્રમાંક | વાર | તારીખ | બેઠક શરૂ થવાનો સમય **ક.મિ.** | બેઠક પૂરી થવાનો સમય **ક.મિ.** | રિશેષ/ મુલતવી | **બેઠકનો ખરેખર સમય ક. મિ.** |
| ૧ | સોમવાર | ૨૩–૨–૨૦૧૫ | ૧૨.૩૧ | ૩.૪૯ | ૦.૪૫ | **૨.૩૩** |
| ૨ | મંગળવાર | ૨૪–૨–૨૦૧૫ | ૧૨.૦૦ | ૨.૩૨ | – | **૨.૩૨** |
| ૩ | બુધવાર | ૨૫–૨–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૨૪ | ૦.૪૫ | **૪.૩૯** |
| ૪ | ગુરૂવાર | ૨૬–૨–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૦૨ | ૦.૪૮ | **૪.૧૪** |
| ૫ | શુક્રવાર | ૨૭–૨–૨૦૧૫ | ૮.૩૦ | ૧.૦૦ | ૦.૩૦ | **૪.૦૦** |
| ૬ | સોમવાર | ૨–૩ –૨૦૧૫ | ૧૨.૦૦ | ૪.૨૮ | ૦.૪૫ | **૩.૪૩** |
| ૭ | મંગળવાર | ૩–૩–૨૦૧૫ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૫૩ | ૦.૩૦ | **૩.૫૩** |
| ૮ | " | ૩–૩–૨૦૧૫ (બીજી બેઠક) | ૨.૩૦ | ૬.૫૮ | ૦.૩૪ | **૩.૫૪** |
| ૯ | બુધવાર | ૪–૩–૨૦૧૫ | ૮.૩૦ | ૧૧.૫૯ | ૦.૩૦ | **૨.૫૯** |
| ૧૦ | સોમવાર | ૯–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૧૪ | ૦.૪૫ | **૪.૨૯** |
| ૧૧ | મંગળવાર | ૧૦–૩–૨૦૧૫ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧૨.૫૯ | ૦.૩૦ | **૩.૫૯** |
| ૧૨ | " | ૧૦–૩–૨૦૧૫ (બીજી બેઠક) | ૨.૩૦ | ૭.૦૦ | ૦.૩૦ | **૪.૦૦** |
| ૧૩ | બુધવાર | ૧૧–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૧૬ | ૦.૪૫ | **૪.૩૧** |
| ૧૪ | ગુરૂવાર | ૧૨–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૦૫ | ૦.૪૭ | **૪.૧૮** |
| ૧૫ | શુક્રવાર | ૧૩–૩–૨૦૧૫ | ૮.૩૦ | ૧.૦૩ | ૦.૩૦ | **૪.૦૩** |
| ૧૬ | સોમવાર | ૧૬–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૧૩ | રીશેષ: ૦.૪૫ **મુલતવી: ૦.૫૦** | ૩.૩૮ |
| ૧૭ | મંગળવાર | ૧૭–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૨૦ | ૦.૪૫ | **૪.૩૫** |
| ૧૮ | બુધવાર | ૧૮–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૨૧ | ૦.૪૫ | **૪.૩૬** |
| ૧૯ | ગુરૂવાર | ૧૯–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૦૧ | ૦.૪૬ | **૪.૧૫** |
| ૨૦ | શુક્રવાર | ૨૦–૩–૨૦૧૫ | ૮.૩૦ | ૧.૦૯ | ૦.૩૦ | **૪.૦૯** |
| ૨૧ | સોમવાર | ૨૩–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૧૩ | ૦.૪૫ | **૪.૨૮** |
| ૨૨ | મંગળવાર | ૨૪–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૨૦ | ૦.૪૫ | **૪.૩૫** |
| ૨૩ | બુધવાર | ૨૫–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૨૧ | ૦.૪૬ | **૪.૩૫** |
| ૨૪ | ગુરૂવાર | ૨૬–૩–૨૦૧૫ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૪૬ | ૦.૩૦ | **૪.૪૬** |
| ૨૫ | " | ૨૬–૩–૨૦૧૫ | ૩.૦૦ | ૫.૧૪ | **મુલતવી: ૦.૧૧** | **૨.૦૩** |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | (બીજી બેઠક) | | | | |
| ૨૬ | શુક્રવાર | ૨૭–૩–૨૦૧૫ | ૮.૩૦ | ૧૧.૫૮ | ૦.૩૦ | **૨.૫૮** |
| ૨૭ | સોમવાર | ૩૦–૩–૨૦૧૫ | ૧૨.૦૦ | ૫.૧૧ | ૦.૪૫ | **૪.૨૬** |
| ૨૮ | મંગળવાર | ૩૧–૩–૨૦૧૫ (પહેલી બેઠક) | ૮.૩૦ | ૧.૪૨ | ૦.૩૦ | **૪.૪૨** |
| ૨૯ | " | ૩૧–૩–૨૦૧૫ (બીજી બેઠક) | ૩.૦૦ | ૭.૧૧ | ૦.૩૦ | **૩.૪૧** |
| | | કુલ **કલાક** | – | | **મુલતવી ૧.૦૧** | **૧૧૫.૧૪** |

**પત્રક ક્રમાંક :–૩**

**(જુઓ ફકરા ક્રમાંક : ૩ )**

**સભ્યશ્રીઓએ વ્યકિતગત રીતે આપેલ હાજરી**

**(માનનીય અધ્યક્ષશ્રી, ઉપાધ્યક્ષશ્રી , મંત્રીશ્રીઓ, વિરોધપક્ષના નેતાશ્રી , મુખ્ય દંડકશ્રી ,નાયબ મુખ્ય દંડક શ્રી, દંડકશ્રી અને સંસદીય સચિવશ્રી સિવાય)**

| અ.નં | સભ્યશ્રીનું નામ | હાજરી | ગેર હાજરી | કુલ | રિમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહજી ગોહિલ | ૨૫ | ૪ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૨ | શ્રી તારાચંદ જગશી છેડા, મંત્રીશ્રી | – | – | – | |
| ૩ | ડો.નીમાબેન આચાર્ય | ૨૪ | ૫ | ૨૯ | |
| ૪ | શ્રી વાસણભાઈ ગોપાલભાઈ આહિર, સંસદીય સચિવ | – | – | – | |
| ૫ | શ્રી રમેશ વચ્છરાજ મહેશ્વરી | ૨૬ | ૩ | ૨૯ | |
| ૬ | શ્રી પંકજ ભાઈ અનોપચંદ મહેતા | ૨૩ | ૬ | ૨૯ | |
| ૭ | શ્રી શંકરભાઈ લગધીરભાઈ ચૌધરી , મંત્રીશ્રી | – | – | – | |
| ૮ | શ્રી પરબતભાઈ સવાભાઈ પટેલ | ૨૯ | – | ૨૯ | |
| ૯ | શ્રી જોઈતાભાઈ કસ્નાભાઈ પટેલ | ૨૮ | ૧ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૦ | શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી | ૨૮ | ૧ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૧ | શ્રી મણીલાલ જેઠાભાઈ વાઘેલા | ૨૬ | ૩ | ૨૯ | |
| ૧૨ | શ્રી મહેશકુમાર અમૃતલાલ પટેલ | ૨૪ | ૫ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૩ | શ્રી ગોવાભાઈ હમીરાભાઈ રબારી | ૨૬ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૪ | શ્રી કેશાજી શિવાજી ચૌહાણ | ૨૫ | ૪ | ૨૯ | |
| ૧૫ | શ્રી ધારશીભાઈ લખાભાઈ ખાનપુરા | ૨૫ | ૪ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૧૬ | શ્રી નાગરજી હરચંદજી ઠાકોર | ૫ | ૨૪ | ૨૯ | |
| ૧૭ | શ્રી દિલીપકુમાર વીરાજીભાઈ ઠાકોર, મંત્રીશ્રી | – | – | – | |
| ૧૮ | શ્રી રણછોડભાઈ મહીજીભાઈ દેસાઈ , સંસદીય સચિવ | – | – | – | |
| ૧૯ | શ્રી બલવંતસિંહ ચંદનસિંહ રાજપૂત | ૨૮ | ૧ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૨૦ | શ્રી ભરતસિંહજી શંકરજી ડાભી, સંસદીય સચિવ | – | – | – | |
| ૨૧ | શ્રી નારાયણભાઈ લલ્લુદાસ પટેલ | ૧૯ | ૧૦ | ૨૯ | |
| ૨૨ | શ્રી ઋષિકેશ ગણેશભાઈ પટેલ | ૨૬ | ૩ | ૨૯ | |
| ૨૩ | શ્રી રજનીકાન્ત સોમાભાઈ પટેલ, મંત્રીશ્રી | – | – | – | |
| ૨૪ | શ્રી રમેશભાઈ મગનભાઈ ચાવડા | ૨૫ | ૩ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૨૫ | શ્રી નીતિનકુમાર રતીલાલ પટેલ, મંત્રીશ્રી | – | – | – | |
| ૨૬ | શ્રી પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ પટેલ | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૨૭ | શ્રી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ ચાવડા | ૨૯ | – | ૨૯ | |
| ૨૮ | શ્રી રમણલાલ ઈશ્વરલાલ વોરા, મંત્રીશ્રી | – | – | – | |
| ૨૯ | શ્રી અશ્વિન કોટવાલ | ૨૦ | ૯ | ૨૯ | |
| ૩૦ | ડૉ. અનિલ જોષિયારા | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણેલ છે. |
| ૩૧ | શ્રી રાજેન્દ્રસિંહ શિવસિંહ ઠાકોર | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણે |
| ૩૨ | શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ વાઘેલા | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩૩ | શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ બારૈયા | ૨૮ | ૧ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણે |
| ૩૪ | શ્રીમતી કામીનીબા ભુપેન્દ્રસિંહ રાઠોડ | ૨૮ | ૧ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણે |
| ૩૫ | શ્રી શંભુજી ચેલાજી ઠાકોર | ૨૯ | – | ૨૯ | |
| ૩૬ | શ્રી અશોકકુમાર રણછોડભાઈ પટેલ | ૨૭ | ૨ | ૨૯ | |
| ૩૭ | શ્રી અમિતભાઈ હરિસિંગભાઈ ચૌધરી | ૨૧ | ૮ | ૨૯ | |
| ૩૮ | શ્રી બળદેવજી ચંદુજી ઠાકોર | ૧૮ | ૧૧ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણે |
| ૩૯ | ડૉ.તેજશ્રીબેન દિલીપકુમાર પટેલ | ૨૭ | ૨ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણે |
| ૪૦ | શ્રી કરમશીભાઈ વિરજીભાઈ પટેલ | ૨૮ | ૧ | ૨૯ | સસ્પેન્સનના કારણે એક દિવસની ગેરહાજરી ગણે |
| ૪૧ | શ્રીમતી આનંદીબેન મફતલાલ પટેલ, મુખ્ય મંત્રીશ્રી | – | – | – | |
| ૪૨ | શ્રી કિશોરસિંહ બાબુલાલ ચૌહાણ | ૨૯ | – | ૨૯ | |
| ૪૩ | શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ જાડેજા , મંત્રીશ્રી | – | – | – | |
| ૪૪ | શ્રી રાકેશભાઈ જશવંતલાલ શાહ | ૨૯ | – | ૨૯ | |
| ૪૫ | શ્રી અમિત શાહ | ૧ | ૨૮ | ૨૯ | |
| ૪૬ | શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ પંચાલ | ૨૦ | ૯ | ૨૯ | |
| ૪૭ | ડૉ. નિર્મલાબેન સુનીલભાઈ વાધવાણી | ૨૯ | – | ૨૯ | |
| ૪૮ | શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ કાકડીયા | ૨૮ | ૧ | ૨૯ | |
| ૪૯ | શ્રી જગરૂપસિંહ ગીરદાનસિંહ રાજપૂત | ૨૮ | ૧ | ૨૯ | |
| | | (૮) ધોરણ ૧૦- અને ૧૨ની પરીક્ષાના પેપર લીક થવા અંગે | શ્રી રાઘવજી પટેલ(ડો. તેજશ્રીબેન પટેલ, બલવંતસિંહ રાજપૂત અને શૈલેષ પરમાર) | સભ્યશ્રી ગૃહમાં હાજર હોવા છતાં સૂચના રજૂ ન કરતા નિવેદન થયું નહી . |
| | | (૯) હમીદપુરા પાસે મહી કેનાલમાં ગાબડું પડવા અંગે | શ્રી અમિત ચાવડા | ૩૧- ૩- ૨૦૧૫ |

## પત્રક ક્રમાંક :-૧૭

(જુઓ ફકરા ક્રમાંક :-૧૭ )

## જાહેર અગત્યની બાબત પર મંત્રીશ્રીઓનાં નિવેદનો (નિયમ- ૪૪ )

| અ. નં . | નિવેદનનો વિષય ટૂંકમાં | નિવેદન કરનાર મંત્રીશ્રીનું નામ | નિવેદન કર્યા તારીખ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | નાના અને સિમાંત ખેડૂતોને સિંચાઈ પધ્ધતિ વસાવવા માટે હાલમાં મળતી સહાયમાં ૧૦% વધારા બાબત | શ્રી બાબુભાઈ બોખિરીયા , જળસંપત્તિ મંત્રીશ્રી | ૧૧ -૩ -૨૦૧૫ |
| ૨ | બટાટાના પાકને અન્ય રાજ્યમાં નિકાસ કરવા અંગે સહાય બાબત | શ્રી બાબુભાઈ બોખિરીયા, કૃષિ મંત્રીશ્રી | ૧૭ -૩ -૨૦૧૫ |
| ૩ | ભારત સરકારના નાણા મંત્રાલય દ્વારા ફળવાયેલ ઈન્સેંટીવની રકમ રાજ્ય સરકારમાં જમા કરવા બાબત | શ્રી સૌરભ પટેલ , ઉર્જા મંત્રીશ્રી | ૨૫-૩ -૨૦૧૫ |
| ૪ | રાજ્ય સરકારે વીજ ઉત્પાદક કંપનીને ફાળવેલ કોલ માઈન બાબતે | શ્રી સૌરભ પટેલ, ઉર્જા મંત્રીશ્રી | ૨૬ -૩ -૨૦૧૫ |
| ૫ | કૃષિ અને બાગાયતી પાકો માટે સહાય | શ્રીમતી આનંદીબેન પટેલ, માનનીય મુખ્યમંત્રીશ્રી | ૨૬ -૩ -૨૦૧૫ |
| ૬ | કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૧૦ -૧૧ના વર્ષના બાકી કેન્દ્રીય વેચાણવેરાના વળતરની ચૂકવણી બાબતે | શ્રી સૌરભ પટેલ , નાણા મંત્રીશ્રી | ૩૧-૩-૨૦૧૫ |

**પત્રક ક્રમાંક : ૧૮**

**(જુઓ ફકરા ક્રમાંક : ૧૮ (૧))**

**દાખલ કરવાનું બિન સરકારી વિધેયક**

| અ.નં. | વિધેયક ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા | વિભાગ | પ્રભારી સભ્યશ્રી | દાખલ કર્યા તારીખ | વિધેયક ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
| ૧. | સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૫નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક. | વન અને પર્યાવરણ | શ્રી ભૂષણ ભટ્ટ | ૧૯/૩/૨૦૧૫ | ૧૯/૩/૨૦૧૫ |

## પત્રક ક્રમાંક : ૧૯

### (જુઓ ફકરા ક્રમાંક : ૧૮ (૨))

### પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના (નિકાલ થયેલા) બિન સરકારી વિધેયકો

| અ.નં. | વિધેયક ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા | વિભાગ | પ્રભારી સભ્યશ્રી | ચર્ચાયા તારીખ | પરિણામ |
|---|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. |
| ૧. | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૬–સન ૨૦૧૪નું ગુજરાત જાહેર સંપત્તિને થતું નુકસાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયક | ગૃહ | શ્રી ભૂષણ ભટ્ટ | ૨૬/૨/૨૦૧૫ | વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું. |
| ૨. | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૪–સન ૨૦૧૪નું ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબત વિધેયક | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | ડૉ. નીમાબેન આચાર્ય | ૨૬/૨/૨૦૧૫ | વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું. |
| ૩. | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૫–સન ૨૦૧૪નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક | ગૃહ | શ્રી દુષ્યંત પટેલ | ૨૬/૨/૨૦૧૫ | વિધેયકનું પહેલું વાંચન કરવાનો પ્રસ્તાવ રજૂ થયો. ચર્ચાને અંતે સભાગૃહની અનુમતિથી વિધેયક પાછું ખેંચી લેવામાં આવ્યું. |
| ૪. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૩નું ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયક | શ્રમ અને રોજગાર | શ્રી બલવંતસિંહ રાજપૂત | ૧૨/૩/૨૦૧૫ | વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવનો અસ્વીકાર થતાં વિધેયક નામંજૂર કરવામાં આવ્યું. |
| ૫. | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૪નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયક. | શિક્ષણ | શ્રી બલવંતસિંહ રાજપૂત | ૧૨/૩/૨૦૧૫ | વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવનો અસ્વીકાર થતાં વિધેયક નામંજૂર કરવામાં આવ્યું. |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬. | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૨–સન ૨૦૧૪નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયક. | શ્રમ અને રોજગાર | શ્રી બલવંતસિંહ રાજપૂત | ૧૨/૩/૨૦૧૫ | વિધેયકના પહેલા વાંચનના પ્રસ્તાવનો અસ્વીકાર થતાં વિધેયક નામંજૂર કરવામાં આવ્યું. |

**પત્રક ક્રમાંક : ૨૦**

**(જુઓ ફકરા ક્રમાંક : ૧૮ (૨))**

**પહેલા, બીજા અને ત્રીજા વાંચન માટેના બાકી રહેતા બિન સરકારી વિધેયકો**

| અ.નં. | વિધેયક ક્રમાંક અને ટૂંકી સંજ્ઞા | વિભાગ | પ્રભારી સભ્યશ્રી | શેરો |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૧–સન ૨૦૧૩નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયક. | ગૃહ | શ્રી મહંમદજાવીદ પીરઝાદા | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |
| ૨. | સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૩–સન ૨૦૧૪નું ગુજરાત (રાજય સેવક દ્વારા) લોક–તિરસ્કાર નિવારણ વિધેયક. | સામાન્ય વહીવટ | શ્રી બલવંતસિંહ રાજપૂત | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |
| ૩. | સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૭–સન ૨૦૧૫નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક. | વન અને પર્યાવરણ | શ્રી ભૂષણ ભટ્ટ | સભ્યશ્રીની અનુપસ્થિતિને કારણે વિધેયક હાથ ધરી શકાયું નહિ. |

પત્રક ક્રમાંક :–૨૧

(જુઓ ફકરા ક્રમાંક :–૧૯ )

બિન- સરકારી સંકલ્પો (નિયમ-૧૧૭)

| અ.ન. | સૂચનાનો વિષય | સૂચના આપનાર સભ્યશ્રીનું નામ | ચર્ચા માટેની તારીખ | પરિણામ |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| ૧ | સ્વચ્છતા અભિયાન અંગે. | શ્રી અશોકકુમાર પટેલ, | ૩ -૩-૧૫ | ચર્ચાના અંતે બહુમતિ થી સ્વીકાર કરવામાં આવ્યો |
| ૨ | રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અંગે. | શ્રી પ્રહ્લાદભાઇ પટેલ, | -"- | સભાગૃહ દ્વારા ચર્ચાના અંતે સંકલ્પ મત પર મૂકવામાં આવતા તેનો અસ્વીકાર કરવામાં આવ્યો. |
| ૩ | રાજયમાં પૂરા પગારથી કર્મચારીઓની ભરતી કરવા અંગે. | શ્રી નિરંજન પટેલ | -"- | આગળના બે સંકલ્પો પર ચર્ચા થઈ હોવાથી નિયમ ૧૧૭ (૫)ના પરંતુક અન્વયે સભાગૃહમાં રજૂ થઈ શક્યો નહી. |
| ૪ | રાજયમાં શ્રમયોગી કલ્યાણ મેળાઓના આયોજન અંગે. | શ્રી રજનીકાંત પટેલ | ૧૯-૩-૧૫ | સભ્યશ્રીએ સંકલ્પ પાછો ખેંચ્યો. |
| ૫ | વન અધિકાર અધિનિયમ-૨૦૦૬નો રાજયમાં અસરકારક અમલ કરાવવા અંગે. | શ્રી અશ્વિન કોટવાલ, | -"- | સભાગૃહ દ્વારા ચર્ચાના અંતે સંકલ્પ મત પર મૂકવામાં આવતા તેનો અસ્વીકાર કરવામાં આવ્યો |
| ૬ | સૌરાષ્ટ્રમાં પીવાના પાણીની તંગી નિવારવા અંગે | શ્રી ભોળાભાઈ પટેલ | | આગળના બે સંકલ્પો પર ચર્ચા થઈ હોવાથી નિયમ ૧૧૭ (૫)ના પરંતુક અન્વયે સભાગૃહમાં રજૂ થઈ શક્યો નહી. |

**પત્રક ક્રમાંક : ૨૨**

**(જુઓ ફકરા ક્રમાંક : ૨૮)**

**વિધાનસભાના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

| અ.નં. | વિગત | સભાગૃહના મેજ ઉપર મૂક્યા તારીખ |
|---|---|---|
| ૧ | ગુજરાત રાજ્ય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૭/૨/૨૦૧૫ |
| ૨ | ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૭/૨/૨૦૧૫ |
| ૩ | ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૭/૨/૨૦૧૫ |
| ૪ | ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૭/૨/૨૦૧૫ |
| ૫ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ | ૨૭/૨/૨૦૧૫ |
| ૬ | ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૭/૨/૨૦૧૫ |
| ૭ | ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૦૮–૨૦૦૯ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૨૭/૨/૨૦૧૫ |

| | | |
|---|---|---|
| ૮ | ગુજરાત રાજ્ય મહિલા આયોગનો સન  ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૭/૨/૨૦૧૫ |
| ૯ | ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ અને નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૪/૩/૨૦૧૫ |
| ૧૦ | ગુજરાત મેડીકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડનો તા.૨૩–૦૮–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ સુધીનો અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૪/૩/૨૦૧૫ |
| ૧૧ | ગુજરાત ખનિજ  વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો , ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૪/૩/૨૦૧૫ |
| ૧૨ | ગુજરાત વૃધ્ધિ વિકાસ કેન્દ્ર નિગમ લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૪/૩/૨૦૧૫ |
| ૧૩ | ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૪/૩/૨૦૧૫ |
| ૧૪ | ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૪/૩/૨૦૧૫ |
| ૧૫ અને ૧૬ | ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડના સન ૨૦૧૨–૨૦૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૧૨–૨૦૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૪/૩/૨૦૧૫ |
| ૧૭ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક  અહેવાલ તથા આ  અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૪/૩/૨૦૧૫ |
| ૧૮ | ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ | ૪/૩/૨૦૧૫ |
| ૧૯ | ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા  નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૩/૩/૨૦૧૫ |

| | | |
|---|---|---|
| ૨૦ | મેટ્રો–લિન્ક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમીટેડનો સન ૨૦૧૩–૨૦૧૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૩/૩/૨૦૧૫ |
| ૨૧ અને ૨૨ | ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૨–૨૦૧૩ અને ૨૦૧૩–૨૦૧૪ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૩/૩/૨૦૧૫ |
| ૨૩ | ગુજરાત રાજ્ય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૩/૩/૨૦૧૫ |
| ૨૪ | ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૧૩/૩/૨૦૧૫ |
| ૨૫ | ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૩/૩/૨૦૧૫ |
| ૨૬ | ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ | ૧૩/૩/૨૦૧૫ |
| ૨૭ | ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી | ૧૩/૩/૨૦૧૫ |
| ૨૮ | ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૧૩/૩/૨૦૧૫ |
| ૨૯ | ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલનું સન ૨૦૧૪–૨૦૧૫નું અંદાજપત્ર | ૧૩/૩/૨૦૧૫ |
| ૩૦ | ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૦/૩/૨૦૧૫ |

| | | |
|---|---|---|
| ૩૧ | ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૦/૩/૨૦૧૫ |
| ૩૨ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૦/૩/૨૦૧૫ |
| ૩૩ | ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૦/૩/૨૦૧૫ |
| ૩૪ | ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૦/૩/૨૦૧૫ |
| ૩૫ | ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૦/૩/૨૦૧૫ |
| ૩૬ | ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૧૩–૨૦૧૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ | ૨૦/૩/૨૦૧૫ |
| ૩૭ | ગુજરાત રાજ્ય નાણાકીય નિગમનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ | ૨૦/૩/૨૦૧૫ |
| ૩૮ | જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૦/૩/૨૦૧૫ |
| ૩૯ અને ૪૦ | ગુજરાત રાજ્ય વેરહાઉસીંગ કોર્પોરેશનના સન ૨૦૧૦–૨૦૧૧ તથા સન ૨૦૧૧–૧૨ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો | ૨૦/૩/૨૦૧૫ |
| ૪૧ થી ૪૩ | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૦–૨૦૧૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન તથા સન ૨૦૧૩–૧૪ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૪–૧૫ના અંદાજો | ૨૦/૩/૨૦૧૫ |
| ૪૪ | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૩–૨૦૧૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ | ૨૦/૩/૨૦૧૫ |

| | | |
|---|---|---|
| ૪૫ અને ૪૬ | ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૨૦૧૫–૧૬ના વર્ષનું અંદાજપત્ર અને સન ૨૦૧૪–૧૫ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર | ૨૦/૩/૨૦૧૫ |
| ૪૭ | ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબના કારણો સમજાવતું નિવેદન | ૨૭/૩/૨૦૧૫ |
| ૪૮ | ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૭/૩/૨૦૧૫ |
| ૪૯ | ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૭/૩/૨૦૧૫ |
| ૫૦ | ગુજરાત પ્રવાસ વિકાસ કંપનીનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૭/૩/૨૦૧૫ |
| ૫૧ | ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૭/૩/૨૦૧૫ |
| ૫૨ | ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૭/૩/૨૦૧૫ |
| ૫૩ | બાયસેગ સેટેલાઈટ કોમ્યુનીકેશન કંપની લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૨૭/૩/૨૦૧૫ |
| ૫૪ અને ૫૫ | ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના સન ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન | ૨૭/૩/૨૦૧૫ |
| ૫૬ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૧–૨૦૧૨નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન | ૨૭/૩/૨૦૧૫ |

| | | |
|---|---|---|
| ૫૭ | ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સન ૨૦૧૩–૨૦૧૪ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો | ૨૭/૩/૨૦૧૫ |
| ૫૮ અને ૫૯ | ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૪–૨૦૧૫ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૫–૨૦૧૬ના અંદાજો | ૨૭/૩/૨૦૧૫ |
| ૬૦ | ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન | ૨૭/૩/૨૦૧૫ |
| ૬૧ | ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૭/૩/૨૦૧૫ |
| ૬૨ | ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ | ૨૭/૩/૨૦૧૫ |
| ૬૩ | સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૩૧/૩/૨૦૧૫ |
| ૬૪ | ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૩૧/૩/૨૦૧૫ |
| ૬૫ | આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૩૧/૩/૨૦૧૫ |
| ૬૬ | ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (ગુજસેલ)નો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૩૧/૩/૨૦૧૫ |
| ૬૭ | ગુજરાત ઈન્ફર્મેટિક્સ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા | ૩૧/૩/૨૦૧૫ |
| ૬૮ | ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો  સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ | ૩૧/૩/૨૦૧૫ |

| | | |
|---|---|---|
| ૬૯ | ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ અને હિસાબો | ૩૧/૩/૨૦૧૫ |
| ૭૦ | ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન | ૩૧/૩/૨૦૧૫ |

**પત્રક ક્રમાંક : ૨૩**

**(જુઓ ફકરા ક્રમાંક : ૩૦ )**

**ખરેખર થયેલા કામકાજ પ્રમાણેની સભાઓની તારીખવાર યાદી**

**ફેબ્રુઆરી–૨૦૧૫**

| | |
|---|---|
| **સોમવાર, તા. ૨૩મી** | **(૧) રાજ્યપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવની રજૂઆત**<br><br>માનનીય સભ્યશ્રી કેશાજી ચૌહાણે માનનીય રાજ્યપાલશ્રીએ ગુજરાત વિધાનસભાને કરેલા સંબોધન બદલ આભાર પ્રસ્તાવ રજૂ કર્યો હતો.<br><br>**(૨) શોકદર્શક ઉલ્લેખો**<br><br>ગુજરાત વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષશ્રી અને ગુજરાતના રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી સ્વ.શ્રી ઉપેન્દ્રભાઈ જેઠાલાલ ત્રિવેદી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ચંદ્રવદન મકનજી પટેલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો.<br><br>**(૩) સરકારી વિધેયકો**<br><br>(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧–સન ૨૦૧૫નું ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક<br><br>(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨–સન ૨૦૧૫નું પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ ( ગુજરાત સુધારા) વિધેયક<br><br>(૩) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૩– સન ૨૦૧૫નું પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક |
| **મંગળવાર, તા. ૨૪મી** | (૧) સન ૨૦૧૪–૧૫ના વર્ષ માટેના ખર્ચના પૂરક પત્રકની રજૂઆત<br><br>(૨) સન ૨૦૧૫–૧૬ના વર્ષ માટેના અંદાજપત્રની રજૂઆત |

| | |
|---|---|
| **બુધવાર, તા. ૨૫મી** | (૧) ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી<br><br>(૨) સરકારી વિધેયકો<br>(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૪– સન ૨૦૧૫નું ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર વિધેયક<br><br>(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૫– સન ૨૦૧૫નું મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયક |
| **ગુરૂવાર, તા. ૨૬મી** | **(૧) સરકારી વિધેયક**<br><br>સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૬– સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br><br>**(૨)** બિન–સરકારી વિધેયકો |
| **શુક્રવાર, તા. ૨૭મી** | રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (પહેલો દિવસ) |
| **શનિવાર, તા. ૨૮મી** | **રજા** |
| | **માર્ચ–૨૦૧૫** |
| **રવિવાર, તા. ૧લી** | **રજા** |
| **સોમવાર, તા. ૨જી** | રાજ્યપાલશ્રીના સંબોધન પર ચર્ચા (બીજો દિવસ) |

| | |
|---|---|
| **મંગળવાર, તા. ૩જી** | <u>પહેલી બેઠક</u><br><br>**રાજયપાલશ્રીના સંબોધન પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)**<br>**<u>બીજી બેઠક</u>**<br><br>**(૧)** પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)<br><br>**(૨)** બિન–સરકારી સંકલ્પો |
| **બુધવાર, તા. ૪થી** | પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ) |
| **ગુરૂવાર, તા. ૫મી** | બેઠક નથી |
| **શુક્રવાર, તા. ૬ઠ્ઠી** | જાહેર રજા(ધૂળેટી) |
| **શનિવાર, તા. ૭મી** | બેઠક નથી |
| **રવિવાર, તા. ૮મી** | **રજા** |
| **સોમવાર, તા. ૯મી** | (૧) <u>સરકારી વિધેયક</u><br><br>**સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૧૫નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક**<br><br>(૨) અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ) |

| | |
|---|---|
| **મંગળવાર, તા. ૧૦મી** | પહેલી બેઠક<br><br>**અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)**<br><br>બીજી બેઠક<br><br>**અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)** |
| **બુધવાર, તા. ૧૧મી** | **અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)** |
| **ગુરુવાર, તા. ૧૨મી** | **(૧)** માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)<br><br>**(૨)** બિન–સરકારી વિધેયકો |
| **શુક્રવાર, તા. ૧૩મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)** |
| **શનિવાર, તા. ૧૪મી** | **રજા** |
| **રવિવાર, તા. ૧૫મી** | **રજા** |
| **સોમવાર, તા. ૧૬મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન( ત્રીજો દિવસ)** |
| **મંગળવાર, તા. ૧૭મી** | **(૧) શોકદર્શક ઉલ્લેખો**<br><br>**ગાંધીવાદી નેતા અને ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ સ્વ.શ્રી નારાયણભાઈ મહાદેવભાઈ દેસાઈ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ભીમજીભાઈ જગન્નાથ પટેલ અને સ્વ. શ્રી જગતાભાઈ પુરાભાઈ પરમારના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો**<br><br>(૨) **માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)** |
| **બુધવાર, તા. ૧૮મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)** |

| | |
|---|---|
| **ગુરુવાર, તા. ૧૯મી** | (૧) **માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)**<br>**(૨) <u>બિન–સરકારી કામકાજ</u>**<br>(૧) દાખલ કરવાનું બિન–સરકારી વિધેયક<br>(૨) બિન–સરકારી સંકલ્પો |
| **શુક્રવાર, તા. ૨૦મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)** |
| **શનિવાર, તા. ૨૧મી** | **જાહેર રજા(ચેટીચાંદ)** |
| **રવિવાર, તા. ૨૨મી** | **રજા** |
| **સોમવાર, તા. ૨૩મી** | માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) |
| **મંગળવાર, તા. ૨૪મી** | **(૧) <u>શોકદર્શક ઉલ્લેખો</u>**<br>ગુજરાત રાજયના રાજયકક્ષાના પૂર્વ મંત્રી સ્વ.શ્રી જનકસિંહ ખેંગારજી રાણા અને ગુજરાત સરકારના પૂર્વ સંસદીય સચિવ સ્વ.શ્રી ગોંસાઈભાઈ છીબાભાઈ પટેલના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખો<br>(૨) **માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)** |
| **બુધવાર, તા. ૨૫મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)** |

| | |
|---|---|
| **ગુરુવાર, તા. ૨૬મી** | પહેલી બેઠક<br><br>સરકારી વિધેયકો<br><br>(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૮– સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (દ્વિતીય સુધારા) વિધેયક<br><br>(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૯– સન ૨૦૧૫નું ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક<br><br>(૩) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૦– સન ૨૦૧૫નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ વિધેયક<br><br>(૪) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૧– સન ૨૦૧૫નું ગુજરાત કોર્ટ–ફી (સુધારા) વિધેયક<br><br>(૫) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૨– સન ૨૦૧૫નું ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક<br><br>બીજી બેઠક<br>માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) |
| **શુક્રવાર, તા. ૨૭મી** | **માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)** |
| **શનિવાર, તા. ૨૮મી** | રજા |
| **રવિવાર, તા. ૨૯મી** | રજા |

| | |
|---|---|
| **સોમવાર, તા. ૩૦મી** | (૧) શોકદર્શક ઉલ્લેખ<br><br>**ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી દોલતસિંહજી પ્રતાપસિંહજી જાડેજાના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ**<br><br>(૨) સરકારી વિધેયક<br>(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૧– સન ૨૦૧૫નું ગુજરાત વિનિયોગ વિધેયક<br><br>(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૩– સન ૨૦૧૫નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક<br><br>(૩) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૪– સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક<br><br>(૪) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૫– સન ૨૦૧૫નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક<br><br>(૫) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૬– સન ૨૦૧૫નું ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયક |
| **મંગળવાર, તા. ૩૧મી** | પહેલી બેઠક<br><br>સરકારી વિધેયકો<br>(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૯– સન ૨૦૧૫નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ (સુધારા) વિધેયક<br><br>(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૮– સન ૨૦૧૫નું ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક<br><br>**બીજી બેઠક**<br><br>**(૧) શોકદર્શક ઉલ્લેખ**<br><br>ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મંત્રી સ્વ.શ્રી મનુભાઈ મોતીભાઈ પટેલના અવસાન અંગેનો શોકદર્શક ઉલ્લેખ.<br><br>**(૨) સરકારી વિધેયક** |

| | |
|---|---|
| | સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨૦– સન ૨૦૧૫નું મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયક<br>(૩) સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)<br>(૪) છેલ્લા દિવસનો પ્રસ્તાવ |

**પત્રક ક્રમાંક : ૨૪**

**(જુઓ ફકરા ક્રમાંક : ૩૧ )**

રોજેરોજના કામકાજનો સારાંશ

**સોમવાર, તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫**

માનનીય રાજયપાલશ્રી ઓમપ્રકાશ કોહલીએ બપોરના ૧૨–૦૦ વાગ્યે વિધાનસભા ગૃહને હિન્દીમાં સંબંધોન કર્યું.

માનનીય રાજયપાલશ્રીનું સંબોધન પૂરૂં થયા બાદ ૧૫ મિનિટના વિરામ બાદ બપોરના ૧૨–૩૧ વાગ્યે સભાગૃહની બેઠક મળી.

અધ્યક્ષસ્થાને માનનીય સભાપતિ ડૉ. નીમાબેન આચાર્ય

(સભાગૃહની બેઠકની શરૂઆત "વંદેમાતરમ" સંગીતની ધૂન બજાવી કરવામાં આવી)

૧. સચિવશ્રીએ રાજયપાલશ્રીના સંબોધનની નકલ સભાગૃહના મેજ ઉપર મૂકી.

૨. સભ્યશ્રી કેશાજી ચૌહાણે સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાના અનુમોદનથી નીચેનો પ્રસ્તાવ રજૂ કર્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

૩. શોકદર્શક ઉલ્લેખો

માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, ગુજરાત વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષશ્રી અને ગુજરાતના રાજયકક્ષાના પૂર્વ મંત્રી સ્વ. શ્રી ઉપેન્દ્રભાઈ જેઠાલાલ ત્રિવેદી તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી ચંદ્રવદન મકનજી પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તેમજ માનનીય સભ્યો શ્રી રમણલાલ પાટકર, શ્રી શકિતસિંહ ગોહિલ, માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરા તથા સભ્યો શ્રી જીતુભાઈ ચૌધરી, ડૉ. અનિલભાઈ જોષીયારા, શ્રી શૈલેષ પરમાર તથા શ્રી કનુભાઈ દેસાઈએ સ્વર્ગસ્થોને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ શોકદર્શક ઉલ્લેખોમાં તેમનો સૂર પૂરાવી સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ સૌ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૪. પોઈન્ટ ઓફ ઓર્ડર

(૧) માનનીય રાજયકક્ષાના કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, આજરોજ માનનીય રાજયપાલશ્રી ગૃહને સંબોધન કરી રહયાં હતા ત્યારે કોંગ્રેસ પક્ષના સભ્યશ્રીઓ તરફથી થઈ રહેલા દેખાવો અને સૂત્રોચ્ચાર દરમ્યાન કાગળના ડૂચા નામદાર રાજયપાલશ્રી પર ફેંકીને તેમનું અપમાન થયેલ હોઈ તે અંગે તપાસ કરી યોગ્ય પગલાં લેવામાં આવે. આ મુદ્દાના વિરોધમાં માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે તેમનું મંતવ્ય રજૂ કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો સ્વીકાર કરી તે અંગે ફુટેજ તપાસી યોગ્ય કાર્યવાહી કરવામાં આવશે તેવી જાહેરાત કરી.

(૨) વિરોધ પક્ષના દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે તેમના પક્ષ ધ્વારા નિયમ–૧૦૮ અન્વયે રાજયમાં સ્વાઈન ફલૂના પ્રકોપ બાબતે આપેલી સૂચના નામંજૂર થયા અંગેનો મુદ્દો ઉપસ્થિત કર્યો.

આ અંગે માનનીય અધ્યક્ષશ્રીએ આ જ બાબતની નિયમ–૧૧૬ અન્વયેની સૂચનાને અગાઉથી મંજૂરી આપી દીધી હોઈ નિયમ–૧૦૮ની સૂચનાને પરવાનગી આપેલ નથી તેમ જણાવી નિયમ–૧૧૬ પર ચર્ચા થવાની છે ત્યારે વિષયની ગંભીરતા અને સભ્યોની લાગણીને ધ્યાનમાં રાખી સભ્યશ્રીઓને સંતોષ થાય તે રીતે પૂરેપૂરી ચર્ચા કરવામાં આવશે તેમ જણાવ્યું.

૫. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી સુરેશભાઈ પટેલે, "તાજેતરમાં રાજયમાં સ્વાઈન ફલૂનો રોગ બેકાબૂ બનેલ છે અને આખા રાજયમાં પ્રસરીને લગભગ સમગ્ર રાજયને ભરડામાં લીધેલ છે. વળી દિવસે દિવસે તેની વ્યાપકતા વધતી જતાં આ જીવલેણ રોગથી રાજયની પ્રજામાં ફેલાયેલ ભય અને ગભરાટની લાગણી દૂર કરવા અને આ રોગને કાબૂમાં લેવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા. વિષયની ગંભીરતાને ધ્યાનમાં રાખીને માનનીય અધ્યક્ષશ્રીએ અગાઉ કરેલ જાહેરાત મુજબ સૂચના પર કુલ ૭૧ મિનિટ સુધી સભ્યોને તેમના મંતવ્યો વ્યકત કરવાં દીધાં.

૬. સભાત્યાગ

તાકીદની જાહેર અગત્યની બાબત પરની ચર્ચા પર માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ આપેલા જવાબો રાજકીય રીતે આપવામાં આવ્યા છે તેમ જણાવી માનનીય મંત્રીશ્રીના જવાબ અંગે અસંતોષ વ્યકત કરી કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યશ્રીઓ સભાત્યાગ કરી ગયા.

૭. સચિવશ્રીએ તેરમી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક– ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ સભાગૃહના મેજ ઉપર મૂકયાં.

૮. સમિતિના અહેવાલની રજૂઆત

માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો સાતમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

૯. માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

૧૦. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧, સન ૨૦૧૫નું ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ (સુધારા) વિધેયક,

(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૨, સન ૨૦૧૫નું પ્રોવિન્શિયલ સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક,

(૩) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૩, સન ૨૦૧૫નું પ્રેસિડન્સી સ્મોલ કોઝ કોર્ટ (ગુજરાત સુધારા) વિધેયક.

## મંગળવાર, તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા.

૨. સભાત્યાગ

પ્રશ્નોત્તરી સમય દરમ્યાન અગ્રતાક્રમ–૭ પરના પ્રશ્નનો માનનીય પશુપાલન મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયા જવાબ આપી રહયાં હતા ત્યારે માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે માનનીય મંત્રીશ્રી ધ્વારા ખૂબ લંબાણથી જવાબ આપવામાં આવે છે તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીને રજૂઆત કરી. માનનીય અધ્યક્ષશ્રીએ પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી ધ્વારા માગવામાં આવેલી માહિતી અંગે જવાબ હોઈ મંત્રીશ્રીને તેમનો જવાબ પૂરો કરવા દેવા અને સભ્યોને તેમનું સ્થાન લેવા જણાવ્યું તેમજ મંત્રીશ્રીને પણ તેમનો જવાબ ટૂંકમાં આપવાની સૂચના આપી. ત્યારબાદ મંત્રીશ્રીનો જવાબ ચાલુ હતો તે દરમયાન કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો પોતાની જગ્યાએ ઉભા થઈ વિરોધ કરવા લાગ્યા.

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ પણ અગ્રતાક્રમ–૮ ઉપરનો પ્રશ્ન ચર્ચામાં ન આવે તે માટે મંત્રીશ્રી ખૂબ લાંબો જવાબ આપી રહયાં છે, તેના વિરોધમાં અમે સભાત્યાગ કરીએ છીએ તેમ જણાવીને માનનીય વિરોધપક્ષના નેતાશ્રી સહિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કરેલ હતો.

૩. સમિતિના અહેવાલની રજૂઆત

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્ય શ્રી સતિષભાઈ પટેલે સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

૪ સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સભ્ય શ્રી સતિષભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. ખર્ચના પૂરક પત્રકની રજૂઆત

માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટેના ખર્ચનું પૂરક પત્રક રજૂ કર્યું.

૬. અંદાજપત્રની રજૂઆત

માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સન ૨૦૧૫–૨૦૧૬ ના વર્ષ માટેનું અંદાજપત્ર પ્રવચન વાંચીને રજૂ કર્યું અને અંદાજપત્ર ગૃહના મેજ ઉપર મૂકયું.

૭. વિરામનો સમય રદ કરવા બાબત

માનનીય નાણામંત્રીશ્રી અંદાજપત્ર પ્રવચન વાંચી રહયાં હતા તે દરમ્યાન વિરામનો સમય થવા આવતાં, માનનીય મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ વિરામનો સમય રદ કરવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, માનનીય વિરોધ પક્ષના દંડકશ્રીએ પ્રસ્તાવને સમર્થન આપ્યું. તદનુસાર માનનીય સભાપતિશ્રીએ સભાગૃહની અનુમતિથી વિરામનો સમય રદ કરેલ હતો.

## બુધવાર, તા.૨૫મી ફેબ્રુઆરી, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે નિયમ–૩૭, નિયમ–૩૪ અને માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના નિર્ણય ક્રમાંક–૯૧, પાના નંબર–૭૦ને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, આજરોજ પ્રશ્નોત્તરી વખતે તેમની અનુપસ્થિતિમાં તેમના વકતવ્યને ટાંકીને, તેમના નામનો ઉલ્લેખ કરી આરોગ્ય મંત્રીશ્રી ધ્વારા જે કેટલાક ઉચ્ચારણો કરવામાં આવ્યા છે તે યોગ્ય નથી, અસંસદીય છે અને તેથી તેવા શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા જોઈએ. અને તેના સમર્થનમાં તેમના વકતવ્યના અંશો પણ ટાંકયા.

આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પણ માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ ધ્વારા બોલાયેલા શબ્દો ટાકીને તેમના ઉચ્ચારણો યથાર્થ હોવાનું અર્થઘટન રજૂ કર્યું.

માનનીય સભાપતિશ્રીએ આ પોઈન્ટ ઓફ ઓર્ડર અંગે રેકર્ડ તપાસીને પછીથી નિર્ણય જાહેર કરવામાં આવશે તેમ જણાવ્યું.

૩. ઉપાધ્યક્ષશ્રીની ચૂંટણી

માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહના સભ્યશ્રી આત્મારામ પરમારને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે."

આ પ્રસ્તાવને માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ અનુમોદન આપ્યું.

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના સભ્ય ડૉ. તેજશ્રીબેન પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહના સભ્ય શ્રીમતી ચંદ્રિકાબેન બારીયાને આ સભાગૃહના ઉપાધ્યક્ષ તરીકે પસંદ કરવામાં આવે."

આ પ્રસ્તાવને કોંગ્રેસ પક્ષના સભ્ય શ્રીમતી કામીનીબા રાઠોડે અનુમોદન આપ્યું.

રજૂ થયેલ પ્રથમ પ્રસ્તાવ મત ઉપર મૂકવામાં આવતા, તે પ્રસ્તાવનો સભાગૃહે સ્વીકાર કર્યો અને માનનીય સભાપતિશ્રીએ શ્રી આત્મારામ પરમારને ગૃહના ઉપાધ્યક્ષ તરીકે ચૂંટાયેલા જાહેર કર્યા અને તેઓશ્રીને અધ્યક્ષ સ્થાન ગ્રહણ કરવા વિનંતી કરી.

ત્યારબાદ માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલ, માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ તથા માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા નવા વરાયેલા ઉપાધ્યક્ષશ્રીને અધ્યક્ષ સ્થાન સુધી દોરી ગયા અને માનનીય ઉપાધ્યક્ષશ્રી આત્મારામ પરમારે અધ્યક્ષસ્થાન લીધું.

માનનીય ઉપાધ્યક્ષશ્રી આત્મારામભાઈ પરમાર અધ્યક્ષ સ્થાને

૪. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૪, સન ૨૦૧૫નું ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઓફ પબ્લિક હેલ્થ ગાંધીનગર વિધેયક,

(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૫, સન ૨૦૧૫નું મજૂર કાયદા (ગુજરાત સુધારા) વિધેયક,

૫. બેઠકનો સમય લંબાવવા અંગે

વિધેયક ક્રમાંક–૫ની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી ગોવાભાઈ રબારીના વકતવ્ય બાદ, બેઠકનો સમય પૂરો થવા આવતા માનનીય મુખ્ય દંડકશ્રીએ કામકાજ સલાહકાર સમિતિની ભલામણો મુજબ વિધેયક પરની ચર્ચા પૂરી થાય અને વિધેયક પસાર થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા માનનીય અધ્યક્ષશ્રીએ તદનુસાર સભાગૃહની અનુમતિથી સભાગૃહની બેઠકનો સમય લંબાવેલ હતો.

૬. સભાત્યાગ

વિધેયક ક્રમાંક–૫ની ચર્ચા બાદ, માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી વિધેયક પરની ચર્ચાનો જવાબ આપી રહયાં હતા ત્યારે સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે બિલની કેટલીક જોગવાઈઓ અંગે માનનીય મંત્રીશ્રીના જવાબથી અસંતોષ વ્યકત કરીને સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કરેલ હતો.

## ગુરૂવાર, તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૧૫

૧.	પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨.	પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી પૂંજાભાઈ વંશે નિયમ–૮૯ને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે, સામાન્ય રીતે એક તારાંકિત પ્રશ્નની ચર્ચા પાછળ ૫ મિનિટ કરતા વધુ સમય થવો જોઈએ નહીં. આજના અગ્રતાક્રમ–૧ પરની ચર્ચા ૧૦ મિનિટ સુધી ચાલી હતી. તેવી જ રીતે ગઈકાલે અને પરમદિવસે પણ એક પ્રશ્ન પાછળ ૧૦ મિનિટ જેટલો સમય ગયેલો છે. મંત્રીશ્રીઓ ખૂબ લાંબા જવાબો આપે છે અને તેથી આવી પ્રણાલિકા ન પડે તે માટે તકેદારી રાખી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પ્રથમ દિવસે નિયમ–૧૧૬ હેઠળ દોઢ કલાક ચર્ચાયેલી તાકીદની બાબતનું ઉદાહરણ આપતા જણાવ્યું કે પ્રશ્નની અગત્યતા જોઈને સમય ફાળવવાનો અધ્યક્ષશ્રીને અધિકાર છે. તેમજ મંત્રીશ્રી જયંતિભાઈ કવાડીયા, સભ્યશ્રી શૈલેષભાઈ પરમાર અને મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ પણ આ સંદર્ભે તેમના મંતવ્યો રજૂ કર્યા.

કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ કોઈપણ પ્રશ્નને કેટલો સમય આપવો તે અધ્યક્ષશ્રીએ નકકી કરવાનું છે અને અધ્યક્ષશ્રીએ કેવી રીતે કામ કરવું તે સભ્યશ્રી ઠરાવી શકે નહીં તેમ જણાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ રૂલિંગ આપતા જણાવ્યું કે, આવી જ બાબત પર સભ્યશ્રી પૂંજાભાઈ વંશે જ અગાઉ તારીખ ૨–૩–૨૦૦૭ના રોજ પણ પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવેલો, જેનું રૂલિંગ તે વખતના માનનીય અધ્યક્ષશ્રી પ્રો. મંગળભાઈ પટેલે તા.૧૮–૩–૨૦૦૭ના રોજ આપ્યું હતું. જે મુજબ કોઈપણ મહત્વના પ્રશ્ન ઉપર ૫ મિનિટ કરતાં વધુ સમય ફાળવવાની બાબત અધ્યક્ષશ્રીના સ્વવિવેકને આધિન છે. તેની સામે કોઈ વાંધો લઈ શકાય નહીં. આથી સભ્યશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તેમ જણાવી તેમણે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો.

૩.	સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયક

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૬, સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (સુધારા) વિધેયક,

૪	બિન સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી ભૂષણભાઈ ભટ્ટે, સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૬, સન ૨૦૧૪નું ગુજરાત જાહેર સંપતિને થતું નુકશાન અને તોડફોડ અટકાવવા બાબત વિધેયકના પ્રથમ વાચનનો પ્રસ્તાવ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી સહિત કુલ ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્યશ્રી ભૂષણભાઈ ભટ્ટે આપ્યા બાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લીધું.

(૨) સભ્ય ડૉ. નીમાબેન આચાર્યએ સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૪, સન ૨૦૧૪નું ગુજરાત રાજય કેન્સર અને ડ્રગના વ્યસનથી પીડિત લોકોની સારવાર માટેના માળખાકીય ફંડ બાબતના વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય આરોગ્ય મંત્રીશ્રી સહિત કુલ ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્ય ડૉ.નીમાબેન આચાર્યે આપ્યા બાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લીધું.

(૩) સભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૫, સન ૨૦૧૪નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

ત્યારબાદ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી સહિત કુલ ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચાનો જવાબ સભ્યશ્રી દુષ્યંતભાઈ પટેલે આપ્યા બાદ વિધેયક સભાગૃહની અનુમતિથી પાછુ ખેંચી લીધું.

## **શુક્રવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૧૫**

૧.	પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨.	સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) ગુજરાત રાજય બાંધકામ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત રાજય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૩) ગુજરાત રાજય બીજ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ

(૬) ગુજરાત હાઉસીંગ બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૭) ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડના સન ૨૦૦૮–૨૦૦૯ ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૮) ગુજરાત રાજય મહિલા આયોગનો સન  ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૯) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના  સન ૧૯૪૯ના ગુજરાત પ્રોવિન્શયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ અન્વયેના તા.૧૫–૧–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક–કેવી/ ૨૦૧૫નો૩૮/ એમઆઈએસસી/ ૧૦૨૦૧૪/ ૫૬૪૦/ પી

(૧૦) બંદરો અને વાહન વ્યવહાર વિભાગની–

સન ૧૯૫૮ના ગુજરાત મોટર વાહન વેરા અધિનિયમ  અન્વયેની

(૧) તા.૨૪–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–પીટી/ ૨૦૧૪/ ૧/ એમટીએ / ૧૨૨૦૧૦/૧૮૬૯/ ખ તેમજ આ અધિસૂચના સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૨) તા. ૦૫–૦૮–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–પીટી/ ૨૦૧૪/ ૧૬/ એમટીએ/ ૧૨૨૦૧૪/ મંત્રી–૨૧/ ખ

(૧૧) માહિતી અને પ્રસારણ વિભાગની–

(૧) ૧૯૭૭ના ગુજરાત મનોરંજન કર અધિનિયમ અન્વયેની તા. ૧૪–૧૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક– જીએચટી/ ૨૦૧૪/ ૨૫/ મનર/ ૧૦૨૦૧૪/ ૧૭૦૫/ એ તથા તા. ૦૬–૧૨–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–જીએચટી/ ૨૦૧૪/ ૨૯/ ઈપીટી/ ૧૦૨૦૦૮/ ૭૨૬/ એ

(૨) ૨૦૦૪ના ગુજરાત સિનેમા (નિયમન) અધિનિયમ અન્વયેની તા.૦૭–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–જીએચટી/ ૨૦૧૪/ ૧/ બીસીઆર/ ૧૦૨૦૦૪/ ૩૦૮૭/ એ

(૧૨) પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની–

સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની

(૧) તા.૧૭–૦૨–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૪ નો ૧૩/ પીઆરઆર/ ૧૦૨૦૧૪/૧૦૬/ ખ

(૨) તા.૭–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૦૨/૨૦૧૪/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૯૧૧/ ખ

(૩) તા.૨૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૪ નો ૦૯/ પીઆરઆર/ ૧૦૨૦૧૪/૯૪/ ખ

(૪) તા.૨૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૪ નો ૦૮/ પીઆરઆર/ ૧૦૨૦૧૪/૯૩/ ખ

(૫) તા.૨૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૪ નો ૧૦/ પીઆરઆર/ ૧૦૨૦૧૪/૭૭/ ખ

(૬) તા.૦૪–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૦૧/ ૨૦૧૪/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/ ૧૮૯૭/ ખ

(૭) તા.૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૩ નો ૩૭/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૪૭/ ખ

(૮) તા.૨૯–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૪ નો ૧૧/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૫૮/ ખ

(૯) તા.૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૩ નો ૩૮/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૫૮/ ખ

(૧૦) તા.૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૩ નો ૩૯/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૪૫/ ખ

(૧૧) તા.૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૩ નો ૪૧/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૪૬/ ખ

(૧૨) તા.૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૩ નો ૪૦/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૯૧/ ખ

(૧૩) તા.૦૧–૦૧–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૩ નો ૩૬/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/૧૮૪૮/ ખ

(૧૪) તા.૧૪–૦૫–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૧૮/ ૨૦૧૪/ પીએસઆર/ ૧૨૯૪/ ૭૦૭/ ખ

તેમજ આ અધિસૂચનાઓને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

૩. રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (પહેલો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી કેશાજી ચૌહાણે, સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાના અનુમોદનથી તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ રજૂ કરેલ નીચે મુજબનો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

"અમો, આ સત્રમાં એકત્ર થયેલા ગુજરાત વિધાનસભાના સભ્યો, રાજયપાલશ્રીએ આ સભાગૃહ સમક્ષ કરેલા સંબોધન બદલ તેમનો આભાર માનીએ છીએ."

ત્યારબાદ સભ્યો, શ્રી જોઈતાભાઈ પટેલ, શ્રી મણીભાઈ વાઘેલા, શ્રી ધારશીભાઈ ખાનપુરા, શ્રી રમેશભાઈ ચાવડા, શ્રી પ્રહલાદભાઈ પટેલ, ડો. અનિલભાઈ જોષીયારા, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, ડૉ. તેજશ્રીબેન પટેલ, શ્રી શૈલેષભાઈ પરમાર, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રી મેરામણભાઈ ગોરીયા, શ્રી હર્ષદભાઈ રીબડીયા, શ્રી પ્રવિણભાઈ રાઠોડ, શ્રી અમિતભાઈ ચાવડા, શ્રી પુનમભાઈ પરમાર, શ્રી નટવરસિંહ ઠાકોર, શ્રી ગેંદાલભાઈ ડામોર, શ્રી સી.કે. રાઉલજી, ડૉ. મિતેષભાઈ ગરાસીયા, શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી પુનાભાઈ ગામીત અને શ્રી બલવંતસિંહ રાજપૂતે ઉકત પ્રસ્તાવ પર તેમના સુધારા રજૂ કર્યા.

પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી સહિત કુલ ૧૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

૪. અધ્યક્ષશ્રીનો નિર્ણય

વિરામ બાદની બેઠકની શરૂઆતમાં, તા.૨૫–૨–૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરી સમય બાદ માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા સંબંધે મુલતવી રાખેલ નિર્ણય આપતા માનનીય અધ્યક્ષશ્રીએ પ્રસ્તુત પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દામાં માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલના જે શબ્દો સામે વાંધો ઉઠાવવામાં આવેલો તે શબ્દો, તત્સમયે માનનીય અધ્યક્ષશ્રી ધ્વારા રેકર્ડ પરથી દૂર કરવામાં આવ્યા હતા. આમ જે શબ્દો રેકર્ડ પર નથી, તેવા શબ્દો સામે ઉઠાવાયેલો પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરેલ હતો.

## સોમવાર, તા.૨જી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. સૂત્રોચ્ચાર, સસ્પેન્શન અને સભાત્યાગ

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ તાજેતરમાં એક મહિલાની થયેલી હત્યા અંગે અગત્યનો મુદ્દો ઉઠાવવાનો પ્રયાસ કરતા માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, માનનીય મંત્રીશ્રીની પરવાનગી મળેલ ન હોઈ આ મુદ્દો ઉઠાવી શકાશે નહીં. આમ છતાં, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ ઝીરો અવરના મુદ્દા તરીકે મુદ્દો ઉઠાવવા પરવાનગી આપવા સતત આગ્રહ કર્યો. માનનીય અધ્યક્ષશ્રીએ ઝીરો અવર્સની આપણે ત્યાં કોઈ પ્રથા ન હોઈ તેમજ આપણી પ્રણાલી અનુસાર માનનીય મંત્રીશ્રીએ પરવાનગી પણ આપેલ ન હોઈ મુદ્દો ઉઠાવવા દેવા પરવાનગી આપી શકાય નહીં તેમ જણાવ્યું.

આમ છતાં, આ બાબતે અનુમતિ આપવા સતત આગ્રહ કરી કોંગ્રેસ પક્ષના મોટા ભાગના સભ્યો તબકકાવાર વેલમાં ધસી આવ્યા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા તેમજ કેટલાક સભ્યો ધ્વારા કાગળો ફાડીને ઉડાડવામાં આવતાં માનનીય અધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા તમામ સભ્યોને એક એક કરીને બહાર લઈ જવા સાર્જન્ટને આદેશ આપ્યો. તદ્નુસાર વેલમાં

આવેલા કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને સાર્જન્ટ ધ્વારા બહાર લઈ જવામાં આવ્યા અને માનનીય અધ્યક્ષશ્રીએ તેમને નિયમ–૫૧ હેઠળ આજના દિવસ માટે સસ્પેન્ડ કર્યા. તદ્નુસાર પોતાના સ્થાન ઉપર ઉભા રહેલા અને વેલમાં ન આવેલા વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી શકિતસિંહ ગોહિલ, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી બલવંતસિંહ રાજપૂત, શ્રી રાઘવજીભાઈ પટેલ તથા શ્રી રામસિંહ પરમાર સિવાયના કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત અને વેલમાં આવેલા તમામ સભ્યોને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા.

સસ્પેન્ડ કરવામાં આવેલા સભ્યશ્રીઓને સાર્જન્ટ ધ્વારા બહાર લઈ જવામાં આવ્યા અને ત્યારબાદ વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી શકિતસિંહ ગોહિલ, શ્રી મોહનસિંહ રાઠવા, શ્રી બલવંતસિંહ રાજપૂત, શ્રી રાઘવજીભાઈ પટેલ તથા શ્રી રામસિંહ પરમારે સભાત્યાગ કર્યો.

૩. સમિતિના અહેવાલની રજૂઆત

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલે સમિતિનો સાતમો અહેવાલ રજૂ કર્યો.

૪ સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના સાતમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (બીજો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી કેશાજી ચૌહાણે, સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાના અનુમોદનથી તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ રજૂ કરેલો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સહિત ૧૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

## મંગળવાર, તા.૩જી માર્ચ, ૨૦૧૫

## ( પહેલી બેઠક )

૧. રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા (ત્રીજો અને છેલ્લો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી કેશાજી ચૌહાણે, સભ્ય શ્રીમતી ભાનુબેન બાબરીયાના અનુમોદનથી તા.૨૩મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ રજૂ કરેલો પ્રસ્તાવ ગૃહ સમક્ષ વાંચી સંભળાવ્યો.

આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં રાજયકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી સહિત ૨૩ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

આભાર પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ સભ્યશ્રી કેશાજી ચૌહાણે આપ્યો.

ત્યારબાદ રાજયપાલશ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પરના રજૂ થયેલ સુધારા ક્રમાંકઃ ૨, ૩, ૫, ૬, ૭, ૯, ૧૧, ૧૨, ૧૩, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૨, ૨૪, ૨૫, ૨૬, ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨ અને ૩૪ મત માટે મૂકવામાં આવ્યા અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ રાજયપાલશ્રીના સંબોધન માટેનો આભાર પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૨.	પોઈન્ટ ઓફ ઓર્ડર

આભાર પ્રસ્તાવ પરની ચર્ચામાં માનનીય સભ્યશ્રી પૂંજાભાઈ વંશ પોતાનું વકતવ્ય આપી રહયાં હતા ત્યારે તેમના પ્રવચનમાં ભારતના વડાપ્રધાનશ્રીના સંદર્ભમાં કરાયેલ ટીકાત્મક ઉલ્લેખો અંગે માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી, આપણા નિયમો અને પ્રણાલિ અનુસાર દેશના વડાપ્રધાન, ભારતના રાષ્ટ્રપતિ, માનનીય ગવર્નરશ્રી વગેરે સંદર્ભે ટીકાત્મક ઉલ્લેખ કરી પોતાના પ્રવચન પર પ્રભાવ પાડી શકાતો નથી તેમ જણાવેલ હતું.

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દાનો સ્વીકાર કરીને આવા ટીકાત્મક શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવાનો આદેશ આપેલ હતો.

## (બીજી બેઠક)

૧.	પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબો આપવામાં આવ્યા તેમજ પહેલી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨.	પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૬૦ થી ૧૯૮૪ના પાના નં.૨૪૭ પરના નિર્ણય ક્રમાંક : ૩૬૧ના આધાર ઉપર પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું ધ્યાન દોર્યું કે, પ્રશ્નોત્તરી કાળમાં માનનીય સભ્યશ્રી ધ્વારા પૂછવામાં આવેલ સ્પેસિફિક પ્રશ્નનો સ્પેસિફિક જવાબ માનનીય મંત્રીશ્રી પાસે હોવો જ જોઈએ. આજની તારાંકિત પ્રશ્નોત્તરીના અગ્રતાક્રમ ૧૦ ઉપર માનનીય સભ્યશ્રી રામસિંહભાઈ ધ્વારા પૂછવામાં આવેલ પૂરક પ્રશ્ન રીલેવન્ટ અને પોઈન્ટેડ હોવા છતાં માનનીય મંત્રીશ્રી તે અંગે માહિતી આપી શકયા નથી, ત્યારે આપનું રક્ષણ માગું છું.

માનનીય અધ્યક્ષશ્રીએ આ પોઈન્ટ ઓફ ઓર્ડર સંદર્ભે નિર્ણય આપતા જણાવયું કે, સંબંધિત પૂરક પ્રશ્ન સંદર્ભે પશુઓની સંખ્યાની માહિતી ટેબલ ઉપર મૂકવા તત્સમયે જ મેં માનનીય મંત્રીશ્રીને સૂચના આપી હોઈ પ્રસ્તુત માહિતી ટેબલ ઉપર મૂકી દેવાશે. આથી હું આ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરૂં છું.

૩.	સમિતિના અહેવાલની રજૂઆત

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

૪.	સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના પ્રમુખશ્રી બાબુભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, સભાગૃહની બેઠકોમાંથી સભ્યોની ગેરહાજરી બાબતની સમિતિના ત્રીજા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.

૫.	પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરૂઆતમાં માનનીય નાણ ામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષ માટેની પૂરક માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩)ની સાથે વાંચતા અનુચ્છેદ ૨૦૫ અન્વયેની માનનીય રાજયપાલશ્રીએ વિધાનસભાને કરેલી સિફારસ વાંચી સંભળાવી.

જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૪૪, માહિતી અને પ્રચાર સેવા અંગેની માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૫૪, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૮૯, સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૫ તથા વીજળી શકિત પરિયોજનાને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૧૩ માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક ૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪ અને ૫, પૂરક માગણી ક્રમાંક ૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૬ અને ૭, પૂરક માગણી ક્રમાંક ૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૮ અને ૯, પૂરક માગણી ક્રમાંક ૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ અને ૧૧ તથા પૂરક માગણી ક્રમાંક ૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ અને ૧૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

પૂરક માગણીઓ ઉપરની ચર્ચા શરૂ થવાના તબકકે માનનીય અધ્યક્ષશ્રીએ પૂરક માગણીઓ પરની ચર્ચાની મર્યાદા અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ પૂરક માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૮ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨ અને ૧૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૪૪, ૫૪, ૮૯, ૫ અને ૧૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. બિન–સરકારી સંકલ્પો

(૧) સભ્યશ્રી અશોકકુમાર પટેલે, "સ્વચ્છ ભારત અભિયાન રાજયવ્યાપી ઝૂંબેશ બને તે માટે જરૂરી પગલાં લેવા રાજય સરકારને અનુરોધ કરવા" અંગેનો સંકલ્પ રજૂ કરી મંતવ્યો વ્યકત કર્યા અને માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી સહિત કુલ ૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી પ્રહલાદભાઈ પટેલે, "રાજયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ દિન–પ્રતિદિન કથળતી જાય છે, ત્યારે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામાન્ય બને તેવી કામગીરી કરવા માટે રાજય સરકારને અનુરોધ કરવા" અંગેનો સંકલ્પ રજૂ કરી મંતવ્યો વ્યકત કર્યા અને માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી સહિત કુલ ૮ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

## બુધવાર, તા.૪થી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ બીજી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

પૂંજાભાઈ વંશે, "રાજયમાં છેલ્લા બે દિવસમાં થયેલ કમોસમી વરસાદના કારણે ખેડૂતોના ઉભા પાક જેવા કે ઘઉં, તલ, કેરી, જીરૂ વગેરેને ભારે નુકસાન થયેલ છે, તેના કારણે ખેડૂત વર્ગમાં ફેલાયેલ હતાશા અને ચિંતાની લાગણી દૂર કરવા" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય કૃષિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) ગુજરાત રાજય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ અને નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) ગુજરાત મેડિકલ સર્વિસીસ કોર્પોરેશન લિમિટેડનો તા.૨૩–૮–૨૦૧૨ થી તા.૩૧–૩–૨૦૧૩ સુધીનો અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૩) ગુજરાત ખનિજ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ અને નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત વૃધ્ધિ વિકાસ કેન્દ્ર લિમિટેડનો સન ૨૦૧૦–૨૦૧૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૫) ગુજરાત રૂરલ ઈન્ડસ્ટ્રીઝ માર્કેટીંગ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૭) ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડના સન ૨૦૧૨–૨૦૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તથા સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૧૨–૨૦૧૩ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૮) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૯) ગુજરાત બાયોડાયવર્સિટી બોર્ડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ

(૧૦) સામાન્ય વહીવટ વિભાગના સન ૨૦૧૩ના ગુજરાત (જાહેર સેવાઓ અંગેનો નાગરિકોનો અધિકાર) અધિનિયમ અન્વયેના તા.૧૧–૮–૨૦૧૪ના જાહેરનામા ક્રમાંક–જીએસ/ ૩૦/ ૨૦૧૪/ એનએપી– ૧૦૨૦૧૩/ ૮૧૭/ એઆરટીડી–૧

(૧૧) કૃષિ અને સહકાર વિભાગના સન ૧૯૬૧ના ગુજરાત સહકારી મંડળી અધિનિયમ અનવયેના તા.૨૦–૭–૨૦૧૨ના જાહેરનામા ક્રમાંક– જીએચકેએચ– ૫૯– ૨૦૧૨– સીએસબી– ૧૨– ૨૦૦૯– ૨૫૯૬– ચ તેમજ આ જાહેરનામું સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

૪. પૂરક માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો અને છેલ્લો દિવસ)

માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૩૯, શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૫૭, સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૭૦, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૮૭ તેમજ આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની પૂરક માગણી ક્રમાંક ૯૬ રજૂ કરી.

પૂરક માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ પૂરક માગણી ક્રમાંક ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૩, ૪, ૫ અને ૬, પૂરક માગણી ક્રમાંક ૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૭, પૂરક માગણી ક્રમાંક ૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૮, પૂરક માગણી ક્રમાંક ૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૯ અને પૂરક માગણી ક્રમાંક ૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૪(૪) અન્વયે ગિલોટીન અંગેની જાહેરાત કરી.

ત્યારબાદ રજૂ થયેલી પૂરક માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર એકી સાથે ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૩ સભ્યશ્રીઓએ ભાગ લીધો. ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુક્ત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ પૂરક માગણી ક્રમાંક ૩૯, ૫૭, ૭૦, ૮૭ અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. ગિલોટીન થયેલી માગણીઓ

માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સન ૨૦૧૪–૨૦૧૫ના વર્ષની પૂરક માગણી ક્રમાંક ૨, ૬, ૯, ૨૨, ૩૦, ૩૨, ૩૩, ૩૫, ૩૮, ૪૩, ૪૬, ૪૮, ૫૦, ૫૧, ૫૯, ૬૦, ૬૬, ૬૭, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૭૯, ૮૦, ૮૧, ૮૨, ૮૬, ૮૮, ૯૨, ૯૩, ૯૫, ૯૮, ૧૦૨ અને ૧૦૫ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવતા તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## સોમવાર, તા.૯મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ ત્રીજી અને ચોથી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. વિશ્વ મહિલા દિન નિમિત્તે માનનીય રાજયકક્ષાના મહિલા અને બાળ વિકાસ મંત્રી પ્રો.વસુબેન ત્રિવેદીએ સમગ્ર વિશ્વની મહિલાઓને શુભેચ્છા પાઠવી. ત્યારબાદ માનનીય સભ્ય શ્રીમતી વિભાવરીબેન દવે અને ડૉ. તેજશ્રીબેન પટેલે પણ શુભેચ્છા પાઠવી.

૩. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય રાજયપાલશ્રીના સંબોધન પરનું શુધ્ધિપત્રક મોડુ મળવા બાબતે માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે પૂર્વ અધ્યક્ષશ્રીનો તા.૨જી માર્ચ, ૨૦૧૦ના નિર્ણયનો ઉલ્લેખ કરી સભ્યશ્રીઓને સમયસર ું શુધ્ધિપત્રક મળવો જોઈએ તે મતલબનો મુદ્દો ઉપસ્થિત કરીને જણાવ્યું કે સભ્યશ્રીઓને સંબોધન પરની ચર્ચા પૂરી થયા બાદ મળ્યું છે, તે યોગ્ય નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દા અંગે શુધ્ધિપત્રક કયારે મળ્યું તે અંગેનો રેકર્ડ જોઈને પોતાનો નિર્ણય જાહેર કરશે તેમ જણાવ્યું.

૪ સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયક

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૭, સન ૨૦૧૫નું ગુજરાત (પૂરક) વિનિયોગ વિધેયક.

૫. અધ્યક્ષશ્રીની જાહેરાત

વિધેયક ક્રમાંક–૭ના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કર્યા બાદ, માનનીય અધ્યક્ષશ્રીએ, આજરોજ પૂરક વિનિયોગ વિધેયક ઉપરાંત સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષના અંદાજપત્ર પરના પહેલા દિવસની સામાન્ય ચર્ચા પણ હાથ ધરવામાં આવનાર હોઈ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાને વધુ સમય મળે તે હેતુથી નિયમ ૨૩૯ હેઠળ તેમને મળેલ સત્તાની રૂએ નિયમ–૨૩૮(૩)માં છૂટછાટ મૂકી પૂરક વિનિયોગ વિધેયક પરની ચર્ચા અને મતદાન માટે બપોરના ૧–૩૦ વાગ્યા સુધીનો સમય ઠરાવવા અને જે ચાર સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપ્યા છે, તેમને ચાર–ચાર મિનિટનો સમય ફાળવવા અંગે જાહેરાત કરી.

૬. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (પહેલો દિવસ)

તા.૨૪મી ફેબ્રુઆરી, ૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલા સન ૨૦૧૫–૨૦૧૬ના અંદાજપત્રની સામાન્ય ચર્ચા શરૂ થાય તે પહેલા માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના અવકાશ અંગે ગૃહને માર્ગદર્શન આપ્યું.

ત્યારબાદ માનનીય વિરોધપક્ષના નેતાશ્રી અને આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી સહિત ૧૯ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

૭. પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી, માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સિનિયર મંત્રીશ્રી છે અને પોતાના પ્રવચનના અંતે 'ભારત માતા કી જય' જેવા ઉચ્ચારણો કરે તે વાજબી ન ગણી શકાય અને તેનાથી સંસદીય પ્રણાલીનો ભંગ થાય છે. તેવો મુદ્દો ઉપસ્થિત કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ રેકર્ડની ચકાસણી કરીને હું મારો નિર્ણય જાહેર કરીશ તેમ જણાવ્યું.

## મંગળવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૧૫
## ( પહેલી બેઠક)

૧. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (બીજો દિવસ)

સોમવાર, તા.૯મી માર્ચ, ૨૦૧૫ના રોજ અંદાજપત્ર પર અધૂરી રહેલી સામાન્ય ચર્ચા આગળ ચાલી અને માનનીય રાજયકક્ષાના આરોગ્ય મંત્રીશ્રી સહિત ૨૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

## ( બીજી બેઠક)

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી કે, આજરોજ તા.૧૦મી માર્ચ, ૨૦૧૫ના 'ગુજરાત સમાચાર' વર્તમાનપત્રમાં વિધાનસભાના અન્ડર ગ્રાઉન્ડ સમ્પમાં મરેલું કૂતરૂં અને પક્ષીઓથી પીવાનું પાણી ગંદુ આવે છે તેવા સમાચાર પ્રસિધ્ધ થયા છે, તે બાબતને ગંભીરતાથી લઈ મેં તપાસ કરાવી છે. જે રિપોર્ટ પ્રાપ્ત થયેલ છે તે મુજબ શરૂઆતથી જ સમ્પ ઉપર ભારે વજનના બે લોખંડના ઢાંકણા મૂકવામાં આવેલ છે, ઢાંકણા ખોલીને તપાસ કરતા તે અંદરથી સાફ કરેલ જણાયેલ છે.

વિધાનસભા સંકુલમાં શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે શરૂઆતથી જ આર.ઓ. પ્લાન્ટ કાર્યરત છે, જેના ધ્વારા શુધ્ધ થયેલ પાણી જ કુલર મારફતે સમગ્ર સંકુલમાં પીવાના ઉપયોગમાં લેવામાં આવે છે. આ બજેટ સત્ર શરૂ થતા પહેલા કરવામાં આવેલ લેબોરેટરી ટેસ્ટ મુજબ પાણીની ગુણવત્તા નિયત માપદંડ મુજબની અને પીવાલાયક છે. આમ પ્રસિધ્ધ થયેલ સમાચાર સત્યથી વેગળા છે.

૩. અધ્યક્ષશ્રીનો નિર્ણય

માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે તા.૯મી માર્ચ, ૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરી સમય પછી રાજયપાલશ્રીના સંબોધનની અંગ્રેજી આવૃત્તિમાં થયેલ મુદ્રણ દોષનું શુધ્ધિપત્રક મોડું મળવા બાબતે જે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરેલો તે અંગે માનનીય અધ્યક્ષશ્રીએ નિર્ણય આપ્યો કે રેકર્ડ જોતાં વિભાગ તરફથી તા.૩જી માર્ચ એટલે કે, રાજયપાલશ્રીના આભાર પ્રસ્તાવ પરની ચર્ચાના ત્રીજા અને છેલ્લા દિવસે આ અંગેનો દિલગીરી વ્યકત કરતો પત્ર મળ્યો હતો.

રાજયપાલશ્રીના પ્રવચન પછી ત્રણ દિવસ બાદ તેની ચર્ચા થવાની હતી, એટલે આ ગાળા દરમ્યાન જો કોઈ મુદ્રણ દોષ હોય તો તે સુધારવા માટે વિભાગ પાસે સમય હતો, તેમ છતાં આમ થવા પામ્યું છે. ભવિષ્યમાં આ બાબતનુ પુનરાવર્તન ન થાય તે માટે વિભાગને પૂરતી કાળજી રાખવા હું સૂચના આપું છું.

૪. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ત્રીજો દિવસ)

મંગળવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૧૫ના રોજ પહેલી બેઠકમાં અંદાજપત્ર પર અધૂરી રહેલી સામાન્ય ચર્ચા આગળ ચાલી અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી સહિત ૧૯ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

## બુધવાર, તા.૧૧મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે આજની પશ્નોત્તરીના અગતાક્રમ–૭૩ પરના પ્રશ્નમાં સભ્યશ્રીના નામમાં ભૂલ હોવા છતાં સભ્યશ્રીઓને આપવામાં આવેલ શુધ્ધિપત્રકમાં આ ભૂલ સુધારવામાં આવી નથી, તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબત વિધાનસભા સચિવાલયને લગતી હોઈ, તે અંગે ગૃહમાં કોઈ મુદ્દો ઉપસ્થિત કરી શકાતો નથી. એ માટે મારી ચેમ્બરમાં આવીને મને મળી શકો છો, એમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કર્યો.

૩. મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ નાના અને સીમાંત ખેડૂતોને સુક્ષ્મ સિંચાઈ પધ્ધતિ અપનાવવા માટે હાલમાં મળતી સહાય ઉપર ૧૦ ટકા વધારાની સહાય આપવા સંબંધમાં નિવેદન કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી રજનીકાન્ત પટેલે તા.૧૦–૧૧–૨૦૧૨ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી બળદેવજી ઠાકોરના, "ગાંધીનગર જિલ્લાના કલોલમાં સબજેલનું મકાન બનાવવાનું આયોજન" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક ૧૩૩૦૮ (અગ્રતાક્રમ–૧)ના અનુસંધાને વધારાની માહિતી સભાગૃહના મેજ ઉપર મૂકી

૫. સમિતિના અહેવાલની રજૂઆત

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલે સમિતિનો આઠમો અહેવાલ રજૂ કર્યો.

૬. સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૭. અંદાજપત્ર પર સામાન્ય ચર્ચા (ચોથો અને છેલ્લો દિવસ)

મંગળવાર, તા.૧૦મી માર્ચ, ૨૦૧૫ના રોજ બીજી બેઠકમાં અંદાજપત્ર પરની અધૂરી રહેલ સામાન્ય ચર્ચા આગળ ચાલી અને તેમાં ૧૯ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

૮. અધ્યક્ષશ્રીની જાહેરાત

અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચાના માનનીય મંત્રીશ્રીના જવાબ પહેલા, માનનીય અધ્યક્ષશ્રીએ જાહેરાત કરી કે, આજરોજ અંદાજપત્ર પરની સામાન્ય ચર્ચામાં ભાગ લેતી વખતે સભ્યશ્રી શૈલેષભાઈ પરમારે તેમના વકતવ્યમાં શ્રીમતી સોનિયા ગાંધીએ હિન્દુ સંસ્કૃતિનું પાલન કર્યા અંગેના ઉલ્લેખ કર્યા બાદ અન્ય સ્ત્રીઓના સંબંધમાં દોષારોપણયુકત ઉલ્લેખો કરીને અન્ય સ્ત્રીઓની બદનક્ષી થાય તેવા જે ઉલ્લેખો કર્યા છે, તેનાથી આ સભાગૃહની ગરિમાનું હનન થયું છે. રાજયની સર્વોચ્ચ સંસ્થામાં આ પ્રકારના ઉલ્લેખની પરંપરા શરૂ થશે તો સભાગૃહની ગરિમા જાળવવી મુશ્કેલ બનશે.

સંસદીય લોકશાહીની સફળતા માટે સૌમ્ય અને સુસંસ્કૃત ભાષા ખૂબ જ આવશ્યક છે. વિધાનસભાના નિયમોના નિયમ–૩૬ હેઠળ ચર્ચા દરમ્યાન કોઈપણ સભ્ય કોઈની પણ બદનક્ષી થાય તેવા અથવા કોઈપણ વ્યકિત ઉપર દોષારોપણયુકત ઉલ્લેખો કરી શકતા નથી. સભ્યશ્રી શૈલેષભાઈ પરમારે આવા જે ઉલ્લેખો તેમના વકતવ્ય દરમ્યાન કર્યા છે, તેને હું સખ્ત શબ્દોમાં વખોડી નાંખીને ગૃહની કાર્યવાહીમાંથી તે શબ્દો દૂર કરૂં છું. અને સભ્યશ્રી શૈલેષભાઈને તાકીદ કરૂં છું કે ભવિષ્યમાં આ પ્રકારના બદનક્ષીકારક કે દોષારોપણયુકત ઉલ્લેખો કરવામાં આવશે તો તેમની સામે ગૃહના નિયમો અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે.

આ તબકકે માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહના તમામ સભ્યોનું વિધાનસભાના નિયમોના નિયમ ૩૪, ૩૬ અને ૩૭ની જોગવાઈઓ તરફ ધ્યાન દોરીને સૂચના આપી કે ગૃહમાં વકતવ્ય આપતી વખતે દરેક સભ્યએ નિયમોથી લદાયેલા નિયંત્રણોનું ચુસ્તપણે પાલન કરવું, જેથી ગૃહની ગરિમા જળવાઈ રહે.

## ગુરૂવાર, તા.૧૨મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨. પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે તારીખ ૩જી માર્ચ અને તારીખ ૧૧મી માર્ચના બે એક સરખા પ્રશ્નોના અલગ અલગ જવાબો આપવામાં આવ્યા છે તેમ જણાવ્યું, તદુપરાંત આજરોજ તારીખ ૧૨મી માર્ચ, ૨૦૧૫ની તારાંકિત પ્રશ્નોત્તરીની યાદી પણ અગ્રતાક્રમ–૧૯ અને અગ્રતાક્રમ–૭૧માં પણ એક જ બાબત અંગેની માહિતીમાં તફાવત છે તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ આ અંગે સભ્યશ્રીએ ટાંકેલ વિગતોનો અભ્યાસ કરીને નિર્ણય પછીથી આપવામાં આવશે તેમ જણાવ્યું.

૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી પૂંજાભાઈ વંશે નિયમ–૧૧૬ અન્વયે, "તાજેતરમાં વડોદરા શહેર નજીક આવેલા દરજીપુરા પાંજરાપોળમાં અંદાજે ૪૩ જેટલા અબોલ પશુઓના તથા વડોદરા શહેરની સયાજીગંજ પાંજરાપોળમાં અંદાજે ૫૮ જેટલા અબોલ પશુઓના થયેલ મૃત્યુને કારણે રાજયના જીવદયા પ્રેમીઓમાં વ્યાપેલ રોષ અને ધિકકારની લાગણી દૂર કરવા લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" સંબંધમાં તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય પશુપાલન મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય પશુપાલન મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહના તમામ સભ્યોનું ધ્યાન દોરતાં જણાવ્યું કે, છેલ્લા કેટલાક સમયથી જોવામાં આવ્યું છે કે પ્રશ્નોત્તરી દરમ્યાન સભ્યશ્રીઓ ધ્વારા લાંબા અને પૂર્વભૂમિકા સાથેના પ્રશ્નો પૂછવામાં આવે છે અને મંત્રીશ્રીઓ ધ્વારા પણ લાંબા લંબાણપૂર્વક જવાબો આપવામાં આવે છે, જે યોગ્ય નથી.

પ્રશ્નકાળની અગત્યતા ધ્યાનમાં રાખીને પૂર્વ અધ્યક્ષશ્રીઓ ધ્વારા પ્રશ્નકાળમાં પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવો નહીં, તેવું ધોરણ પણ પ્રસ્થાપિત કરવામાં આવેલ છે ત્યારે પૂર્વ અધ્યક્ષશ્રીના તા.૨૫–૨–૨૦૧૦ના આ બાબતના માર્ગદર્શનને ધ્યાને લઈ પૂરક પ્રશ્નો પૂછતી વખતે લાંબી પૂર્વભૂમિકા, અભિનંદન, આવકાર, વ્યંગાત્મક વિશેષણો જેવા શબ્દપ્રયોગો કર્યા વગર ટૂંકમાં સીધો જ પૂરક પ્રશ્ન પૂછવામાં આવે અને માનનીય મંત્રીશ્રીઓ ધ્વારા પણ પૂછવામાં આવેલ પૂરક પ્રશ્નને સુસંગત જવાબ ટૂંકમાં આપવામાં આવે તેવી સૂચના પણ માનનીય અધ્યક્ષશ્રીએ આપી.

૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પહેલો દિવસ)

શરૂઆતમાં માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષ માટેના અંદાજપત્રની માગણીઓની વિચારણા કરવા માટે સંવિધાનના અનુચ્છેદ ૨૦૩(૩) અન્વયેની માનનીય રાજયપાલશ્રીની સિફારસ વાંચી સંભળાવી.

ત્યારબાદ મંત્રી પરિષદને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩૦, ચૂંટણીને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩૧, સામાન્ય વહીવટ વિભાગને લગતી સેવા અંગેની સામાન્ય વહીવટ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩૩ સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ, માહિતી અને પ્રચાર સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૪ માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૫ બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ માગણી ક્રમાંક ૩૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૯, માગણી ક્રમાંક ૩૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦ અને ૧૧, માગણી ક્રમાંક ૩૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૩ થી ૧૭, માગણી ક્રમાંક ૫૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૮, ૨૦ થી ૨૫, માગણી ક્રમાંક ૭૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬, ૨૭ અને ૨૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં બે સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તથા સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુક્ત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૧૧, ૧૩ થી ૧૮, ૨૦ થી ૨૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૦, ૩૧, ૩૩, ૫૪ અને ૭૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૬. બિન સરકારી વિધેયકો

પહેલા, બીજા અને ત્રીજા વાચન માટેનાં બિન–સરકારી વિધેયકો

(૧) સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતેસન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક ૧૩, સન ૨૦૧૩નું ગુજરાત ઘરેલુ કામદારો (રોજગાર નિયમન અને કલ્યાણ) વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સહિત ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૨) સન ૨૦૧૩નું વિધેયક ક્રમાંક–૧૧– સન ૨૦૧૩નું ગુજરાત રાજય તકેદારી આયોગ વિધેયકના પ્રભારી સભ્યશ્રી મહંમદજાવેદ પીરઝાદા સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી આ વિધેયક હાથ ધરી શકાયું નહીં.

(૩) સભ્યશ્રી બલવંતસિંહ રાજપતે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક ૧૧, સન ૨૦૧૪નું ગુજરાત રેગીંગ અટકાવવા બાબત વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી સહિત ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે આપ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

(૪) સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક ૧૨, સન ૨૦૧૪નું ગુજરાત રોજગાર બાંયધરી વિધેયકના પહેલા વાચનનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સહિત ૪ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો. ચર્ચાનો જવાબ સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે આપ્યો.

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

૭. સભાત્યાગ

સન ૨૦૧૪ના વિધેયક ક્રમાંક ૧૨ ઉપરની ચર્ચાનો વિધેયકના પ્રભારી સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે જવાબ આપ્યા બાદ, પ્રસ્તાવ મત માટે મૂકવાના તબકકે શ્રમ અને રોજગાર મંત્રીશ્રીના જવાબથી અસંતોષ વ્યકત કરી સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કરેલ હતો.

## શુક્રવાર, તા.૧૩મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી પૂંજાભાઈ વંશે, "તાજેતરમાં પાકિસ્તાન મરીન પોલીસ ધ્વારા રાજયના અંદાજિત ૪૫ જેટલા માછીમારોને દરિયાઈ સીમા ઓળંગતા ધરપકડ કરી છે. દરિયાઈ સીમાની હદની બહાર માછીમારો ન જાય તે માટે સઘન સુરક્ષા રાખવા તેમજ પકડાયેલ માછીમારોના પરિવારોને આર્થિક સહાય આપવા અને તેઓને મુકત કરાવવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) ગુજરાત શહેરી વિકાસ કંપની લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૨) મેટ્રો–લિન્ક એક્સપ્રેસ ફોર ગાંધીનગર એન્ડ અમદાવાદ (મેગા) કંપની લિમીટેડનો સન ૨૦૧૩–૨૦૧૪ નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત રાજય વન વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૧૨–૨૦૧૩ અને ૨૦૧૩–૨૦૧૪ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલો, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા સન ૨૦૧૨–૨૦૧૩ના વર્ષનો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૪)ગુજરાત રાજય મૂડી રોકાણ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત ઔદ્યોગિક મૂડી રોકાણ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૦૯–૨૦૧૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૭) ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ

(૮) ગુજરાત જાહેર સેવા આયોગનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ અને આયોગની સલાહના અસ્વીકારના કિસ્સાઓ માટેની સ્પષ્ટીકરણાત્મક યાદી

(૯) ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર વિકાસ બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ અને હિસાબો તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૦) ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલનું સન ૨૦૧૪–૨૦૧૫નું અંદાજપત્ર

૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બીજો દિવસ)

જિલ્લા વહીવટને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૮ તથા કુદરતી આફતો અંગે રાહતને લગતી સેવા અંગેની મહેસૂલ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૯ મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે તથા સમૂહ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૦ અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસને લગતી સેવા અંગેની પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૧ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસના રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી જયંતિભાઈ કવાડીયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થઈ ગઈ તેમ તેમ માગણી ક્રમાંક ૭૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨ થી ૧૨, ૧૬, ૧૭ અને ૧૯, માગણી ક્રમાંક ૭૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ થી ૨૫, માગણી ક્રમાંક ૭૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ તથા માગણી ક્રમાંક ૭૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮, ૨૯, ૩૩ થી ૩૭, ૩૯ અને ૪૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૩ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસના રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી જયંતિભાઈ કવાડીયા તથા મહેસૂલ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૨ થી ૧૨, ૧૬, ૧૭, ૧૯ થી ૨૬, ૨૮, ૨૯, ૩૩ થી ૩૭, ૩૯ અને ૪૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૭૮, ૭૯, ૭૦ અને ૭૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. અધ્યક્ષશ્રીની જાહેરાતો

માગણીઓ ઉપરની ચર્ચા દરમ્યાન સભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારના વકતવ્ય બાદ માનનીય અધ્યક્ષશ્રીએ નીચેની જાહેરાતો કરેલ હતી.

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને પોલીસ અધિક્ષક, પોરબંદરના તા.૧૩–૩–૨૦૧૫ના ફેકસ મેસેજથી જાણ કરવામાં આવેલ છે કે આજરોજ કીર્તિમંદિર પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુના રજીસ્ટર નં. ફર્સ્ટ ૦૯/૨૦૧૫ આઈ.પી.સી. કલમ ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ હેઠળના ગુના અન્વયે ૮૪– કુતિયાણા વિધાનસભા મત વિસ્તારના સભ્યશ્રી કાંધલ જાડેજા સામે નોંધાયેલ ગુના સબબ તા.૧૩–૩–૨૦૧૫ના ૪–૩૦ કલાકે અટકાયત કરવામાં આવેલ છે, તેવી જાહેરાત કરી.

(૨) માનનીય અધ્યક્ષશ્રીએ, વિશ્વનું સૌ પ્રથમ સોલાર વિમાન અત્યારે અમદાવાદ એરપોર્ટ ખાતે રોકાયેલ છે. આ વિમાન જોવા માટે માનનીય સભ્યશ્રીઓ માટે તા.૧૩–૩–૨૦૧૫ના રોજ બપોરના ૨.૦૦ કલાકથી સાંજના ૫.૦૦ કલાક સુધી અમદાવાદ એરપોર્ટ ખાતે ગુજરાત રાજયના નાગરિક ઉડ્ડયન વિભાગ તરફથી યોગ્ય વ્યવસ્થા કરવામાં આવેલ છે. આથી સૌ સભ્યોએ પરિવાર સાથે લાભ લેવા નિમંત્રણ છે, તેવી જાહેરાત કરી.

૬. બેઠકનો સમય લંબાવવા અંગે

માગણીઓ પરની ચર્ચાના જવાબ બાદ કાપ દરખાસ્તો મત પર મૂકવાના તબકકે, બેઠકનો સમય પૂરો થવા આવતા માનનીય મુખ્યદંડકશ્રી પંકજકુમાર દેસાઈએ માગણીઓ પર મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની સંમતિથી બેઠકનો સમય લંબાવેલ હતો.

## સોમવાર, તા.૧૬મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્ન અગ્રતાક્રમ–૧ પૂછવામાં આવ્યો અને તેનો જવાબ આપવામાં આવ્યો.

૨. સૂત્રોચ્ચાર અને પ્રદર્શન

સભ્ય શ્રીમતી કામિનીબા રાઠોડે નીલગાય અને ભૂંડથી ઉભા પાકને થતું નુકશાન અટકાવવા બાબતના તેમના પ્રશ્ન અગ્રતાક્રમ–૧ ઉપર પૂરક પ્રશ્ન પૂછતી વેળાએ તાજેતરમાં થયેલ કમોસમી વરસાદ અને માવઠાની બાબતને જોડીને પ્રશ્ન પૂછતા માનનીય અધ્યક્ષશ્રીએ તેમણે તેમના લેખિત પ્રશ્નની મર્યાદામાં જ પૂરક પ્રશ્ન પૂછવા જણાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી છતાં સભ્યશ્રીએ તે જ પ્રમાણે પૂરક પ્રશ્ન પૂછવાનું ચાલુ રાખ્યું અને તેમના સમર્થનમાં માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ પણ તાજેતરમાં થયેલ કમોસમી વરસાદ અને માવઠા અંગે શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરવાની પરવાનગી આપવામાં આવેલ નથી, તેથી સભ્યશ્રી પ્રશ્નમાં એ બાબતનો ઉલ્લેખ કરી રહયાં છે, તેમ જણાવી માનનીય અધ્યક્ષશ્રીએ શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરવા દેવા પુનઃ વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ માનનીય મંત્રીશ્રીની પરવાનગી વગર શૂન્યકાળમાં મુદ્દો ઉપસ્થિત કરી શકાતો નથી અને આપણે ત્યાં ઝીરો અવરની પ્રથા નથી તેમ જણાવ્યું અને આ બાબત અંગે માનનીય સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતની નિયમ–૧૧૬ની નોટિસ દાખલ થઈ ચૂકી છે ત્યારે તે નોટિસ પર ચર્ચા થાય ત્યાં સુધી ધીરજ રાખવા પણ જણાવ્યું.

આમ છતાં સભ્યો શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી અમિત ચૌધરી, શ્રી હર્ષદ રીબડીયા, શ્રી અશ્વિન કોટવાલ, ડૉ.તેજશ્રીબેન પટેલ, શ્રી જોઈતાભાઈ પટેલ, શ્રી બળદેવજી ઠાકોર તથા શ્રી મહેન્દ્રસિંહ વાઘેલાએ તેમના સ્થાન પરથી સૂત્રો લખેલા પ્લેકાર્ડ દર્શાવ્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહમાં કોઈપણ પ્રકારનું પ્રદર્શન કરી શકાતું નથી તેમ જણાવી સૌ સભ્યશ્રીઓને શાંતિ જાળવવા અને પ્રદર્શન ન કરવા વારંવાર વિનંતી કરી. તેમ છતાં ઉપરોકત સભ્યશ્રીઓએ પ્રદર્શન કરવાનું ચાલુ રાખ્યું અને સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના મોટા ભાગના સભ્યો તેમના સ્થાન પર બેઠા બેઠા પાટલીઓ થપથપાવવા લાગ્યા અને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.

૩. ત્યારબાદ અગ્રતાક્રમ–૨નો પ્રશ્ન પૂછવામાં આવ્યો અને તેનો જવાબ આપવામાં આવ્યો.

૪. સભાગૃહની બેઠક મુલતવી રાખવા અંગે

માનનીય અધ્યક્ષશ્રીની વારંવારની વિનંતી અને સૂચના છતાં ઉપરોકત સભ્યોએ તેમનું પ્રદર્શન ચાલુ રાખ્યું અને કોંગ્રેસ પક્ષના મોટા ભાગના સભ્યોએ તેમના સ્થાન પર બેઠા બેઠા પાટલીઓ થપથપાવવાનું અને સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું.

સભાગૃહની કાર્યવાહી આગળ ચલાવવાનું અશકય લાગતાં માનનીય અધ્યક્ષશ્રીએ બપોરના ૧૨.૧૦ કલાકે પ્રશ્નોત્તરી સમય પૂરો થાય ત્યાં સુધી સભાગૃહની બેઠક મૂલતવી રાખી.

## સભાગૃહની મુલતવી રહેલ બેઠક બપોરના ૧.૦૦ વાગ્યે ફરી મળી

૫. અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ તેઓને પોલીસ અધિક્ષક, પોરબંદરના તા.૧૩–૩–૨૦૧૫ના ફેક્સ મેસેજથી જાણ કરવામાં આવેલ છે કે, કીર્તિમંદિર પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ગુના રજીસ્ટર નં.ફર્સ્ટ ૦૯/૨૦૧૫ આઈ.પી.સી. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૯, ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૪૨૭ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ હેઠળના ગુના અન્વયે ૮૪–કુતિયાણા વિધાનસભા મત વિસ્તારના ધારાસભ્યશ્રી કાંધલ જાડેજાની તા.૧૩–૩–૨૦૧૫ના ૪.૩૦ કલાકે કરવામાં આવેલ અટકાયત બાદ તેઓશ્રીને નામદાર કોર્ટમાં રજૂ કરવામાં આવતા નામદાર કોર્ટ ધ્વારા તે જ દિવસે જામીન ઉપર મુકત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ કીર્તિમંદિર પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલ ચેપ્ટર કેસ ૯/૧૫, સી.આર.પી.સી. કલમ–૧૧૦ ઈજી મુજબ આ જ ગુનાસર સુલેહ શાંતિનો ભંગ ન થાય તે માટે સભ્યશ્રી કાંધલ જાડેજાની તા.૧૩–૩–૨૦૧૫ના રોજ ૧૯.૦૦ કલાકે સી.આર.પી.સી. કલમ ૪૧/૨ અન્વયે પુનઃ અટકાયત કરવામાં આવેલ છે, તેવી જાહેરાત કરી.

૬. સૂત્રોચ્ચાર, સસ્પેન્શન અને સભાત્યાગ

કોંગ્રેસ પક્ષના દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે પુનઃ કમોસમી વરસાદ અને માવઠા અંગે ચર્ચા કરવા દેવા વિનંતી કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ આ બાબતે નિયમ–૧૧૬ની નોટિસ દાખલ થઈ ચૂકી હોવાથી તે બાબત ચર્ચા પર આવે તે અગાઉ તેના અંગે ચર્ચા કરી શકાતી નથી તેમ જણાવ્યું. આમ છતાં સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના મોટા ભાગના સભ્યો આ મુદ્દે ચર્ચાનો આગ્રહ રાખી પ્લેકાર્ડ દર્શાવીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા.

માનનીય અધ્યક્ષશ્રીએ પ્લેકાર્ડ દર્શાવી રહેલા અને સૂત્રોચ્ચાર કરી રહેલા સભ્યોને શાંતિ રાખવા અને પ્રદર્શન ન કરવા વારંવાર વિનંતી કરવા છતાં અધ્યક્ષશ્રીની સૂચનાને અવગણીને તેમણે પ્રદર્શન ચાલુ રાખ્યું અને વેલમાં આવી ગયા. માનનીય અધ્યક્ષશ્રીએ પ્લેકાર્ડ દર્શાવી રહેલા અને વેલમાં આવેલા સભ્યો શ્રી હર્ષદકુમાર રીબડીયા, શ્રી નિરંજન પટેલ, શ્રી વજેસિંહ પણદા, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા, શ્રી અમિત ચૌધરી, ડૉ.મિતેષ ગરાસીયા, શ્રી પૂનાભાઈ ગામીત, શ્રી જોઈતાભાઈ પટેલ, શ્રી આનંદભાઈ ચૌધરી, શ્રી કરમશીભાઈ પટેલ, શ્રી કાંતિભાઈ ખરાડી, શ્રી સી.કે.રાઉલજી, શ્રી બાબુભાઈ વાજા, શ્રી બળદેવજી ઠાકોર, શ્રી પ્રહલાદભાઈ પટેલ, શ્રી ગોવાભાઈ રબારી, શ્રી ભોળાભાઈ ગોહેલ, શ્રી હીરાભાઈ પટેલ, ડૉ.તેજશ્રીબેન પટેલ, શ્રી બલવંતસિંહ રાજપૂત, શ્રી રામસિંહ પરમાર, શ્રી અશ્વિન કોટવાલ, શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર, શ્રીમતી ચંદ્રિકાબેન બારિયા, શ્રી રાઘવજીભાઈ પટેલ, શ્રીમતી કામિનીબા રાઠોડ, શ્રી મહેન્દ્રસિંહ વાઘેલા, ડૉ. અનિલ જોષીયારા, શ્રી મહેશકુમાર પટેલ અને શ્રી ધીરૂભાઈ ભીલ વગેરેને આજના દિવસ માટે સસ્પેન્ડ કરી તેમને ગૃહમાંથી બહાર લઈ જવા સાર્જન્ટને આદેશ આપ્યો.

ત્યારબાદ સભાગૃહમાં ઉપસ્થિત વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા, શ્રી મોહનસિંહ રાઠવા તથા શ્રી શકિતસિંહ ગોહિલ અસંતોષ વ્યકત કરી સભાત્યાગ કરી ગયા.

૭. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

"તાજેતરમાં અમદાવાદના વસ્ત્રાલ વિસ્તારમાં આવેલ સિલ્વર સિટી સોસાયટીના એક મકાનમાં મોડી રાત્રે ગેસ ગળતર થવાને કારણે ઘરમાં સૂતેલા પરિવારના માતા અને બે પુત્રીઓના મોત નીપજયા છે. ગટરમાં ઝેરી કેમિકલ્સ ઠાલવવાના કારણે આ બનાવ બનવા પામેલ છે, જેમાં પર્યાવરણ વિભાગની ગંભીર બેદરકારી છતી થવા પામી છે. ગેસ ગળતરના કારણે સમગ્ર સોસાયટીના રહીશોમાં વ્યાપેલ ભય અને શોકની લાગણી દૂર કરવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પ્રભારી સભ્યશ્રી શૈલેષભાઈ પરમાર તથા સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખની અનુપસ્થિતિને કારણે રજૂ થઈ શકી નહીં.

૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ત્રીજો દિવસ)

સામાજિક સુરક્ષા અને કલ્યાણને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૨ તથા અનુસૂચિત જાતિ પેટા યોજનાને લગતી સેવા અંગેની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૫ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ, શહેરી આવાસનને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૧ શહેરી આવાસનના રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરીએ તેમજ શહેરી વિકાસને લગતી સેવા અંગેની શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૨ માનનીય શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ માગણી ક્રમાંક ૯૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૫, ૧૩ અને ૧૭, માગણી ક્રમાંક ૯૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧, ૨૨ અને ૨૩ તથા માગણી ક્રમાંક ૧૦૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૩ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૨ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શહેરી આવાસના રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાએ અને શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૫, ૧૩, ૧૭, ૨૧, ૨૨, ૨૩ અને ૩૩ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯૨, ૯૫, ૧૦૧ અને ૧૦૨ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૯. માગણીઓ પરની ચર્ચા દરમ્યાન માનનીય મંત્રીશ્રી રમણલાલ વોરાના જવાબ બાદ, માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહના સભ્ય તેમજ પૂર્વ મંત્રીશ્રી અમિતભાઈ શાહ રાજકીય પક્ષના અધ્યક્ષ બન્યા બાદ સૌ પ્રથમવાર આજે ગૃહમાં આવ્યા છે ત્યારે તેઓશ્રીની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવી સમગ્ર ગૃહ વતી શુભકામના પાઠવેલ હતી.

## મંગળવાર, તા.૧૭મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ પાંચમી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. સભ્યશ્રીની રજૂઆત

પ્રશ્નોત્તરી દરમ્યાન અગ્રતાક્રમ–૮ પરનો પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે રજૂઆત કરી કે આ પ્રશ્ન અગત્યનો હોવાથી માનનીય મંત્રીશ્રી જવાબ આપવા માગે છે કે કેમ?

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, પ્રશ્ન પૂછનાર કોઈ સભ્ય સભાગૃહમાં હાજર ન હોય તો મંત્રીશ્રીને જવાબ આપવા માટે આગ્રહ કરી શકાતો નથી, સિવાય કે મંત્રીશ્રી પોતે જવાબ આપવા ઈચ્છે. આમ છતાં સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે સતત રજૂઆત કરતાં, પ્રશ્નોત્તરી દરમ્યાન કોઈ બાબત ઉઠાવી શકાતી નથી, તેથી હું તેમને એલાઉ કરતો નથી. હું નિયમોથી બંધાયેલ છું અને પ્રશ્નોત્તરી પછી આપને મુદ્દો ઉઠાવવાની તક આપીશ તેમ જણાવ્યું.

આમ છતાં, સભ્યશ્રીએ સતત રજૂઆત કરવા પ્રયત્ન કર્યો. માનનીય અધ્યક્ષશ્રીએ પ્રશ્નોત્તરીમાં કોઈ બાબત ઉપસ્થિત કરવાની નવી પ્રથા હું પાડવા માગતો નથી તેમ જણાવી તેમને અનુમતિ આપી ન હતી.

૩. પોઈન્ટ ઓફ ઓર્ડર

(૧) સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે વિધાનસભાના નિયમોના નિયમ–૮૬ને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે તા.૫મી માર્ચ, ૨૦૦૮ના રોજ પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી ભરતભાઈ બારોટની ગેરહાજરીમાં સભ્યશ્રી પ્રદિપસિંહ જાડેજાએ માનનીય અધ્યક્ષશ્રીને પ્રશ્ન પૂછવા પરવાનગી આપવા વિનંતી કરી હતી, જે ગ્રાહય રાખવામાં આવી હતી તેથી આજે પણ એવી જ બાબત હોઈ મેં અગ્રતાક્રમ–૮ પરના ગેરહાજર સભ્યશ્રીનો પ્રશ્ન અગત્યનો હોવાથી પ્રશ્ન પૂછવા દેવા આપને રજૂઆત કરી હતી એમ કહી આ મુદ્દે માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ વિધાનસભાના નિયમોના નિયમ–૮૬ મુજબ પ્રશ્ન પૂછવામાં ન આવ્યો હોય અથવા સભ્યશ્રી ગેરહાજર હોય ત્યારે સંબંધિત મંત્રીશ્રીની વિનંતીથી, એટલે કે મંત્રીશ્રી વિનંતી કરે તો જ જવાબ આપવાનો રહે છે, જયારે અહીં તો માનનીય સભ્યશ્રી આપને દબાણ કરી રહયા હતા. નિયમ–૮૬ મુજબ મંત્રીશ્રી વિનંતી કરે અને માન.અધ્યક્ષશ્રી અનુમતિ આપો તો જ જવાબ આપવાનો થાય છે, તેમ જણાવી આ મુદ્દો નામંજૂર કરવો જોઈએ તેવી રજૂઆત કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દા અંગે અભ્યાસ કરીને તેઓ પોતાનો નિર્ણય પાછળથી જાહેર કરશે તેમ જણાવ્યું.

(૨) માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રશ્નોત્તરીના સમય દરમ્યાન અગ્રતાક્રમ–૮ પરનો પ્રશ્ન પૂછનાર સભ્યશ્રીની અનુપસ્થિતિમાં સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે અધ્યક્ષશ્રી ધ્વારા અનુમતિ ન આપવા છતાં પણ અધ્યક્ષશ્રી સામે લાંબા–ટૂંકા હાથ કરીને અવિવેક લાગે તે રીતે રજૂઆત કરી, જેનાથી અધ્યક્ષશ્રીનું અવમાન થતું હોઈ તેમને ઠપકો આપવો જોઈએ તેવો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે રજૂઆત કરી કે ભૂતકાળના અધ્યક્ષશ્રીઓએ વારંવાર કહયું છે કે સભ્યોનો આક્રોશ અને અકળામણ અધ્યક્ષ પચાવી શકે છે, પરંતુ મંત્રીમંડળે એમની મર્યાદાઓ ચૂકવી જોઈએ નહીં. હું એમ કહું કે નિયમોથી ઉપર કોઈ નથી, તેનો અર્થ હું આપની ખુરશીનું અપમાન કરવા માગું છું તેવો થઈ શકે નહીં.

માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ આ અંગે ફુટેઝ જોઈ નિર્ણય કરવા માનનીય અધ્યક્ષશ્રીને સૂચવ્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દા અંગે તેઓ અભ્યાસ કરીને, રેકોર્ડીંગ તેમજ ફુટેઝ જોઈને પોતાનો નિર્ણય પાછળથી જાહેર કરશે તેમ જણાવ્યું.

૪. શોકદર્શક ઉલ્લેખો

માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ સ્વ.શ્રી નારાયણભાઈ મહાદેવભાઈ દેસાઈ, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ. શ્રી ભીમજીભાઈ જગન્નાથ પટેલ તથા સ્વ.શ્રી જગતાભાઈ પુરાભાઈ પરમારના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ, રાજયકક્ષાના મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી, સભ્યશ્રી જોઈતાભાઈ પટેલ, શ્રી મોહનભાઈ ઢોડિયા તથા શ્રી પરબતભાઈ પટેલે સ્વર્ગસ્થોને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ શોકદર્શક ઉલ્લેખોમાં તેમનો સૂર પૂરાવી સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ સૌ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૫.	તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી પરેશ ધાનાણીએ, "તા.૮–૩–૨૦૧૫ના રોજ રાત્રિના ૨.૦૦ કલાકે બોટાદ શહેરમાં આવેલ પ્રાથમિક શાળાને કોઈ અજાણ્યા શખ્સોએ તોડી પાડતાં, તે શાળામાં ભણતા બાળકોનું ભાવિ અધ્ધરતાલ થઈ ગયું છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના શિક્ષણની તાત્કાલિક ધોરણે વૈકલ્પિક વ્યવસ્થા કરવા તથા શાળાને તોડી પાડનાર જવાબદારો સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય શિક્ષણ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૬.	કૃષિ મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

માનનીય કૃષિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ રાજયમાં બટાટાના મબલખ ઉત્પાદનને ધ્યાનમાં રાખીને બટાટાના બજાર ભાવ સ્થિર કરવા માટે બટાટાની રાજય બહાર નિકાસ કરવા પર તા.૩૦–૪–૨૦૧૫ સુધી વાહતુક ખર્ચના સો ટકા સુધી સબસિડી આપવા અંગે નિવેદન કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૭.	માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ)

કર વસૂલાત ખર્ચ (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૧૨, વીજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૩, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને લગતું અન્ય ખર્ચને લગતી સેવા અંગેની ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૪, ઉદ્યોગોને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૯, ખાણ અને ખનીજને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૦ તેમજ પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૧ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ માગણી ક્રમાંક ૧૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૩, ૫ અને ૬, માગણી ક્રમાંક ૧૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૭ થી ૧૮, માગણી ક્રમાંક ૧૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ થી ૨૨ અને ૨૪, માગણી ક્રમાંક ૪૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૫ થી ૨૭, ૩૧ થી ૩૬, માગણી ક્રમાંક ૫૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ થી ૩૯, ૪૧ થી ૪૪ તથા માગણી ક્રમાંક ૫૧ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫ થી ૫૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૨ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ તથા ઉદ્યોગ અને ખાણ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

૮.	બેઠકનો સમય લંબાવવા અંગે

બેઠકનો સમય પૂરો થવા આવતા માનનીય દંડક શ્રી અજયકુમાર ચોકસીએ માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરૂં થાય ત્યાં સુધી સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો, તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી બેઠકનો સમય લંબાવ્યો.

૯.	અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ અધિકારી દીર્ઘામાં બેસતા અધિકારીઓ મોબાઈલમાં વ્યસ્ત હોય છે અને કેટલાક અધિકારીઓ પાણી પણ પીતા હોય છે, જે ઔચિત્યની દૃષ્ટિએ ઉચિત ન હોઈ અધિકારી દીર્ઘામાં બેસતા અધિકારીઓ નિયમોનું ચૂસ્તપણે પાલન કરવાની કાળજી રાખે તેવી સૂચના આપી.

૧૦. અધ્યક્ષશ્રીનો નિર્ણય

માનનીય અધ્યક્ષશ્રીએ, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ ધ્વારા તા.૧૨–૩–૨૦૧૫ના રોજ ઉપસ્થિત કરવામાં આવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનું રૂલિંગ આપતા જણાવ્યું કે સભ્યશ્રીએ પ્રશ્નોત્તરી અંગે બે અલગ અલગ બાબતો ઉઠાવી હતી. જે પૈકી તા.૩–૩–૨૦૧૫નો પ્રશ્ન અગ્રતાક્રમ–૪ અને તા.૧૧–૩–૧૫નો પ્રશ્ન અગ્રતાક્રમ–૭ એમ બન્ને પ્રશ્નો એક જ સભ્યશ્રી સતીષભાઈ પટેલના છે અને પ્રશ્નનો ખંડ–૨ સમયગાળાની દૃષ્ટિએ અલગ હોવાથી જવાબ ભિન્ન ભિન્ન છે. મેં આ બાબત તપાસી છે અને આ બન્ને પ્રશ્નોના પ્રશ્ન ખંડ–૨માં પૂછવામાં આવેલી માહિતી અલગ અલગ સમયગાળા માટે હોવાથી બન્ને પ્રશ્નો એકસરખા ગણી શકાય નહીં, અને તેથી હું તેમના પોઈન્ટ ઓફ ઓર્ડરનો પ્રથમ ભાગ ગ્રાહય રાખતો નથી.

પોઈન્ટ ઓફ ઓર્ડરના બીજા ભાગમાં સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે તા.૧૨–૩–૧૫ના રોજના સભ્યશ્રી શૈલેષભાઈ પરમારના પ્રશ્ન અગ્રતાક્રમ–૧૯ અને તે જ દિવસના વારામાં સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખના પ્રશ્ન અગ્રતાક્રમ–૭૧ ઉપરના અલગ અલગ પ્રશ્નમાં એક જ તારીખની સ્થિતિએ રોગના આંકડા ડેન્ગ્યુ તથા સ્વાઈન ફલૂના રોગોના સંબંધમાં માનનીય મંત્રીશ્રીએ આપેલ માહિતીમાં વિસંગતતા જણાય છે. આથી હું માનનીય સભયશ્રી શકિતસિંહ ગોહિલનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો બીજો મુદ્દો ગ્રાહય રાખું છું અને માનનીય મંત્રીશ્રીને ભવિષ્યમાં આવી વિસંગતતા ન થાય તે માટે પૂરતી કાળજી રાખવા જણાવું છું.

૧૧. માગણીઓ પર ચર્ચા અને મતદાન (ચોથો દિવસ) (ક્રમશઃ)

ત્યારબાદ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૩, ૫ થી ૨૨, ૨૪ થી ૨૭, ૩૧ થી ૩૯, ૪૧ થી ૫૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૨, ૧૩, ૧૪, ૪૯, ૫૦ અને ૫૧ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## બુધવાર, તા.૧૮–૩–૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨ અધ્યક્ષશ્રીનો આદેશ

પ્રશ્નોત્તરી દરમ્યાન, અગ્રતાક્રમ–૧ પરની પ્રશ્નોત્તરી સમયે કોંગ્રેસ પક્ષના સભ્યો શ્રી ગ્યાસુદ્દીન શેખ, ડૉ.તેજશ્રીબેન પટેલ, શ્રીમતી કામિનીબા રાઠોડ, શ્રી રમેશભાઈ ચાવડા, શ્રી મહેન્દ્રસિંહ બારૈયા વગેરેએ સૂત્રો લખેલા પ્લેકાર્ડ દર્શાવતાં, માનનીય અધ્યક્ષશ્રીએ તેમને પ્રદર્શન બંધ કરવા વારંવાર વિનંતી કર્યા બાદ ચેતવણી આપી કે જો હવે પછી પ્રદર્શન બંધ કરવામાં નહીં આવે તો પ્રદર્શન કરી રહેલા સભ્યોને સાર્જન્ટની મદદથી ગૃહની બહાર મોકલી આપવામાં આવશે.

આમ છતાં, સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખ ધ્વારા સતત પ્રદર્શન ચાલુ રાખવામાં આવતા માનનીય અધ્યક્ષશ્રીએ તેમને શાંતિપૂર્વક ગૃહની બહાર લઈ જવા સાર્જન્ટને સૂચના આપી. તદનુસાર સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખને સાર્જન્ટ ધ્વારા ગૃહની બહાર લઈ જવામાં આવ્યા.

૩.	સભાત્યાગ

પ્રશ્નોત્તરી દરમ્યાન, અગ્રતાક્રમ–૩ પરના પ્રશ્નની ચર્ચા ચાલી રહી હતી ત્યારે અગ્રતાક્રમ–રના સભ્યશ્રી બાબુભાઈ વાજાએ તેમને તેમનો અગ્રતાક્રમ–રનો પ્રશ્ન પૂછવા દેવા રજૂઆત કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, તેમણે ૩ વખત પ્રશ્ન કોલઆઉટ કર્યો છતાં સભ્યશ્રી પ્રશ્ન પૂછવા ઉભા થયા ન હતા, વળી અગ્રતાક્રમ–૩ના પ્રશ્નની ચર્ચા ચાલી રહી છે, ત્યારે હવે તે પ્રશ્ન હાથ પર લઈ શકાય નહીં.

આમ છતાં, સભ્યશ્રી બાબુભાઈ વાજા સતત રજૂઆત કરતાં કરતાં વેલમાં આવી ગયા. માનનીય અધ્યક્ષશ્રીની સૂચના બાદ તેઓ તેમના સ્થાન તરફ પરત ગયા.

માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ આ અંગે અસંતોષ વ્યકત કર્યો અને પ્રશ્ન કાળનો અમે બહિષ્કાર કરીએ છીએ તેમ જણાવ્યું અને સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયા હતા.

૪.	સભ્યશ્રીનું સસ્પેન્શન

પ્રશ્નોત્તરી બાદ, માનનીય અધ્યક્ષશ્રીએ સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખને નિયમ–૫૧ હેઠળ આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે છે, તેવી જાહેરાત કરી.

૫.	પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી પરેશ ધાનાણીએ આજના દિવસની તારાંકિત પ્રશ્નોત્તરી સમયે અગ્રતાક્રમ–રને માનનીય અધ્યક્ષશ્રી ધ્વારા કોલઆઉટ કરવામાં આવ્યો ત્યારે પ્રશ્નના પ્રભારી સભ્યશ્રી બાબુભાઈ વાજાએ તેમના સ્થાન પર ઉભા થઈ પ્રશ્ન મૂવ કરવા પ્રયત્ન કરેલો, પરંતુ તેમનું માઈક ચાલુ ન થવાથી તેમજ તે સમયે ગૃહ ઓર્ડરમાં ન હોવાને લીધે તેઓ પ્રશ્ન મૂવ કરી શકયા ન હતા અને અગ્રતાક્રમ–૩ તરફ કાર્યવાહી આગળ ધપી ગઈ. આના લીધે સભ્યશ્રી તેમના પ્રશ્ન પૂછવાના અધિકારથી વંચિત રહેલ હોઈ અધ્યક્ષશ્રીનું રક્ષણ માગતો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો.

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું કે, પ્રશ્નોત્તરી સમયે સભ્યોએ કેવું વર્તન કરવું તે અંગેના પ્રસ્થાપિત નિયમો છે. આજે બધાએ જોયું છે કે વિપક્ષના સભ્યો ધ્વારા આ તમામ સ્થાપિત નિયમોનું ઉલ્લંઘન કરીને દેખાવો કરવામાં આવ્યા. આમ છતાં, માનનીય અધ્યક્ષશ્રીએ એમને પૂરતી તક આપી હતી, તેઓ તેમના સ્થાન પરથી સાંભળતા હતા, છતાં તેમણે પ્રશ્ન મૂવ કર્યો ન હતો. આથી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરવો જોઈએ.

માનનીય કાયદા મંત્રીશ્રીએ જણાવ્યું કે, માનનીય અધ્યક્ષશ્રીએ ૩ વખત સભ્યશ્રીનું નામ પોકાર્યા પછી પણ તેઓ પ્રશ્ન પૂછવા ઉભા થયા ન હતા, તેમજ તે સમયે પ્રદર્શન, સૂત્રોચ્ચાર અને ઘોંઘાટવાળું વાતાવરણ હતું છતાં સભ્યશ્રીને માનનીય અધ્યક્ષશ્રી ધ્વારા ત્રણ વખત નામ પોકારીને પૂરતી તક આપવામાં આવી હતી, તેથી આ મુદ્દો અસ્થાને છે.

વિરોધ પક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂતે મુદ્દાના સમર્થનમાં પોતાનું મંતવ્ય વ્યકત કર્યું.

સભ્યશ્રી બાબુભાઈ વાજાએ પોતે તે સમયે પોતાના સ્થાન પર ઉભા થયેલા હતા, પરંતુ તેમનું માઈક બંધ હોવાથી તેમજ ગૃહ ઓર્ડરમાં ન હોવાને લીધે તેમનો અવાજ પહોંચી શકયો ન હતો. તેઓ નવા સભ્ય હોવાને લીધે આવા સંજોગોમાં તેમને પ્રશ્ન પૂછવા દેવો જોઈએ તેવી રજૂઆત કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ સમગ્ર બાબત ચકાસીને, ફુટેઝ વગેરે જોઈને તથા પૂર્વ અધ્યક્ષોના નિર્ણયો વગેરે ધ્યાનમાં લઈને પાછળથી તેમનો નિર્ણય જાહેર કરશે તેમ જણાવ્યું.

૬.	તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂતે, "રાજયમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોના બટાકા તથા અન્ય ઉભા પાકોને ભારે નુકશાન થયેલ છે. સમગ્ર રાજયમાં છેલ્લા બે દિવસમાં કમોસમી વરસાદ અને કરા પડતાં ખેડૂતોનો ઉભો પાક સદંતર નિષ્ફળ ગયો છે. તેથી ખેડૂતો બેહાલ થઈ ગયા છે, ત્યારે ખેડૂતોમાં આ નુકશાનને કારણે ભારે રોષ અને ચિંતાની લાગણી ઉભી થઈ છે, તે નિવારવા માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગે માનનીય કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય કૃષિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૭. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) તા.૨૪/૦૨/૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી રમેશભાઈ મહેશ્વરીના "કચ્છ જિલ્લામાં પશુઓને સારવાર" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૩૮૮૯ (અગ્રતા ક્રમ–૭)ના અનુસંધાને વધારાની માહિતી

(૨) તા.૩/૦૩/૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી કેસરીસિંહ સોલંકીના "ખેડા જિલ્લામાં કૃષિ કીટસનું વિતરણ" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૫૧૦૭ (અગ્રતા ક્રમ–૧૨)ના અનુસંધાને વધારાની માહિતી

(૩) તા.૩/૦૩/૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ સભ્યશ્રી શંભુજી ઠાકોરના "ગાંધીનગર જિલ્લામાં પશુ સારવાર કેમ્પ " વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૧૪૯૪૬ (અગ્રતા ક્રમ–૧૦)ના અનુસંધાને વધારાની માહિતી

૮. સમિતિના અહેવાલની રજૂઆત

(૧) બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલે સમિતિનો નવમો અહેવાલ રજૂ કર્યો.

(૨) સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખ શ્રી ભરતભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ, બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના નવમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

૯. અધ્યક્ષશ્રીનો નિર્ણય

માનનીય અધ્યક્ષશ્રીએ તા.૧૭–૩–૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરી સમય બાદ સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ તેમજ માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ધ્વારા ઉઠાવવામાં આવેલ પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતા જણાવ્યું કે, ગઈકાલે તા.૧૭–૩–૨૦૧૫ના રોજની તારાંકિત પ્રશ્નોની યાદીના અગ્રતાક્રમ–૮ પરના પ્રભારી સભ્યશ્રીની અનુપસ્થિતિમાં માનનીય મંત્રીશ્રી પ્રજાના હિતમાં જવાબ આપવા માગે છે કે કેમ? તેમ કહીને સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે મારી સામે જે રીતે રજૂઆત કરી હતી તે રીત તેમજ તેમની બોડી લેંગવેઝ બાબતે મેં ફુટેઝ જોયા છે. સભ્યશ્રી શકિતસિંહ ગોહિલની રજૂઆત વિધાનસભાના નિયમોના નિયમ–૮૬ની જોગવાઈઓ સાથે સુસંગત ન હતી તેમજ મારી વારંવારની સૂચના છતાં તેમણે તેમના અધિકારની રૂએ આપ મંત્રીશ્રીને પૂછી જૂઓ, તેઓ પ્રજાના હિતમાં જવાબ આપવા માગે છે કે કેમ? તેવી ઉગ્ર સ્વરૂપે દલીલબાજી કરી હતી. તેમનું આવું વર્તન એ અધ્યક્ષ પદના અપમાન સમાન છે. શ્રી ગોહિલ ખૂબ જ અનુભવી, વિદ્વાન અને સંસદીય કાર્યરીતિ તથા પરંપરાના નિષ્ણાત છે. નિયમોને જાણનાર વ્યકિત નિયમોનો ભંગ કરે તે ગૃહ માટે ખૂબ જ ગંભીર ઘટના છે. આથી હું માનનીય સભ્યશ્રી શકિતસિંહ ગોહિલના આવા વર્તન પ્રત્યે સખત નારાજગી વ્યકત કરૂં છું અને તેમને તાકીદ કરૂં છું કે ભવિષ્યમાં આ પ્રકારે અધ્યક્ષને ગૃહનું સંચાલન કેવી રીતે કરવું તે સંબંધમાં દિશાનિર્દેશ આપવાનું ચાલુ રાખવામાં આવશે તો તેમની સામે નિયમો અનુસાર કડક શિક્ષાત્મક પગલાં ભરવાની ફરજ પડશે.

તેવી જ રીતે પ્રશ્ન પૂછયા પછી ગેરહાજર રહેનાર સભ્યોને ઉદ્દેશીને માનનીય અધ્યક્ષશ્રીએ સૂચના આપી કે પ્રશ્ન પૂછવા અને તેનો જવાબ આપવાની પ્રક્રિયા પાછળ વિધાનસભા સચિવાલય અને સરકારના સેંકડો માનવ કલાક વપરાય છે તેમજ ઘણાબધા નાણાંનો ખર્ચ પણ થાય છે, ત્યારે અગ્રતાક્રમ પર પ્રશ્ન હોય ત્યારે પ્રશ્ન પૂછનાર સભ્યોએ ગૃહમાં હાજર રહેવું જોઈએ. આમ, પ્રશ્ન પૂછીને ગેરહાજર રહેનાર સભ્યો પણ ભવિષ્યમાં કાળજી રાખે, તેવી પણ સૂચના આપી.

૧૦. માગણીઓ પર ચર્ચા અને મતદાન (પાંચમો દિવસ)

શ્રમ અને રોજગારને લગતી સેવા અંગેની શ્રમ અને રોજગાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૫૭ શ્રમ અને રોજગાર મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ, નર્મદા વિકાસ યોજનાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૫ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ, પાણી પૂરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૭ તેમજ વાહન વ્યવહારને લગતી સેવા અંગેની બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૭૪ પાણી પુરવઠા તથા બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ માગણી ક્રમાંક ૫૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૫ થી ૨૦, માગણી ક્રમાંક ૬૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧, ૨૨, ૨૪ થી ૩૬, માગણી ક્રમાંક ૬૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૭ થી ૪૫ તથા માગણી ક્રમાંક ૭૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૭ થી ૫૪ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૨ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શ્રમ અને રોજગાર, પાણી પુરવઠા અને વાહન વ્યવહાર મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નર્મદા અને કલ્પસર વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ આપ્યો.

ત્યારબાદ નર્મદા વિકાસ યોજનાની માગણી ક્રમાંક ૬૫ ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૨૧, ૨૨, ૨૪ થી ૩૬ સભાગૃહની અનુમતિથી પાછી ખેંચી લેવામાં આવી.

ત્યારબાદ માગણી ક્રમાંક ૬૫ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૫ થી ૨૦, ૩૭ થી ૪૫, ૪૭ થી ૫૪ મત પર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૫૭, ૬૭ અને ૭૪ મત પર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

## ગુરૂવાર, તા.૧૯મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. સમિતિના અહેવાલોની રજૂઆત

(૧) જાહેર હિસાબ સમિતિના પ્રમુખશ્રી શકિતસિંહ ગોહિલે સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

(૨) અંદાજ સમિતિના પ્રમુખશ્રી કિરીટસિંહ રાણાએ સમિતિનો બીજો, ત્રીજો, ચોથો અને પાંચમો અહેવાલ રજૂ કર્યો.

(૩) અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી રમેશભાઈ મહેશ્વરીએ સમિતિનો પહેલો અહેવાલ રજૂ કર્યો.

૩. માગણીઓ પર ચર્ચા અને મતદાન (છઠ્ઠો દિવસ)

વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૬, પર્યાવરણને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૭, અનુસૂચિત આદિજાતિના કલ્યાણને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૩ તેમજ આદિજાતિ વિસ્તાર પેટા યોજનાને લગતી સેવા અંગેની આદિજાતિ વિકાસ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૬ વન અને પર્યાવરણ તથા આદિજાતિ વિકાસના માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ માગણી ક્રમાંક ૨૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૬, ૮ થી ૧૧, માગણી ક્રમાંક ૨૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૨ થી ૧૯, માગણી ક્રમાંક ૯૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦ થી ૨૭ તથા માગણી ક્રમાંક ૯૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૮, ૨૯ અને ૩૦ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ વન અને પર્યાવરણ તથા આદિજાતિ વિકાસના માનનીય મંત્રીશ્રી મંગુભાઈ પટેલે આપ્યો.

ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલ કાપ દરખાસ્તો ક્રમાંક ૧ થી ૬, ૮ થી ૩૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૨૬, ૨૭, ૯૩ અને ૯૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૪. સભાત્યાગ

માગણીઓ પરની ચર્ચાનો માનનીય મંત્રીશ્રીએ જવાબ આપવાનો શરૂ કર્યો તે તબકકે વિરોધ પક્ષના દંડકશ્રી બલવંતસિંહ રાજપૂતે ચર્ચા માટે સમય વધારવા વિનંતી કરી, જેનો અસ્વીકાર થતા સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયેલ હતા.

૫. બિન–સરકારી કામકાજ

(ક) સભાગૃહની અનુમતિથી દાખલ કરવામાં આવેલ બિન સરકારી વિધેયક

સભ્યશ્રી ભૂષણ ભટ્ટે રજૂ કરેલ, સન ૨૦૧૫નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયક.

(ખ) બિન–સરકારી સંકલ્પો

(૧) સભ્યશ્રી રજનીકાન્ત મો. પટેલે, "રાજયના અસંગઠિત શ્રમયોગીઓના સર્વાંગી વિકાસ માટે સરકાર ધ્વારા તેઓને યુ–વીન ઓળખકાર્ડ આપવા ઉપરાંત શ્રમયોગી કલ્યાણ મેળાનું આયોજન કરવામાં આવેલ છે, તેનો લાભ શ્રમયોગીઓને વહેલો મળતો થાય, તે માટે અસરકારક આયોજન કરવા" અંગેનો સંકલ્પ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું અને ત્યારબાદ માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી સહિત કુલ ૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્યશ્રી રજનીકાન્ત મો. પટેલે આપ્યો.

ત્યારબાદ સભાગૃહની અનુમતિથી સંકલ્પ પાછો ખેંચી લેવામાં આવ્યો.

(૨) સભ્યશ્રી અશ્વિન કોટવાલે, "રાજયના આદિવાસી ખેડૂતો જંગલની જમીન મેળવવાનો હકક પ્રાપ્ત કરી શકે તે માટે ગ્રામ સમિતિએ દર્શાવેલી અને કબજા પ્રમાણે દર્શાવેલી જમીનો તેમના નામે કરી આપવા" અંગેનો સંકલ્પ રજૂ કરી પોતાનું મંતવ્ય વ્યકત કર્યું. ત્યારબાદ માનનીય વન મંત્રીશ્રી સહિત કુલ ૬ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ સભ્યશ્રી અશ્વિન કોટવાલે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

## શુક્રવાર, તા.૨૦મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ છઠ્ઠી અતારાંકિત યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ ધ્વારા સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાના પૂરક પ્રશ્નનો વિસ્તૃત જવાબ આપવામાં વધારે સમય લેવા અંગે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે લાંબો જવાબ હોય તો ટેબલ પર મૂકવો તેવી અધ્યક્ષશ્રીની સૂચના બાદ પણ મંત્રીશ્રીએ જવાબ આપવા આગ્રહ રાખ્યો, જેના લીધે પ્રશ્નોત્તરીનો સમય પૂરો થઈ ગયો અને સભ્યશ્રીના બાકીના પૂરક પ્રશ્નનો જવાબ મળ્યો નહિ.

માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું કે, સભ્યશ્રીએ પૂરક પ્રશ્ન પૂછી લીધો તે પછી શ્રી શકિતસિંહ ગૃહમાં દાખલ થયા હોઈ પ્રશ્ન શું પૂછાયો છે તેની સ્વાભાવિક રીતે જ તેમને માહિતી ન હોય. સભ્યશ્રીએ વિસ્તૃત માહિતી માગતો પ્રશ્ન પૂછેલ હોઈ તેમને પૂરેપૂરી માહિતી મળી શકે તે રીતે મંત્રીશ્રી જવાબ આપી રહયા હતા.

કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે પ્રશ્ન પૂછનાર સભ્યશ્રીએ મારો પ્રશ્ન નંબર ૧, ૨ અને ૩ એમ ત્રણ તબકકામાં માહિતી માગી હતી. સભ્યશ્રીને સંતોષ થાય તે રીતે જવાબ આપવાનું મંત્રીશ્રીની ફરજમાં આવે છે અને તેથી પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરવો જોઈએ.

સભ્યશ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ પણ આ મુદ્દા પર પોતાનો પક્ષ રજૂ કર્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ આ અંગે તેઓ રેકર્ડ ચકાસીને પાછળથી તેમનો નિર્ણય જાહેર કરશે તેમ જણાવ્યું.

૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો

(૧) ગુજરાત અલ્પસંખ્યક નાણા અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૧–૨૦૧૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૨) ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત વોટર ઈન્ફ્રાસ્ટ્રક્ચર લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) ગુજરાત મેરીટાઈમ બોર્ડના સન ૨૦૧૩–૨૦૧૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૮) ગુજરાત રાજય નાણાકીય નિગમનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક હિસાબો પરનો ઓડિટ અહેવાલ

(૯) જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષના વાર્ષિક હિસાબો, ઓડિટ અહેવાલ, તેના ઉપર લેવાયેલ પગલાંનું નિવેદન તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૦) ગુજરાત રાજય વેરહાઉસીંગ કોર્પોરેશનના સન ૨૦૧૦–૨૦૧૧ તથા સન ૨૦૧૧–૧૨ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદનો

(૧૧) ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમના સન ૨૦૧૦–૨૦૧૧ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન તથા સન ૨૦૧૩–૧૪ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૪–૧૫ના અંદાજો

(૧૨) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સન ૨૦૧૩–૨૦૧૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ

(૧૩) ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનું સન ૨૦૧૫–૧૬ના વર્ષનું અંદાજપત્ર અને સન ૨૦૧૪–૧૫ના વર્ષનું સુધારેલ અંદાજપત્ર

૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૩૯, પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૦, રહેણાંકના મકાનોને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૫, માર્ગ અને પુલને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૬ તથા ગુજરાત પાટનગરના બાંધકામની યોજનાને લગતી સેવા અંગેની માર્ગ અને મકાન વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૭ માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ માગણી ક્રમાંક ૩૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૫, ૭ થી ૧૫, ૧૭ થી૧૯, માગણી ક્રમાંક ૪૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦, ૨૧ અને ૨૨, માગણી ક્રમાંક ૮૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૩, ૨૪ અને ૨૫, માગણી ક્રમાંક ૮૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૬ થી ૨૯, ૩૧ થી ૪૧ તથા માગણી ક્રમાંક ૮૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૩ થી ૪૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૬ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

૫. અધ્યક્ષશ્રીનો નિર્ણય

માગણીઓ પરની ચર્ચા પર મંત્રીશ્રીના જવાબ પહેલાં, માનનીય અધ્યક્ષશ્રીએ તા.૧૮–૩–૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરીના સમય બાદ સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીએ ઉપસ્થિત કરેલ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો નિર્ણય આપતા જણાવ્યું કે તા.૧૮–૩–૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન અગ્રતાક્રમ–૨ના પ્રભારી સભ્યશ્રી બાબુભાઈ વાજાને તેમનો પ્રશ્ન પૂછવા માટે અધ્યક્ષ ધ્વારા ૩ વખત કોલઆઉટ કરવા છતાં તેમણે પ્રશ્ન મૂવ કર્યો ન હતો. તે અંગે વિપક્ષ ધ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે ગૃહ ઓર્ડરમાં ન હોવાને લીધે અને તેમનું માઈક ચાલુ ન હોવાને લીધે તેમણે પ્રશ્ન રજૂ કરવા છતાં તેમનો અવાજ પહોંચ્યો ન હતો, તેથી તેમને રક્ષણ મળવું જોઈએ.

આ અંગે મેં વિપક્ષ તથા સત્તા પક્ષની દલીલો તેમજ વિધાનસભાની કાર્યવાહીનું રેકર્ડ તથા વીડીયો ફુટેઝ વગેરે ધ્યાનપૂર્વક ચકાસ્યુ છે. મેં ત્રણ વખત તેમનું નામ કોલઆઉટ કરીને તેમને પૂરતી તક આપી હતી. મારા ધ્વારા તેમનો પ્રશ્ન પ્રથમ વખત કોલઆઉટ થયો ત્યારે ૩૧ સેકન્ડ સુધી તેમનું માઈક ચાલુ હતું. બીજી વખત કોલઆઉટ કરવામાં આવ્યો ત્યારે ૧૭ સેકન્ડ સુધી અને ત્રીજી વખત કોલઆઉટ કરવામાં આવ્યો ત્યારે ૫ સેકન્ડ સુધી તેમનું માઈક ચાલુ હતું. આથી તેમનું માઈક ચાલુ ન હતું તેવી વાત સત્યથી વેગળી જણાય છે.

તત્સમયે વિપક્ષના તમામ સભ્યશ્રીઓ પોતાના સ્થાન પર ઉભા થઈને અગ્રતાક્રમ–૧ પરની પ્રશ્નોત્તરી સંબંધે ઉગ્રતાપૂર્વક સતત સૂત્રોચ્ચાર અને ઘોંઘાટ કરી રહયાં હતાં. પક્ષના અનુભવી અને સિનિયર સભ્યો ધ્વારા ગૃહની કાર્યવાહીમાં ખલેલ પહોંચાડવાની પ્રક્રિયા પૂર્વ નિર્ધારીત હોય તેમ પ્લેકાર્ડના નિદર્શન પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. તેના લીધે એક નવોદિત સભ્યને પ્રશ્ન પૂછવાની તકથી વંચિત રહેવું પડયું છે.

આમ, સમગ્ર બાબત જોતા સભ્યશ્રીને પૂરતી તક આપવામાં આવી હતી તેમજ તેમનું માઈક ચાલુ હોવા છતાં તેમણે પ્રશ્ન મૂવ કર્યો ન હતો, તેથી હું સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીનો પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરૂં છું.

૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) (ક્રમશઃ)

ચર્ચાનો જવાબ માનનીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા માર્ગ અને મકાન મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૫, ૭ થી ૧૫, ૧૭ થી ૪૧, ૪૩ થી ૪૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૩૯, ૪૦, ૮૫, ૮૬ અને ૮૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. બેઠકનો સમય લંબાવવા અંગે

માગણીઓ પરના માનનીય મંત્રીશ્રીના જવાબ બાદ, બેઠકનો સમય પૂરો થવા આવતાં મુખ્ય દંડક શ્રી પંકજકુમાર દેસાઈએ માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની સંમતિથી બેઠકનો સમય લંબાવેલ હતો.

## સોમવાર તા.૨૩મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ સાતમી, આઠમી, નવમી અને દસમી અતારાંકિત યાદીઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. શ્રધ્ધાંજલી સંદેશ

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ ભારત માતાના પનોતા પુત્ર અને રાષ્ટ્રની આઝાદી માટે ફનાગીરી વહોરનાર પ્રસિધ્ધ ક્રાંતિવીરો ભગતસિંહ, રાજગુરૂ અને સુખદેવસિંહનો આજે નિર્વાણ દિન છે. આ ક્રાંતિવીરોને ૨૩મી માર્ચ, ૧૯૩૧ના રોજ બ્રિટિશ સરકારે લાહોરની સેન્ટ્રલ જેલ ખાતે ફાંસી આપી હતી. તેમના આજના ૮૪મા શહાદત દિનના દિવસે આપણે સૌ ભારત માતાના આ વીર સપૂતોને ગૃહ વતી ભાવપૂર્વક શોકાંજલિ અર્પીને તેમને રાષ્ટ્રની આઝાદી માટે આપેલા ત્યાગ અને બલિદાનને યાદ કરીએ તેમ જણાવી શ્રધ્ધાંજલી અર્પણ કરી.

૩. પોઈન્ટ ઓફ ઓર્ડર

(૧) માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સન ૨૦૦૮ થી ૨૦૧૨ના માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોના નિર્ણય ક્રમાંક ૧૭ ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે તા.૨૦મી માર્ચ, ૨૦૧૫ના રોજ સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે ઉઠાવેલ પોઈન્ટ ઓફ ઓર્ડર પર ગૃહમાં વિસ્તૃત ચર્ચા થયા પછી તેમણે તે અંગે આપશ્રીને લખેલ પત્ર મિડિયાને આપીને લીક કરવો યોગ્ય નથી.

સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીએ પત્ર લીક થવા માટે સભ્યશ્રીને દોષિત ગણવા યોગ્ય નથી તેવું મંતવ્ય વ્યકત કર્યું. માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીના મંતવ્યને સમર્થન આપીને જણાવ્યું કે માનનીય અધ્યક્ષશ્રીના કાર્યાલયમાંથી પણ પત્ર લીક થયો હોઈ શકે. માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે વિરોધ પક્ષના નેતાશ્રીએ તપાસ કર્યા વગર માનનીય અધ્યક્ષશ્રીના કાર્યાલયના અધિકારી વર્ગને લીક થવાની બાબત સાથે જોડવાનું યોગ્ય નથી તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનું સમર્થન કર્યું.

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ આ અંગેનું રૂલિંગ તેઓ પછીથી જાહેર કરશે તેમ જણાવ્યું.

(૨) માનનીય સભ્યશ્રી પરેશભાઈ ધાનાણીએ, આજરોજ તારાંકિત પ્રશ્નોત્તરીની યાદીમાં અગ્રતાક્રમ–૨માં સભ્યશ્રીના મહેસાણા જિલ્લાના પ્રશ્ન સંદર્ભે પેટા પ્રશ્નમાં વિજાપુર તાલુકાની માહિતી માગી હતી, તે આપવાને બદલે અલગ નોટિસ જોઈશે તેવો જવાબ આપેલો. હકીકતમાં આ માહિતી માટે અલગ નોટિસની જરૂર નથી તેમ જણાવી માનનીય ઉપાધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ વિધાનસભાના નિયમોમાં આવી માહિતી મેળવવા માટે જે જોગવાઈ છે, તે રીતે તેઓ માહિતી મેળવી શકે છે તેમ જણાવી મંત્રીશ્રી ધ્વારા પૂરતી માહિતી આપવામાં આવેલ હોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર નામંજૂર કરવો જોઈએ તેવું મંતવ્ય રજૂ કર્યું.

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ પ્રશ્નો દાખલ કરવાની આપણી પધ્ધતિ છે અને એ કામગીરી અધ્યક્ષશ્રીની ઓફિસમાં થાય છે. તેથી સભ્યશ્રીનો પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરૂં છું, તેવો નિર્ણય આપ્યો.

૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

કૃષિને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૨, નાની સિંચાઈ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૩, પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૪, સહકારને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૫, મત્સ્યોદ્યોગને લગતી સેવા અંગેની કૃષિ અને સહકાર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી

ક્રમાંક–૬, સિંચાઈ અને ભૂમિ સંરક્ષણને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક–૬૬, માનનીય કૃષિ અને સહકાર મંત્રીશ્રી તથા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ માગણી ક્રમાંક–ર ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૭, ૯ થી ૧૧, માગણી ક્રમાંક–૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ર થી ૧૫, માગણી ક્રમાંક–૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૬ થી ૧૮, માગણી ક્રમાંક–૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૯ થી ર૩, માગણી ક્રમાંક–૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ર૪ થી ર૬, માગણી ક્રમાંક–૬૬ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ર૭ અને ર૮ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૮ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ કૃષિ અને સહકાર તથા નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના માનનીય મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ આપ્યો.

પ્રથમ ઉપર્યુકત માગણીઓ પર રજૂ થયેલી કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૩ થી ૭, ૯ થી ર૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ર, ૩, ૪, ૫, ૬ અને ૬૬ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૫. સભાગૃહનું અવમાન

માગણીઓ પરની ચર્ચામાં, સભ્યશ્રી મુકેશભાઈ પટેલના વકતવ્ય દરમ્યાન, પ્રેક્ષક દીર્ઘામાંથી એક વ્યકિતએ પ્રવાહી ભરેલી પ્લાસ્ટિકની કોથળી તથા પત્રિકા ફેંકી, સલામતી દળના સભ્યોએ તેની ધરપકડ કરીને દીર્ઘામાંથી દૂર કર્યો. ત્યારબાદ મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ નીચેનો પ્રસ્તાવ રજૂ કરેલ હતો.

"જે વ્યકિતએ આજે સભાગૃહની અંદર પ્રવાહી ભરેલી પ્લાસ્ટિકની કોથળી તથા પત્રિકા ફેંકી છે તેણે આ સભાગૃહનું અવમાન કરેલ છે, આથી આ વ્યકિતને આજે ગૃહની બેઠક પૂરી થાય ત્યાં સુધી અટકાયતમાં રાખવામાં આવે."

પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.

૬. અધ્યક્ષશ્રીનો નિર્ણય

માગણીઓ પરની ચર્ચામાં સભ્યશ્રી નલીનભાઈ કોટડીયાના વકતવ્ય બાદ, માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તા.ર૦–૩–૧૫ના રોજ સભ્યશ્રી શકિતસિંહ ગોહિલના પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો નિર્ણય આપતા જણાવ્યું કે, આ મુદ્દાના સંદર્ભમાં તા.ર૦–૩–ર૦૧૫ની કાર્યવાહીની નોંધ, વિધાનસભાના નિયમો, તેમના પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયો, સન ૧૯૬૦ થી૧૯૮૪ના નિર્ણય ક્રમાંક ૩૯૪, તેમજ ૪ર૫ ધ્યાનમાં લઈ બારીકાઈથી અભ્યાસ કરતા મંત્રીશ્રી પાસે પેટા પ્રશ્નના જવાબમાં માહિતી ઉપલબ્ધ ન હોય તો તેવી માહિતી ટેબલ પર મૂકવા અધ્યક્ષ જણાવી શકે છે, પરંતુ મંત્રીશ્રી પાસે માહિતી ઉપલબ્ધ હોય તો એ સભાગૃહ સમક્ષ રજૂ કરી શકે છે.

પ્રસ્તુત કિસ્સામાં સભ્યશ્રી ધ્વારા પૂછવામાં આવેલા પેટા પ્રશ્નમાં સ્વાભાવિક રીતે વિસ્તૃત જવાબ થાય તેવા પેટા પ્રશ્નો સમજદારીપૂર્વક પૂછવામાં આવેલ હતા ત્યારે પ્રથમ પેટા પ્રશ્નના જવાબરૂપે આપેલ માહિતી વિસ્તૃત થતી હોવા છતાં પ્રભારી સભ્યશ્રીને સંતોષકારક અને યોગ્ય જવાબ આપેલ છે તેમ જણાવી પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરેલ હતો.

## મંગળવાર, તા.૨૪મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨. શોકદર્શક ઉલ્લેખો

માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, ગુજરાત રાજયના રાજયકક્ષાના પૂર્વ મંત્રી સ્વ.શ્રી જનકસિંહ ખેંગારજી રાણા તથા ગુજરાત વિધાનસભાના પૂર્વ સંસદીય સચિવ સ્વ.શ્રી ગોંસાઈભાઈ છીબાભાઈ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખો કર્યા અને સ્વર્ગસ્થોને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તેમજ માનનીય મંત્રીશ્રી જયંતિભાઈ કવાડીયા, સભ્ય શ્રી શકિતસિંહ ગોહિલ, મુખ્ય દંડકશ્રી **પંકજભાઈ** દેસાઈ, શ્રી કિરીટસિંહ રાણા તથા નાયબ મુખ્ય દંડકશ્રી આર.સી. પટેલે સ્વર્ગસ્થોને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ શોકદર્શક ઉલ્લેખોમાં તેમનો સૂર પૂરાવી સ્વર્ગસ્થોને અંજલિ આપ્યા બાદ સૌ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થોના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૩. અધ્યક્ષશ્રીની જાહેરાત

માનનીય અધ્યક્ષશ્રીએ અંદાજ સમિતિ, જાહેર હિસાબ સમિતિ, જાહેર સાહસો માટેની સમિતિ અને પંચાયતી રાજ સમિતિ ઉપર પંદર પંદર સભ્યોની તેમજ સરદાર પટેલ યુનિવર્સિટીની સેનેટ ઉપર **એમ** એક અને કચ્છ યુનિવર્સિટીની સેનેટ ઉપર એક ખાલી પડેલ જગ્યા**ઓ** ઉપર ગુજરાત વિધાનસભાના પ્રતિનિધિની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૪. સમિતિના અહેવાલોની રજૂઆત

(૧) માનનીય અધ્યક્ષશ્રીએ કામકાજ સલાહકાર સમિતિનો આઠમો અહેવાલ વાંચીને રજૂ કર્યો.

(૨) જાહેર સાહસો માટેની સમિતિના પ્રમુખશ્રી નરોત્તમભાઈ પટેલે સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

૫. સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

માનનીય સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના આઠમા અહેવાલ સાથે સંમત થાય."

ત્યારબાદ કોંગ્રેસ પક્ષના દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે પ્રસ્તાવ પરનો તેમનો સુધારો રજૂ કરીને મંતવ્ય વ્યકત કર્યું.

સુધારા પર સભ્યશ્રી શકિતસિંહ ગોહિલ, કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા, સંસદીય બાબતોના મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા, સભ્યશ્રી શૈલેષ પરમાર, માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તથા માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે મંતવ્યો રજૂ કર્યા. ત્યારબાદ સુધારો પાછો ખેંચી લેવામાં આવ્યો.

ત્યારબાદ પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૬. શિક્ષણ મંત્રીશ્રીનો પ્રસ્તાવ

માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ ગુજરાત માધ્યમિક શિક્ષણ અધિનિયમ–૧૯૭૨ની કલમ–૩(૨) વર્ગ–ખ ચૂંટાયેલા સભ્યો (૧૦)ની જોગવાઈ મુજબ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ઉપર ગુજરાત વિધાનસભાના ત્રણ સભ્યોની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૭. પંચાયત મંત્રીશ્રીનો પ્રસ્તાવ

માનનીય રાજયકક્ષાના પંચાયત મંત્રીશ્રી જયંતિભાઈ કવાડીયાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ સને ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમની કલમ–૨૬૬ની પેટા કલમ–૧(ગ)ના ખંડ (૬) મુજબ, ગુજરાત રાજય પંચાયત કાઉન્સિલ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યની ચૂંટણી કરવાનું કામ હાથ ધરે."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રીએ ગુજરાત પંચાયત કાઉન્સિલ ઉપર ગુજરાત વિધાનસભાના એક સભ્યની ચૂંટણી માટેના કાર્યક્રમની જાહેરાત કરી.

૮. માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતી સેવા અંગેની વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૮૯ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલે, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯૮ રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ, મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતી સેવા અંગેની મહિલા અને બાળ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૫ મહિલા અને બાળ વિકાસના માનનીય રાજયકક્ષાના મંત્રી પ્રો.વસુબેન ત્રિવેદીએ તથા કલાઈમેટ ચેઈન્જ વિભાગને લગતી સેવા અંગેની કલાઈમેટ ચેઈન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦૭ કલાઈમેટ ચેઈન્જ વિભાગનો હવાલો ધરાવતા માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ માગણી ક્રમાંક ૮૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨ અને ૪, માગણી ક્રમાંક ૯૮ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૬, ૧૦, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૮ અને ૧૯, માગણી ક્રમાંક ૧૦૫ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૦, ૨૨ થી ૩૩ તથા માગણી ક્રમાંક ૧૦૭ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૫ થી ૩૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં ૧૩ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ તથા કલાઈમેટ ચેઈન્જ વિભાગનો હવાલો ધરાવતા રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી ગોવિંદભાઈ પટેલે, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના રાજયકક્ષાના માનનીય મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીએ તથા મહિલા અને બાળ વિકાસના રાજયકક્ષાના માનનીય મંત્રી પ્રો. વસુબેન ત્રિવેદીએ આપ્યો.

કાપ દરખાસ્ત ક્રમાંક ૧, ૨, ૪, ૬, ૧૦, ૧૨, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૨, થી ૩૩, ૩૫ થી ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૮૯, ૯૮, ૧૦૫ અને ૧૦૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૯. બેઠકનો સમય લંબાવવા અંગે

માગણીઓ પરની ચર્ચાના જવાબ બાદ, બેઠકનો સમય પૂરો થવા આવતા માનનીય મુખ્ય દંડક શ્રી પંકજકુમાર દેસાઈએ માગણીઓ ઉપર મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની સંમતિથી બેઠકનો સમય લંબાવેલ હતો.

## બુધવાર, તા.૨૫મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ અગિયારમી, બારમી અને તેરમી અતારાંકિત યાદીઓ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી.

૨. ઉર્જા મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે, ૧૩મા નાણાં પંચની ભલામણો અનુસાર નિયત થયેલ ફોર્મ્યુલા મુજબ કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ રીન્યુએબલ એનર્જી ધ્વારા રાજય સરકારની કામગીરીને ધ્યાને લઈ ગુજરાત સરકારને રૂપિયા ૭૩૫.૩૭ કરોડની ઈન્સેન્ટીવની રકમ મંજૂર કરવા બાબતનું નિવેદન કર્યું.

૩. પોઈન્ટ ઓફ ઓર્ડર

(૧) સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો ૧૯૮૫ થી ૨૦૦૨ના નિર્ણય ક્રમાંક ૬૩ને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે મંત્રીશ્રીએ નિયમ–૪૪ હેઠળ કરવાનું નિવેદન સામાન્ય રીતે નીતિ વિષયક બાબત અંગે હોવું જોઈએ, વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ થઈ ચૂકેલી બાબત અંગે હોવું જોઈએ નહીં. આજરોજ મંત્રીશ્રીએ જે નિવેદન કર્યું છે તે ૧૩મા નાણાં પંચની ભલામણો સંદર્ભે વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ થઈ ચૂકેલી બાબતને લગતુ હોઈ જરૂરી ન હતું.

માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા તથા માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે મુદ્દાના વિરોધમાં મંતવ્યો રજૂ કર્યા, અને માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે તેમના નિવેદનની અગત્યતા અંગે પોતાનો પક્ષ રજૂ કર્યો તેમજ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ પોઈન્ટ ઓફ ઓર્ડરના સમર્થનમાં મંતવ્ય વ્યકત કર્યું.

અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૨૦૦૮ થી ૨૦૧૨ પુસ્તકના પાના નં.૫૧ ઉપરના નિર્ણયને ટાંકીને માનનીય અધ્યક્ષશ્રીએ પોતાનો નિર્ણય આપતા જણાવ્યું કે નિયમ–૪૪ હેઠળ નિવેદન કરવાની મંજૂરી આપવાની સત્તા માન.અધ્યક્ષ**શ્રી** ને છે અને જયારે માનનીય મંત્રીને તેમણે મંજૂરી આપેલ હોય ત્યારે આ બાબતે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરી શકાતો નથી, આ ઉપરાંત નિયમ–૪૪ હેઠળ મંત્રી અધ્યક્ષની પરવાનગી લઈને જાહેર અગત્યની બાબત અંગે નિવેદન કરી શકે છે. નિયમમાં નીતિ વિષયક બાબત અંગે કોઈ ઉલ્લેખ નથી, આથી હું પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરું છું.

(૨) સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે પોતાના અગાઉના પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા પર માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ ધ્વારા તેમનું મંતવ્ય વ્યકત કરતી વખતે કરાયેલા કેટલાક ઉલ્લેખો અંગે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો

ઉપસ્થિત કર્યો કે, ટ્રેઝરી બેંચ તરફથી સ્વર્ગસ્થ અધ્યક્ષશ્રીની ટીકા સમાન ઉલ્લેખો થયા હોવાથી તેમણે તે ઉલ્લેખો પાછા ખેંચી લેવા જોઈએ અને માફી માગવી જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રીએ પોતાનો નિર્ણય આપતા જણાવ્યું કે તત્સમયે જ મેં માનનીય મંત્રીશ્રીને તે અંગે સૂચના આપી દીધી હતી. ઉપરાંત કોંગ્રેસ પક્ષના દંડક શ્રી બલવંતસિંહ રાજપૂતે ધ્યાન દોર્યું ત્યારે પણ તે શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવશે તેમ મેં કહયું હતું. આથી હવે તે અંગે કોઈ પોઈન્ટ ઓફ ઓર્ડર રહેતો ન હોવાથી હું આ પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર કરૂં છું.

(૩) માનનીય આરોગ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે વિપક્ષના કેટલાંક સિનિયર સભ્યો ધ્વારા આ સત્રમાં આપશ્રી આ શબ્દો કાઢી નાંખવાના છો, એમ કહીને ઈરાદાપૂર્વક અસંસદીય શબ્દોનો પ્રયોગ કરવામાં આવે છે, તેને ગંભીરતાથી લઈને યોગ્ય આદેશ આપવા માનનીય અધ્યક્ષશ્રીને વિનંતી કરી.

માનનીય અધ્યક્ષશ્રીએ આ મુદ્દાનો સ્વીકાર કરી સૌ સભ્યશ્રીઓને ગૃહનું સન્માન જળવાય તે રીતે કોઈ બદનક્ષીકારક, અશિષ્ટ, અસંસદીય કે અણછાજતા શબ્દોના પ્રયોગોથી દૂર રહીને પોતાનું પ્રવચન કરવા સૂચના આપી.

૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલ કાગળો

સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકશ્રીનો સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો નગરપાલિકાઓનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન.

૫. સમિતિના અહેવાલની રજૂઆત

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલે સમિતિનો દસમો અહેવાલ રજૂ કર્યો.

૬. સમિતિના પ્રમુખશ્રીનો પ્રસ્તાવ

બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલે પ્રસ્તાવ રજૂ કર્યો કે, "આ સભાગૃહ બિન–સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના દસમા અહેવાલ સાથે સંમત થાય."

પ્રસ્તાવ મત માટે મૂકવામાં આવ્યો અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)

શિક્ષણને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૯ તથા શિક્ષણ વિભાગને લગતા અન્ય ખર્ચને લગતી સેવા અંગેની શિક્ષણ વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૦ શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ, નાગરિક પુરવઠાને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતના વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૨ તથા અન્નને લગતી સેવા અંગેની અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની મહેસૂલી અને મૂડી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૨૩ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના રાજયકક્ષાના મંત્રીશ્રી છત્રસિંહ મોરીએ તથા ન્યાયતંત્રના વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૬૦ કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ માગણી ક્રમાંક ૯ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨ થી ૬, ૯, ૧૦, ૧૨ થી ૧૫, ૧૮, ૨૦ થી ૨૪, માગણી ક્રમાંક ૧૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૭ અને ૨૮, માગણી ક્રમાંક ૨૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૨૯, ૩૧ થી ૩૮, માગણી ક્રમાંક ૨૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૯, ૪૦, ૪૨ અને ૪૩ તથા માગણી ક્રમાંક ૬૦ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૪૫, ૪૬ અને ૪૭ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા શરૂ થઈ **જેમા** ૧૮ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ, માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના રાજયકક્ષાના મંત્રીશ્રી છત્રસિંહ મોરીએ, માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ અને માનનીય શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ આપ્યો.

કાપ દરખાસ્ત ક્રમાંક ૨ થી ૬, ૯, ૧૦, ૧૨ થી ૧૫, ૧૮, ૨૦ થી ૨૪, ૨૭ થી ૨૯, ૩૧ થી ૪૦, ૪૨ થી ૪૭ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૯, ૧૦, ૨૨, ૨૩ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૮. અધ્યક્ષશ્રીનો નિર્ણય

માગણીઓ પરની ચર્ચામાં સભ્યશ્રી પરેશ ધાનાણીના વકતવ્ય બાદ, માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તા.૨૩–૩–૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરી સમય બાદ માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો નિર્ણય આપ્યો કે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો **સન** ૨૦૦૮ થી ૨૦૧૨ પુસ્તકના પાના નંબર ૩૧ થી ૩૩ ઉપરના પૂર્વ અધ્યક્ષના રૂલિંગને ધ્યાનમાં લેતા તા.૨૦–૩–૨૦૧૫ના રોજ પ્રશ્નોત્તરી બાદ તે દિવસની પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૯ સંબંધમાં સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે જે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરેલો, તેના સમર્થનમાં તેમને તત્સમયે ખૂબ જ વિસ્તૃત અને પર્યાપ્ત રજૂઆત કરવા માટે તક આપવામાં આવી હતી. તેમ છતાં જયારે આ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો નિર્ણય વિચારણા હેઠળ હતો, ત્યારે તેમણે અધ્યક્ષને તે અંગે પત્ર લખ્યો, જે આ સભાગૃહની ઉચ્ચ સંસદીય પ્રણાલિકાઓની વિરૂધ્ધ છે.

ઉપરાંત તેમણે અધ્યક્ષને પાઠવેલા પત્રની વિગતો પ્રેસને વહેંચેલ છે તે બાબત અતિ ગંભીર અને અધ્યક્ષ તથા સભ્યો વચ્ચેના પત્ર વ્યવહાર સંબંધે જાળવવાના ઔચિત્યના ભંગ સમાન છે. આથી હું આ પોઈન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરૂં છું અને ભવિષ્યમાં આવી હરકત ન થાય તે બાબતે કાળજી રાખવા સભ્યશ્રી શકિતસિંહ ગોહિલને ગંભીરતાપૂર્વક જણાવું છું.

ઉપરાંત માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી ધ્વારા અધ્યક્ષના કાર્યાલયમાંથી પત્ર લીક થવા અંગે પોતાના વકતવ્યમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે, તે બાબત સત્યથી વેગળી છે અને આ પ્રકારની ટીકાથી માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી દૂર રહયા હોત તો તે ઉચિત અને યોગ્ય થાત તેમ પણ તેમણે જણાવ્યું.

૯. બેઠકનો સમય લંબાવવા અંગે

માનનીય શિક્ષણ મંત્રીશ્રી માગણીઓ પરની ચર્ચાનો જવાબ આપી રહયા હતા ત્યારે સભાગૃહની બેઠકનો સમય પૂરો થવા આવતાં માનનીય મુખ્ય દંડકશ્રી પંકજકુમાર દેસાઈએ માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહની બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતાં, તે મુજબ માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સભાગૃહની બેઠકનો સમય લંબાવેલ હતો.

## ગુરૂવાર, તા.૨૬મી માર્ચ, ૨૦૧૫

## ( પહેલી બેઠક )

૧. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૮, સન ૨૦૧૫નું ગુજરાત ખાનગી યુનિવર્સિટી (**દ્વિતિય** સુધારા) વિધેયક

(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૯, સન ૨૦૧૫નું ગુજરાત મોટર વાહન વેરા (સુધારા) વિધેયક

(૩) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૦, સન ૨૦૧૫નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ વિધેયક

(૪) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૧, સન ૨૦૧૫નું ગુજરાત કોર્ટ–ફી (સુધારા) વિધેયક

(૫) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૨, સન ૨૦૧૫નું ગુજરાત નાણાંની ધીરધાર કરનારા બાબત (સુધારા) વિધેયક

૨. બેઠકનો સમય લંબાવવા બાબત

સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક–૧૧ના પહેલા વાચનના પ્રસ્તાવના સમર્થનમાં કાયદા મંત્રીશ્રી વકતવ્ય આપી રહયાં હતા ત્યારે મુખ્ય દંડકશ્રી પંકજભાઈ દેસાઈએ આજના દિવસની કામકાજની યાદીમાં દર્શાવેલ વિધેયકો પસાર કરવામાં આવે ત્યાં સુધી બેઠકનો સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કરતા માન.અધ્યક્ષશ્રીએ સભાગૃહની અનુમતિથી બેઠકનો સમય લંબાવેલ હતો.

**( બીજી બેઠક )**

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. પોઈન્ટ ઓફ ઓર્ડર

સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો, સન ૨૦૦૮ થી ૨૦૧૨ પુસ્તકના પાના નંબર–૩૭ પરના તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૦૮ના નિર્ણયને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે આજની પ્રશ્નોત્તરીના પ્રશ્ન અગ્રતાક્રમ–૬ પરના પૂરક પ્રશ્નના ઉત્તરમાં માનનીય મંત્રીશ્રી વસુબેન ત્રિવેદી ધ્વારા કેન્દ્ર સરકાર માટે જે ટીકાત્મક ઉલ્લેખો કરવામાં આવ્યા છે, તે યોગ્ય નથી તેમ જણાવી અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય કાયદા મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ રજૂઆત કરી કે કેન્દ્ર સરકારી ટીકા ન કરી શકાય, પરંતુ રાજયના હિતને વિપરીત અસર થતી હોય તો તેવી માહિતી કેન્દ્ર સરકારનો ઉલ્લેખ કરીને ગૃહના સભ્યોને આપી શકાય છે. માનનીય મંત્રીશ્રીએ આજે કરેલા ઉલ્લેખો આ પ્રકારના હોઈ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો નામંજૂર કરવો જોઈએ અને સભ્યશ્રી પરેશ ધાનાણીએ મુદ્દાના સમર્થનમાં મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય અધ્યક્ષશ્રીએ આ અંગે તેઓ પાછળથી તેમનો નિર્ણય આપશે તેમ જણાવ્યું.

૩. માનનીય મુખ્યમંત્રીશ્રી તથા મંત્રીશ્રીના નિવેદનો (નિયમ–૪૪)

(૧) માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે તાજેતરમાં રાજયમાં કમોસમી વરસાદ તથા કરા પડવાને લીધે જે ખેડૂતોને નુકશાન થયેલ છે, તેવા અસરગ્રસ્ત ખેડૂતોને મદદરૂપ થવા ખાસ રાહત પેકેજ આપવા બાબતનું નિવેદન કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

(૨) માનનીય ઉર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે કેન્દ્ર સરકાર ધ્વારા કોલસા અંગેના પ્રશ્નોના કાયમી નિરાકરણ માટે રાજયને વીજ ઉત્પાદન માટે છત્તીસગઢ ખાતેની કોલ માઈન્સ ફાળવવા બાબતનું નિવેદન કર્યું અને તેમાંથી ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)

ગૃહ વિભાગને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૨, પોલીસને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૩ તથા જેલને લગતી સેવા અંગેની ગૃહ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૪૪ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી રજનીકાન્ત સો. પટેલે રજૂ કરી.

માગણીઓ જેમ જેમ રજૂ થતી ગઈ તેમ તેમ માગણી ક્રમાંક ૪૨ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૯, માગણી ક્રમાંક ૪૩ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૧૦, ૧૨, ૧૩, ૧૫ થી ૨૮, ૩૦ થી ૩૭ તથા માગણી ક્રમાંક ૪૪ ઉપરની કાપ દરખાસ્ત ક્રમાંક ૩૮ અને ૩૯ સંબંધિત સભ્યશ્રીઓએ રજૂ કરી.

ત્યારબાદ માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલી કાપ દરખાસ્ત પર ભેગી ચર્ચા શરૂ થઈ અને તેમાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ ભાગ લીધો.

૫. પોઈન્ટ ઓફ ઓર્ડર

માગણીઓ પરની ચર્ચામાં માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના વકતવ્યના કેટલાક ઉલ્લેખો સામે રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કરતાં, માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તેવા શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા આદેશ કર્યા હતાં.

૬. સભાત્યાગ અને સૂત્રોચ્ચાર

માનનીય વિરોધપક્ષના નેતાશ્રી તેમનું પ્રવચન કરી રહયા હતા ત્યારે માનનીય ઉપાધ્યક્ષશ્રીએ તેમને તેમના બાકી રહેલ સમયની જાણકારી આપી ત્યારે સમય અપૂરતો છે તેમ જણાવી અસંતોષ વ્યકત કરી તેઓ સભાત્યાગ કરી ગયા.

ત્યારબાદ સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો તેમના સ્થાન પરથી ઉભા થઈ ગયા અને વેલમાં આવીને સૂત્રોચ્ચાર કરવા લાગ્યા અને કેટલાક સભ્યો ધ્વારા કાગળોના ડૂચા, પ્રશ્નોત્તરીની બૂકો તથા ખુરશી પરની ગાદી વગેરે વેલ તરફ અને અધ્યક્ષશ્રીના સ્થાન તરફ ફેંકવામાં આવ્યા.

૭. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)

ત્યારબાદ ચર્ચાનો જવાબ માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી રજનીકાન્ત સો. પટેલે આપવાનો શરૂ કર્યો.

૮. સસ્પેન્શન

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ વેલમાં આવેલા અને સૂત્રોચ્ચાર કરી રહેલા તમામ સભ્યોને તેમનું સ્થાન લેવા અને સૂત્રોચ્ચાર બંધ કરવા વારંવાર સૂચના આપી. આમ છતાં, સભ્યશ્રીઓએ વેલમાં તથા પોતાના સ્થાને ઉભા ઉભા સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખ્યું.

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ વેલમાં તથા પોતાના સ્થાને ઉભા રહી સૂત્રોચ્ચાર કરી રહેલા તમામ સભ્યોને તેમનું સ્થાન લેવા છેલ્લી ચેતવણી આપી અને કહયું કે આ સૂચનાનું પાલન નહીં કરવામાં આવે તો તેમને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવશે.

આમ છતાં સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો ધ્વારા વેલમાં ઉભા ઉભા સૂત્રોચ્ચાર કરવાનું ચાલુ રાખવામાં આવતા, માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને આજના દિવસ માટે સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી અને સાર્જન્ટને આદેશ કર્યો કે સસ્પેન્ડ કરવામાં આવેલા તમામ સભ્યોને સન્માનપૂર્વક ગૃહની બહાર લઈ જવામાં આવે.

માનનીય રાજયકક્ષાના ગૃહ મંત્રીશ્રી રજનીકાન્ત સો. પટેલે સતત ઘોંઘાટ અને શોરબકોર વચ્ચે પોતાનું વકતવ્ય ચાલુ રાખ્યું.

૯.	તોફાની દ્રશ્યો અને સભાગૃહની બેઠક મુલતવી રાખવા બાબત

માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશ અનુસાર સસ્પેન્ડ કરવામાં આવેલા સભ્યોને ગૃહની બહાર લઈ જવા માટે સાર્જન્ટો ધ્વારા વારંવાર પ્રયત્ન કરવામાં આવ્યા છતાં સસ્પેન્ડ થયેલા સભ્યો બહાર ન નીકળતા માનનીય ઉપાધ્યક્ષશ્રીએ સસ્પેન્ડ કરવામાં આવેલા સભ્યોને બહાર લઈ જવા સાર્જન્ટને કડક સૂચના આપી, જેનો અમલ કરવાનો પ્રયત્ન કરવામાં આવતા સસ્પેન્ડ કરવામાં આવેલા સભ્યો ધ્વારા કાગળો ફાડીને ઉડાડવામાં આવ્યા, ગાદી ફેંકવામાં આવી, અધ્યક્ષશ્રીની ચેર તરફ પણ કાગળો અને પ્રશ્નોત્તરીની બૂક તથા હેડફોન વગેરે ફેંકવામાં આવ્યા. સાર્જન્ટ ધ્વારા સભ્યોને બહાર નીકળવા વિનંતી કરવામાં આવતા તેમની સાથે દલીલો કરીને બહાર નીકળવાનો ઈન્કાર કરવામાં આવ્યો. સાર્જન્ટ ધ્વારા સસ્પેન્ડ થયેલા સભ્યોને બહાર લઈ જવાનો પુનઃ પ્રયત્ન કરવામાં આવતા સભ્યશ્રી શૈલેષ પરમારે બેંચ ઉપર ચડીને ઠેકડો મારીને ઉગ્ર સ્વરૂપે વિરોધ કર્યો અને કેટલાક સભ્યોએ સાર્જન્ટ સાથે ઝપાઝપી પણ કરી.

ત્યારબાદ સભાગૃહનું કામકાજ આગળ ચલાવવાનું શકય ન જણાતાં માનનીય ઉપાધ્યક્ષશ્રીએ ૪.૪૯ કલાકે સભાગૃહની બેઠક ૫.૦૦ વાગ્યા સુધી મુલતવી રાખી.

**સભાગૃહની મુલતવી રહેલ બેઠક સાંજના ૫.૦૦ વાગ્યે ફરી મળી**

૧૦.	બેઠકનો સમય લંબાવવા બાબત

માનનીય મુખ્ય દંડક શ્રી પંકજકુમાર દેસાઈએ પ્રસ્તાવ રજૂ કર્યો કે માગણીઓ પરનું મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી ગૃહનો સમય લંબાવવામાં આવે અને વિરામ રદ કરવામાં આવે. તદનુસાર માનનીય ઉપાધ્યક્ષશ્રીએ વિરામનો સમય રદ કરીને સભાગૃહની બેઠકનો સમય લંબાવ્યો.

૧૧.	સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રસ્તાવ રજૂ કર્યો કે આજરોજ ગૃહ વિભાગની માગણીઓ પરની ચર્ચા વખતે સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના સભ્યો ધ્વારા ભૂતકાળમાં આપણે કયારેય ન જોયા હોય તેવા હિંસક દ્રશ્યો કે જેને જોઈને માથું શરમથી ઝૂકી જાય તે પ્રકારનું વર્તન કરવામાં આવેલ છે. તેઓને મર્યાદિત સમય અંગે જાણકારી હતી, છતાં તેમણે નિવેદન પર પ્રશ્નો પૂછવામાં ઘણો સમય લીધો હતો. ત્યારપછી સમય મળતો નથી એમ કહીને આપના પર કાગળોના ડૂચા ફેંકવા, ગાદી નાખવી અને વિધાનસભાના સચિવના ટેબલને ઘેરી લેવું વગેરે શરમજનક દૃશ્યોના આપણે સૌ સાક્ષી છીએ. આ ઘટના અતિ શરમજનક હોઈ કોંગ્રેસ પક્ષના તમામ સભ્યોને આવતીકાલ સુધી એટલે કે બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવે.

માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પ્રસ્તાવનું સમર્થન કર્યું અને જણાવ્યું કે અગાઉ જયારે રાજપાની સરકાર બની તે પહેલા જે પ્રકારના બનાવો આ ગૃહમાં બન્યા હતા તેવા દ્રશ્યો આજે સર્જાયા છે અને એ વખતે પણ કોંગ્રેસ પક્ષના સભ્યો ધ્વારા જે વર્તન કરવામાં આવેલું તેવું જ આજે પણ બન્યું છે.

માનનીય મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ કાયદો અને વ્યવસ્થાની ચિંતા કરનારા કોંગ્રેસ પક્ષના સભ્યો ધ્વારા આજે કાયદાનો ભંગ કરીને જે પ્રમાણેના કૃત્યો કરવામાં આવ્યા છે તે મહાત્મા ગાંધી અને સરદાર પટેલના ગુજરાતની વિધાનસભાની ગરિમા અને અધ્યક્ષ પદની ગરિમાને લાંછનરૂપ હોઈ કડક પગલાં લઈને આપણા ગૃહની ગરિમાને કયારેય ઠેસ ન પહોંચે તેવો આદેશ કરવા વિનંતી કરી.

માનનીય ઉપાધ્યક્ષશ્રીએ જણાવ્યું કે આજે વિપક્ષના મિત્રોએ જે કાર્યવાહી કરી અને અધ્યક્ષના ડેસ્ક પર કાગળો ઉડાડયા, ગાદીઓ ઉછાળી, પ્રશ્નોત્તરીની બૂકો ફેંકી, હેડફોન ફેંકયા તે કૃત્યો કોઈપણ સંજોગોમાં સંસદીય પ્રણાલીને શોભે તેવા નહોતા. આજે ગુરૂવાર હોવાથી ૨ કલાક બિન–સરકારી કામકાજ માટે ફાળવેલા હતા ત્યારે માગણીઓ પર ચર્ચા અને મતદાન માટે કુલ ૩૦ મિનિટનો સમય બાકી રહેતો હતો. પ્રોરેટા પ્રમાણે શાસક પક્ષને ૨૦ મિનિટ અને વિપક્ષના ફાળે ૧૦ મિનિટ આવતી હતી.

વિરોધપક્ષના નેતાશ્રી પ્રવચન કરી રહયા હતા ત્યારે તેમને અગાઉથી સમયની જાણકારી આપવામાં આવી હતી. ત્યારબાદ પણ તેમનું પ્રવચન ચાલુ હતું ત્યારે પણ તેમને તેમનો કેટલો સમય બાકી રહે છે તેની જાણકારી મેં આપી હતી. ૮ મિનિટ પ્રવચન કર્યા પછી હવે ૨ મિનિટમાં કેવી રીતે કહી શકાય તેમ કરીને કોંગ્રેસ પક્ષના સભ્યો ધ્વારા ઉભા થઈને સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો ત્યારે મેં તેમને સૂત્રોચ્ચાર બંધ કરવા અને તેમનું સ્થાન લેવા વારંવાર વિનંતી કર્યા છતાં મારી વિનંતીને અવગણીને તેમણે તેમ કરવાનું ચાલુ રાખ્યું હતું. ત્યારબાદ પણ મેં તેમને ચેતવણી આપી હતી કે હવે સૂત્રોચ્ચાર બંધ કરીને તેમનું સ્થાન નહીં લે તો ઉભા રહીને સૂત્રોચ્ચાર કરતા તમામ સભ્યોને હું આજના દિવસ માટે સસ્પેન્ડ કરવાનો આદેશ આપીશ.

આમ, મારી વારંવારની વિનંતી અને ચેતવણી છતાં મારી સૂચનાનું પાલન કરવાના બદલે જે રીતે ગૃહમાં તોફાની **દ્રશ્યો** કરીને ગૃહની શાંતિને ડહોળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે, ઈયરફોન પણ કાઢી નાખીને, તોડી નાખીને મારવાનો પણ પ્રયત્ન થયો છે તે કોઈપણ સંજોગોમાં ચલાવી શકાય નહીં.

ત્યારબાદ માનનીય ઉપાધ્યક્ષશ્રીએ પ્રસ્તાવ મત ઉપર મૂકયો, જેનો સ્વીકાર કરવામાં આવ્યો. તદનુસાર માનનીય વિરોધ પક્ષના નેતા શ્રી શંકરસિંહ વાઘેલા સભાગૃહ છોડી ગયા હોવાથી તેમના સિવાયના કોંગ્રેસ પક્ષના સભાગૃહમાં ઉપસ્થિત તમામ સભ્યોને બે દિવસ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા.

૧૨. માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ) (ક્રમશઃ)

ત્યારબાદ કાપ દરખાસ્ત ક્રમાંક ૧ થી ૧૦, ૧૨, ૧૩, ૧૫ થી ૨૮, ૩૦ થી ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તેનો અસ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૪૨, ૪૩ અને ૪૪ મત ઉપર મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

૧૩. બિન–સરકારી વિધેયકો

પહેલાં, બીજા અને ત્રીજા વાચન માટેના બિન–સરકારી વિધેયકો

(૧) સન ૨૦૧૪નું વિધેયક ક્રમાંક–૧૩, સન ૨૦૧૪નું ગુજરાત (રાજય સેવક ધ્વારા) લોક તિરસ્કાર નિવારણ વિધેયકના પ્રભારી સભ્યશ્રી બલવંતસિંહ રાજપૂત સસ્પેન્શન હેઠળ હોવાથી ગૃહમાં ઉપસ્થિત ન હોઈ વિધેયક રજૂ થઈ શકયું નહીં.

(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક–૧૭, સન ૨૦૧૫નું ગુજરાત બિન–નાશવંત કચરો (નિયંત્રણ) વિધેયકના પ્રભારી સભ્યશ્રી ભૂષણ ભટ્ટ સભાગૃહમાં ઉપસ્થિત ન હોવાથી વિધેયક રજૂ થઈ શકયું નહીં.

## શુક્રવાર, તા.૨૭મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા.

૨. પોઈન્ટ ઓફ ઓર્ડર

માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ સન ૨૦૦૮ થી ૨૦૧૨ના માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો પુસ્તકના નિર્ણય ક્રમાંક ૭ તથા ૩૨ને ટાંકીને પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો કે ગઈ કાલ તા.૨૬–૩–૧૫ના રોજ સભાગૃહમાં જે ગંભીર પ્રકારના બનાવો બન્યા છે, જેમાં તોફાનો, પ્રદર્શન, સૂત્રોચ્ચાર કરીને કાગળોના ડૂચા, પ્રશ્નોત્તરીની બૂકો, બેસવાની ગાદી, હેડફોન વગેરે અધ્યક્ષશ્રીના સ્થાન પર બેઠેલા માનનીય ઉપાધ્યક્ષશ્રી તરફ ફેંકવાની ઘટના બની છે. તદુપરાંત વિધાનસભાના સચિવ અને જે અધિકારીઓ બેઠા હતા તેઓ માટે પણ અભદ્ર ભાષામાં શબ્દોચ્ચાર કરવામાં આવ્યો. ગૃહમાંથી બહાર નીકળ્યા પછી વિધાનસભા સંકુલમાં માનનીય ઉપાધ્યક્ષશ્રી તથા માનનીય અધ્યક્ષશ્રીની ઓફિસની વચ્ચેના સમગ્ર ભાગમાં તોડફોડ કરીને સમગ્ર સંકુલને બાનમાં લેવાનો પ્રયત્ન થયો છે. પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણય અનુસાર આ રીતે કરવામાં આવેલ નુકસાનની વસૂલાત કરવા માટે પણ આદેશ થવો જોઈએ તેમ કહી માનનીય અધ્યક્ષશ્રીનું માર્ગદર્શન માગ્યું.

માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનું સમર્થન કરીને સમગ્ર ઘટના આપણે સૌએ જોઈ છે. સી.સી.ટી.વી.માં દરેક સભ્યના કૃત્યનું રેકોર્ડીંગ થયેલ છે તથા સંકુલમાં જે રીતે પાર્ટીશનો, કુંડા, અધ્યક્ષ તથા ઉપાધ્યક્ષની ઓફિસોમાં કરવામાં આવેલ તોડફોડથી આતંક મચાવવામાં આવ્યો છે, તેને ગંભીર ગણીને તેમણે ઉમેર્યું કે સભાગૃહની બેઠક મુલતવી રાખ્યા પછી જો માનનીય ઉપાધ્યક્ષશ્રી તેમની ઓફિસમાં ગયા હોત તો તેમના પર પણ હુમલો થવાની શકયતા હતી તે રીતનું તેમનું વર્તન હતું.

માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે, ગઈકાલની અશોભનીય ઘટનાથી હું ઘણો વ્યથિત થયો છું જેમનું કાર્ય લોકશાહીનું જતન કરવાનું છે અને ઉત્તમ પ્રણાલિકાઓ પ્રસ્થાપિત કરીને ઉદાહરણ બનવાનું છે તેવા પ્રજાના પ્રતિનિધિઓ ગુજરાતના ગૌરવને ન છાજે તેવું વર્તન કરીને પોતાની જવાબદારીમાંથી મારી દૃષ્ટિએ ઉણા ઉતર્યા છે. આ અતિ ગંભીર ઘટના હોઈ ગઈકાલે જ મેં સરકારી મિલકતને થયેલા નુકશાનનો અંદાજ મેળવીને થયેલ નુકસાન અંગે પોલીસ ફરિયાદ નોંધાવવાના હુકમો પણ કર્યા છે અને તેના અનુસંધાને પોલીસ ફરિયાદ પણ નોંધવામાં આવી છે, તેવી તેમણે સભાગૃહને જાણકારી પણ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ તમામ બાબતોનો અભ્યાસ કરીને, પૂર્વ અધ્યક્ષોના નિર્ણયોને ધ્યાનમાં લઈને તથા વીડીયો ફુટેજ જોઈને હું મારો નિર્ણય પાછળથી જાહેર કરીશ તેમ જણાવ્યું.

૩. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તથા આ અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબના કારણો સમજાવતું નિવેદન

(૨) ગુજરાત રાજય પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) ગુજરાત પ્રવાસ વિકાસ કંપનીનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત રાજય પોલીસ આવાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) બાયસેગ સેટેલાઈટ કોમ્યુનીકેશન કંપની લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૮) ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના સન ૨૦૧૦–૨૦૧૧ અને ૨૦૧૧–૨૦૧૨ના વાર્ષિક અહેવાલો તથા આ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતાં નિવેદન

(૯) ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૧–૨૦૧૨નો ઓડિટ અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન

(૧૦) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના સન ૨૦૧૩–૨૦૧૪ના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો

(૧૧) ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના સન ૨૦૧૪–૨૦૧૫ના સુધારેલ અંદાજો અને સન ૨૦૧૫–૨૦૧૬ના અંદાજો

(૧૨) ગુજરાત રાજય માર્ગ વાહનવ્યવહાર નિગમનો સન ૨૦૧૦–૨૦૧૧ નો વાર્ષિક વહીવટી અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો સમજાવતું નિવેદન

(૧૩) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૧૪) ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડનો સન ૨૦૧૩–૨૦૧૪ નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૧૫) નાણા વિભાગની સન ૨૦૦૩ના ગુજરાત મૂલ્યવર્ધિત વેરા અધિનિયમ અન્વયેની તા.૨૧–૧–૧૫ ની અધિસૂચના ક્રમાંકઃ (જીએચએન–૪)– વીએટી–(એસ–૫) (૨) (૪૨)–ઠ

(૧૬) વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગના સન ૨૦૦૦ના ઈન્ફરમેશન ટેકનોલોજી અધિનિયમ અન્વયેના

(૧) તા.૧૬–૮–૧૪ના જાહેરનામા ક્રમાંકઃ જીએસટી/ ૨/ ૨૦૧૪/ આઇટીએ / ૧૦/ ૨૦૧૨/ જીઓઆઇ– ૫૭–૧૧૫૦/ આઇટી

(૨) તા.૧૮–૨–૧૫ના જાહેરનામા ક્રમાંકઃ જીએસટી/ ૩/ ૨૦૧૫/ આઇટીએ/ ૧૦/ ૨૦૧૨/ જીઓઆઇ– ૫૭–૧૧૫૦/ આઇટી

૪. સમિતિના અહેવાલની રજૂઆત

અંદાજ સમિતિના પ્રમુખશ્રી કિરીટસિંહ રાણાએ સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કર્યો.

૫. માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)

નાણા વિભાગને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૫, કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ)ને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૬, તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૭ તથા પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની માગણી ક્રમાંક ૧૮ માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે રજૂ કરી.

માગણીઓ પર કાપ દરખાસ્ત રજૂ કરનાર કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સસ્પેન્શન હેઠળ હોવાથી માગણીઓ પરની કાપ દરખાસ્તો રજૂ થઈ નહીં.

ત્યારબાદ માગણીઓ પર ચર્ચા શરૂ થઈ અને ૫ સભ્યશ્રીઓએ તેમાં ભાગ લીધો.

ચર્ચાનો જવાબ માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે આપ્યો.

ત્યારબાદ માગણી ક્રમાંક ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત ઉપર મૂકવામાં આવી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

૬. ગિલોટીન થયેલી માગણીઓ

માનનીય નાણામંત્રીશ્રી સૌરભભાઈ પટેલે સન ૨૦૧૫–૨૦૧૬ના વર્ષની માગણી ક્રમાંક ૧, ૭, ૮, ૧૧, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ રજૂ કરી, જે મત માટે મૂકવામાં આવી અને તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ રાજય વિધાન મંડળને લગતી માગણી ક્રમાંક ૩૬ અને ૩૭ રજૂ કરી અને તેનો વિના વિરોધે સ્વીકાર કરવામાં આવ્યો.

૭. અધ્યક્ષશ્રીનો નિર્ણય

માનનીય અધ્યક્ષશ્રીએ આજરોજ પ્રશ્નોત્તરી સમય બાદ માનનીય રાજયકક્ષાના સંસદીય બાબતોના મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ ઉઠાવેલા પોઈન્ટ ઓફ ઓર્ડરનો નિર્ણય આપતા જણાવ્યું કે ગઈકાલની બન્ને બેઠકોની કાર્યવાહીની નોંધ, પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણયો, વીડીયો ફુટેઝ વગેરે સમગ્ર બાબતોનો મેં બારીકાઈથી અભ્યાસ કર્યો છે. હું આ પોઈન્ટ ઓફ ઓર્ડરનો સ્વીકાર કરૂં છું અને પૂર્વ અધ્યક્ષશ્રીના નિર્ણય અનુસાર કરવામાં આવેલ નુકશાનની રકમ હાજર રહેલા વિપક્ષના સભ્યો પાસેથી વસૂલ કરવાનો નિર્ણય મેં કરેલ છે. સમગ્ર ઘટના અતિ નિંદનીય છે અને તેને હું વખોડી કાઢું છું આ ઘટના સંસદીય લોકશાહીની ઉજવળ પરંપરાઓ માટે કલંકરૂપ છે તે બાબતનો હું સ્વીકાર કરૂં છું અને વિપક્ષના સભ્યોને સખત શબ્દોમાં ઠપકો આપું છું.

## સોમવાર, તા.૩૦મી માર્ચ, ૨૦૧૫

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા

૨. શોકદર્શક ઉલ્લેખ

માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્ય સ્વ.શ્રી દોલતસિંહજી પ્રતાપસિંહજી જાડેજાના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલા તેમજ માનનીય મંત્રીશ્રી પ્રો.વસુબેન ત્રિવેદીએ સ્વર્ગસ્થને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવી સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ સૌ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

"તાજેતરમાં ગુજરાત શિક્ષણ બોર્ડ ધ્વારા લેવાઈ રહેલ પરીક્ષામાં ધોરણ–૧૦નું અંગ્રેજીનું અને ધોરણ–૧૨નું બાયોલોજીનું પેપર ફૂટી ગયું છે. જેના કારણે રાજયના તેજસ્વી વિદ્યાર્થીઓમાં ફેલાયેલ ભય અને રોષની લાગણી તેમજ પેપર લીક થવાની તાકીદે તપાસ કરાવી જવાબદારો સામે પગલાં ભરવા અને વિદ્યાર્થીઓના હિતને નુકસાન ન થાય તે માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત માનનીય સભ્યશ્રીઓ ધ્વારા રજૂ કરવામાં આવી નહીં.

૪. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

સ્થાનિક ભંડોળ હિસાબના નિરીક્ષકનો સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો ગ્રામ પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તથા સન ૨૦૧૧–૨૦૧૨ના વર્ષનો જિલ્લા અને તાલુકા પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ તેમજ સન ૨૦૧૦–૨૦૧૧ના વર્ષનો ગ્રામ પંચાયતોના હિસાબો પરનો ઓડિટ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેના કારણો સમજાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકયું.

૫. અનુમતિ મળેલ વિધેયકો

સચિવશ્રીએ તેરમી ગુજરાત વિધાનસભાના ચાલુ છઠ્ઠા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૧૫ના વિધેયક ક્રમાંક ૧, ૪, ૬ અને ૭ ને સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૬. સમિતિના અહેવાલની રજૂઆત

પંચાયતી રાજ સમિતિના પ્રમુખશ્રી ચીમનભાઈ સાપરીયાએ સમિતિનો પહેલો, બીજો અને ત્રીજો અહેવાલ રજૂ કર્યો.

૭. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૨૧, સન ૨૦૧૫નું ગુજરાત વિનિયોગ વિધેયક

(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૧૩, સન ૨૦૧૫નું ગુજરાત ખેત ઉત્પન્ન બજાર (સુધારા) વિધેયક

(૩) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૧૪, સન ૨૦૧૫નું ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક

(૪) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૧૫, સન ૨૦૧૫નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક

(૫) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૧૬, સન ૨૦૧૫નું ગુજરાત પ્રાથમિક શિક્ષણ (સુધારા) વિધેયક.

૮. પોઈન્ટ ઓફ ઓર્ડર અને સભાત્યાગ

વિધેયક ક્રમાંક ૧૪ની ચર્ચા દરમ્યાન વિરામ બાદ, સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે તા.૨૬–૩–૨૦૧૫ના રોજ બીજી બેઠક દરમ્યાન બનેલી ઘટના સંબંધમાં અધ્યક્ષસ્થાનેથી માનનીય ઉપાધ્યક્ષશ્રી ધ્વારા આપવામાં આવેલા આદેશો સંદર્ભે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો અને આ અંગે વિસ્તૃત ચર્ચા કરતાં, માનનીય અધ્યક્ષશ્રીએ મુદ્દો બે ચાર લીટીમાં કહી દેવો જોઈએ અને દસ મિનિટ સુધી ચલાવવો ન જોઈએ તેમ જણાવી ૨૬ તારીખના બનાવ અંગે મેં ૨૭ તારીખે રૂલિંગ આપી દીધું છે અને જયારે ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને બેઠા હોય ત્યારે તેમને અધ્યક્ષના બધા જ અધિકારો મળે છે, તેથી તેમની ટીકા કરી શકાતી નથી, તેમના રૂલિંગની ચર્ચા **પણ** કરી શકાતી નથી, તેમ જણાવતા સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યશ્રીઓએ સભાત્યાગ કરેલ હતો.

ત્યારબાદ માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાના વિરોધમાં તેમનું મંતવ્ય વ્યકત કર્યું અને જણાવ્યું કે સમગ્ર ઘટનાના આપણે સૌ સાક્ષી છીએ અને તેની વિસ્તૃત ચર્ચા થઈ ચૂકી છે, આપે રૂલિંગ પણ આપી દીધું છે ત્યારે સભ્યશ્રી શકિતસિંહ ગોહિલના સમગ્ર પ્રવચનને રેકર્ડ પરથી દૂર કરવું જોઈએ. માનનીય મંત્રીશ્રી રમણલાલ

વોરાએ પણ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દા અંગે તેમનું મંતવ્ય વ્યકત કરતા જણાવ્યું કે, અધ્યક્ષસ્થાને ઉપાધ્યક્ષશ્રી કે પેનલના કોઈપણ સભ્ય બેઠા હોય ત્યારે તેમને અધ્યક્ષ જેટલા જ અધિકારો પ્રાપ્ત થાય છે અને તેમના આદેશ કે રૂલિંગ અંગે ગૃહમાં કોઈ ચર્ચા થઈ શકતી નથી.

માનનીય અધ્યક્ષશ્રીએ, ૨૬મી તારીખના બનાવ અંગે ૨૭મી તારીખે ઘટનાના સમગ્ર પાસાઓનો ઉંડો અભ્યાસ કરીને મેં જયારે નિર્ણય આપી દીધો છે અને પોલીસ ફરિયાદ પણ દાખલ થઈ ચૂકી છે ત્યારે આજે ૩૦મી તારીખે આ મુદ્દો ઉપસ્થિત કરવો યોગ્ય નથી તેમ જણાવી કહયું કે આજે સવારથી જ વિપક્ષના સભ્યો મોઢાં ઉપર કાળી પટ્ટી બાંધીને બેઠાં હતાં. નિયમો અનુસાર ગૃહમાં કોઈપણ પ્રકારનું પ્રદર્શન કરી શકાતું નથી, તેમ છતાં પણ ગૃહમાં સુમેળભર્યું વાતાવરણ જળવાઈ રહે એટલા માટે અઢી કલાક સુધી મોઢે કાળી પટ્ટી ધારણ કરેલી હોવા છતાં મેં તેમને ગૃહમાં બેસવા દીધા હતા.

વિરામ બાદ સભ્યશ્રી શકિતસિંહ ગોહિલે ૨૬ તારીખના બનાવ અંગે આજે ૩૦મી તારીખે પોઈન્ટ ઓફ ઓર્ડરનો મુદ્દો ઉપસ્થિત કર્યો છે. અધ્યક્ષ કે ઉપાધ્યક્ષના નિર્ણય અંગે કોઈ ટીકા કે ચર્ચા થઈ શકતી નથી અને તેમ કરવું હોય તો તે માટે નિયમો પ્રમાણે યોગ્ય ભાષામાં પ્રસ્તાવ લાવવો પડે છે. જેથી હું આ પોઈન્ટ ઓફ ઓર્ડરના મુદ્દાનો અસ્વીકાર કરૂં છું અને સભ્યશ્રી શકિતસિંહ ગોહિલના સમગ્ર પ્રવચનને રેકર્ડ પરથી દૂર કરૂં છું.

## મંગળવાર, તા.૩૧મી માર્ચ, ૨૦૧૫

## ( પહેલી બેઠક )

૧. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ સરકારી વિધેયકો

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૧૯, સન ૨૦૧૫નું ગુજરાત જિલ્લા આયોજન સમિતિ (સુધારા) વિધેયક

(૨) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૧૮ સન ૨૦૧૫નું ગુજરાત આતંકવાદી કૃત્ય અને સંગઠિત ગુના નિયંત્રણ વિધેયક

૨. અધ્યક્ષશ્રીની જાહેરાત

વિધેયક ક્રમાંક ૧૮ના પહેલા વાંચનના પ્રસ્તાવના સમર્થનમાં માનનીય મંત્રીશ્રીના વકતવ્ય બાદ, માનનીય અધ્યક્ષશ્રીએ, છેલ્લા બે દિવસથી સભાગૃહમાં શાસક પક્ષ અને વિરોધ પક્ષ વચ્ચે સુમેળના વાતાવરણની સમતુલા ખોરવાઈ હતી અને પરિણામે કેટલીક હિંસક ઘટના તેમજ વરવા દ્રશ્યોનું નિર્માણ થયું હતું, જેથી તેમના ધ્વારા પુનઃ સુમેળ સ્થપાય તે માટે કરવામાં આવેલ પ્રયત્નો અને બન્ને પક્ષની તેમણે પોતાની ચેમ્બરમાં યોજેલ બેઠકમાં જે સંમતિ સાધવામાં આવી હતી તે મુદ્દા અંગે જાહેરાત કરી માનનીય અધ્યક્ષશ્રીએ જણાવ્યું કે વિધાનસભા પરિસરમાં જે કોઈ તોડફોડ કે મિલકતોનું નુકસાન થયેલ છે, તેને ભરપાઈ કરવા માટે વિપક્ષ તરફથી નમ્રતાથી સહમતિ દર્શાવાઈ છે, જેથી તે અંગે થયેલ પોલીસ ફરિયાદ સંબંધમાં આગળની કાર્યવાહી કરવી તે ગૃહની ઉજજવળ પરંપરા સાથે સુસંગત ન હોઈ તે અંગે થયેલી પોલીસ ફરિયાદ પરત ખેંચવા આદેશ કરેલ હતો.

૩. બેઠકનો સમય લંબાવવા અંગે

ત્યારબાદ વિધેયક પરની ચર્ચામાં સભ્યશ્રી ગ્યાસુદ્દીન શેખના વકતવ્ય દરમ્યાન બેઠકનો સમય પૂરો થવા આવતાં માનનીય મુખ્ય દંડક શ્રી પંકજકુમાર દેસાઈએ, કામકાજ સલાહકાર સમિતિમાં નકકી થયા મુજબ આ વિધેયક પરની ચર્ચા પૂર્ણ થાય અને વિધેયક પસાર થાય ત્યાં સુધી સમય લંબાવવાનો પ્રસ્તાવ રજૂ કર્યો. તદનુસાર માનનીય અધ્યક્ષશ્રીએ સભાગૃહની સંમતિથી બેઠકનો સમય લંબાવેલ હતો.

૪. સભાત્યાગ

વિધેયક ક્રમાંક ૧૮ના પહેલા વાંચનનો પ્રસ્તાવ મત પર મૂકવાના તબકકે માનનીય વિરોધ પક્ષના નેતાશ્રીએ આ વિધેયક રાજયની પ્રજાના હિતમાં નથી તેથી અમે મતદાનમાં ભાગ લઈ શકીએ તેમ નથી તેમ જણાવ્યું અને સભાગૃહમાં ઉપસ્થિત કોંગ્રેસ પક્ષના તમામ સભ્યો સભાત્યાગ કરી ગયેલ હતા.

## ( બીજી બેઠક )

૧. પ્રશ્નો પૂછવામાં આવ્યા અને તેના જવાબ આપવામાં આવ્યા તેમજ ચૌદમી અને પંદરમી અતારાંકિત યાદીઓ સભાગૃહના મેજ ઉપર મુકવામાં આવી.

૨. શોકદર્શક ઉલ્લેખ

માનનીય મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે, ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રી સ્વ. શ્રી મનુભાઈ મોતીભાઈ પટેલના અવસાન અંગે શોકદર્શક ઉલ્લેખ કર્યો અને સ્વર્ગસ્થને અંજલિ આપી.

ત્યારબાદ માનનીય વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહ વાઘેલાએ સ્વર્ગસ્થને અંજલિ આપી.

માનનીય અધ્યક્ષશ્રીએ શોકદર્શક ઉલ્લેખમાં તેમનો સૂર પૂરાવી સ્વર્ગસ્થને અંજલિ આપ્યા બાદ સૌ સભ્યશ્રીઓએ ઉભા થઈને બે મિનિટ મૌન પાળ્યું અને ત્યારબાદ માનનીય અધ્યક્ષશ્રીએ સ્વર્ગસ્થના કુટુંબીજનોને ગૃહની આ લાગણી પહોંચાડવામાં આવશે તેવી જાહેરાત કરી.

૩. તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

સભ્યશ્રી અમિત ચાવડાએ, "તાજેતરમાં મહી વિભાગની સિંચાઈ શાખાના નડીયાદ મહી કેનાલમાં હમીદપુરા મહી કેનાલમાં ગાબડું પડતાં ૩૦૦ વીઘા જમીનમાં પાણી ફરી વળતાં ઉભા પાકને ભારે નુકશાન થયેલ છે. આ શાખામાં મરામત કામગીરી યોગ્ય રીતે ન થવાથી કેનાલમાં વારંવાર ગાબડાઓ પડે છે, જેના લીધે ખેડૂતોને અને પાકને થયેલ નુકશાનને પહોંચી વળવા સહાય આપવા રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં" અંગેની તાકીદની જાહેર અગત્યની બાબત પર માનનીય જળસંપત્તિ મંત્રીશ્રીનું ધ્યાન દોર્યું.

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી બાબુભાઈ બોખીરીયાએ તેમનું લેખિત નિવેદન રજૂ કર્યું અને ઉપસ્થિત થયેલ પ્રશ્નોના જવાબ આપ્યા.

૪. મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪)

માનનીય નાણા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે કેન્દ્ર સરકાર ધ્વારા કેન્દ્રીય વેચાણવેરાના દરમાં કરવામાં આવેલ ઘટાડાના પરિણામે રાજયની વેરાકીય આવકમાં થયેલ નુકસાન કેન્દ્ર સરકાર ચૂકવી આપશે તેવા કેન્દ્ર સરકાર ધ્વારા અગાઉ કરવામાં આવેલ નિર્ણયના અનુસંધાને કેન્દ્ર સરકાર સમક્ષ રાજય સરકારના પડતર દાવા સંદર્ભે કેન્દ્ર સરકાર તરફથી તા.૨૭–૩–૨૦૧૫ના રોજ રૂપિયા ૧૧૫૪.૯૫ કરોડની ફાળવણી કરવામાં આવી હોવા બાબતનું નિવેદન કર્યું અને ઉપસ્થિત થયેલા પ્રશ્નોના જવાબ આપ્યા.

૫. સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

(૧) (ક) ગુજરાત સરકારના સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષના નાણાકીય હિસાબો ભાગ–૧ અને ભાગ–૨ (અંગ્રેજી તથા ગુજરાતી)

(ખ) ગુજરાત સરકારના સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષના વિનિયોગ હિસાબો (અંગ્રેજી તથા ગુજરાતી)

(ગ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનો ઓડિટ અહેવાલ (રાજયની નાણાકીય પરિસ્થિતિ) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ઘ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનો ઓડિટ અહેવાલ (મહેસૂલ ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(ચ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનો ઓડિટ અહેવાલ (જાહેર સાહસો) (અંગ્રેજી તથા ગુજરાતી)

(છ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનો ઓડિટ અહેવાલ (આર્થિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(જ) ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલનો સન ૨૦૧૩–૨૦૧૪ના વર્ષનો ઓડિટ અહેવાલ (સામાન્ય અને સામાજિક ક્ષેત્ર) (અંગ્રેજી તથા ગુજરાતી)

(૨) સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૩) ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ કોરીડોર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૪) આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૫) ગુજરાત સ્ટેટ એવિએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર કંપની લિમિટેડ (ગુજસેલ)નો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૬) ગુજરાત ઈન્ફર્મેટિકસ લિમિટેડનો સન ૨૦૧૩–૧૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

(૭) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ

(૮) ધોલેરા ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૧૩–૨૦૧૪નો વાર્ષિક અહેવાલ અને હિસાબો

(૯) ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડનો સન ૨૦૧૨–૨૦૧૩નો વાર્ષિક અહેવાલ તથા આ અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

(૧૦) ઉદ્યોગ અને ખાણ વિભાગના સન ૨૦૧૪ના ગુજરાત ઈન્ફરમેશન ટેકનોલોજી (ઈલેકટ્રોનિક સર્વિસ ડિલિવરી) અન્વયેના તા.૧૬–૨–૨૦૧૫ના જાહેરનામા ક્રમાંક– જીએચયુ/ ૨૦૧૫/ (૩)/ ઈએસડી/ ૧૦/ ૨૦૧૪/ ૫૫૦૬૪૦/ કોમ્પ્યુટર સેલ

(૧૧) પંચાયત વિભાગની–

સન ૧૯૯૩ના ગુજરાત પંચાયત અધિનિયમ અન્વયેની

(૧) તા.૬–૬–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક– કેપી/ ૨૦૧૪નો ૧૯/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/૨૯૭૩૨૨/જ

(૨) તા.૬–૬–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક– કેપી/ ૨૦૧૪નો ૨૦/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/ ૩૪૯૧૭૧/જ

(૩) તા.૧૧–૬–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૪નો ૨૧/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/ ૩૪૯૫૧૬/ જ

(૪) તા.૧૧–૬–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૪નો ૨૨/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/ ૩૪૯૮૦૬/જ

(૫) તા.૧૧–૬–૨૦૧૪ની અધિસૂચના ક્રમાંક–કેપી/ ૨૦૧૪નો ૨૩/ પીઆરઆર/ ૧૦૨૦૧૩/ ૨૯૭૬૯૬/જ

૬. સમિતિના અહેવાલની રજૂઆત

અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિના પ્રમુખશ્રી રમેશભાઈ મહેશ્વરીએ સમિતિનો બીજો અહેવાલ રજૂ કર્યો.

૭. સભાગૃહે મંજૂર કરી પસાર કરેલ વિધેયક

(૧) સન ૨૦૧૫નું વિધેયક ક્રમાંક ૨૦, સન ૨૦૧૫નું મહારાજા સયાજીરાવ વડોદરા યુનિવર્સિટી (સુધારા) વિધેયક

૮. સરકારી સંકલ્પ (નિયમ–૧૨૦)

માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે, "૨જી ઓકટોબર–૨૦૧૯ સુધીમાં દેશમાં સ્વચ્છતા લાવવાના હેતુથી સ્વચ્છ ભારત અભિયાન શરૂ કરવામાં આવેલ છે ત્યારે આ અભિયાનના ભાગરૂપે રાજયનું એકપણ ઘર શૌચાલયની સુવિધાથી વંચિત ન રહે તે માટેના તમામ પ્રયત્નો કરવા" અંગેનો સંકલ્પ રજૂ કર્યો અને તેના સમર્થનમાં મંતવ્ય વ્યકત કર્યું અને તેના પરની ચર્ચામાં ૫ સભ્યશ્રીઓએ ભાગ લીધો.

ચર્ચાનો જવાબ શહેરી વિકાસ વિભાગનો હવાલો ધરાવતા માનનીય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે આપ્યો.

ત્યારબાદ સંકલ્પ મત ઉપર મૂકવામાં આવ્યો અને તેનો સર્વાનુમતે સ્વીકાર કરવામાં આવ્યો.

૯. છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

સભ્યશ્રી મેઘજીભાઈ ચાવડાએ, "મધ્યમ વર્ગીય પરિવારો માટે આરોગ્ય ક્ષેત્રે રાજય સરકાર સુઆયોજિત પગલાં લઈ તેઓના જીવન ધોરણમાં ગુણાત્મક પરિવર્તન આવે તે માટે સતત પ્રયત્નો કરી રહેલ છે ત્યારે "મા વાત્સલ્ય" યોજનાનો વધુ અસરકારક રીતે અમલ કરી મધ્યમવર્ગીય લોકોના આરોગ્યની સુખાકારી વધારી સારૂં આરોગ્ય જાળવી શકાય તે સંબંધમાં આ સભાગૃહ ચર્ચા–વિચારણા કરે" તે અંગેનો છેલ્લા દિવસનો પ્રસ્તાવ રજૂ કરી મંતવ્ય વ્યકત કર્યું.

માનનીય આરોગ્ય મંત્રીશ્રી સહિત ૭ સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લીધો અને ચર્ચા પૂરી થઈ.

૭.	સચિવશ્રીએ, ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૮૭(ક) અન્વયે અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકયા.

૮.	સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખવા અંગે

માનનીય અધ્યક્ષશ્રીએ વિધાનસભાના નિયમોના નિયમ–૯(૧) અન્વયે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રાખી.

ત્યારબાદ "વંદે માતરમ" રાષ્ટ્રગીતની ધૂન બજાવવામાં આવી.

સાંજના ૭.૧૧ વાગ્યે સભાગૃહની બેઠક અનિશ્ચિત મુદત માટે મુલતવી રહી.

**પત્રક ક્રમાંકઃ–૨૫**

**(જુઓ ફકરા ક્રમાંકઃ–૩ ૨ )**

તેરમી વિધાનસભાના **છઠ્ઠા** સત્રમાં સભ્યશ્રીઓએ કેટલી વખત ચર્ચામાં ભાગ લીધો તેની સંખ્યા દર્શાવતું પત્રક

| અ.નં. | સભ્યશ્રીનું નામ | વિધેયકો | | અંદાજ પત્ર પર ચર્ચા | પ્રસ્તાવો | | | રાજયપાલ –શ્રીના સંબોધન માટેના આભાર પ્રસ્તાવ પર ચર્ચા | બિન સરકારી સંકલ્પો | વૈદ્યાનિક મંડળોના કામકાજ પર ચર્ચા | વિધાનસભા ની સમિતિઓના અહેવાલ અને બીજા અહેવાલ પર ચર્ચા | અન્ય બાબતો | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સરકારી વિધેયકો પર ચર્ચા | બિન સરકારી વિધેયકો પર ચર્ચા | | સભા મોકુફી પ્રસ્તાવ પર ચર્ચા | મંત્રીમંડળમાં અવિશ્વાસ વ્યકત કરતા પ્રસ્તાવ પર ચર્ચા | બીજા પ્રસ્તાવો. સરકારી તેમજ બિન સરકારી સભ્યોના પ્રસ્તાવો પર ચર્ચા | | | | | | |
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
| ૧ | ગોહિલ, શ્રી શકિતસિંહ હરિચંદ્રસિંહજી | ૫ | – | ૨ | – | – | – | ૧ | – | – | ૨ | ૨૫ | ૩૫ |
| ૨ | છેડા, શ્રી તારાચંદ જગશી (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩ | આચાર્ય, ડૉ. નીમાબેન | – | ૨ | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૪ | આહિર, શ્રી વાસણભાઈ ગોપાલભાઈ (સંસદીય સચિવ) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૫ | મહેશ્વરી, શ્રી રમેશ વચ્છરાજ | – | – | ૧ | – | – | – | – | – | – | ૧ | – | ૨ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | મહેતા, શ્રી પંકજ અનોપચંદ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૭ | ચૌધરી, શ્રી શંકરભાઈ લગધીરભાઈ (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૨ | – | – | – | – | – | – | – | ૨ | ૪ |
| ૮ | પટેલ, શ્રી પરબતભાઈ સવાભાઈ | ૨ | ૧ | ૩ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૮ |
| ૯ | પટેલ, શ્રી જોઈતાભાઈ કસ્નાભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | ૨ | ૫ |
| ૧૦ | ખરાડી, શ્રી કાન્તીભાઈ કાળાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૧ | વાઘેલા, શ્રી મણીલાલ જેઠાભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૨ | પટેલ, શ્રી મહેશકુમાર અમૃતલાલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩ | રબારી, શ્રી ગોવાભાઈ હમીરાભાઈ | ૩ | – | ૨ | – | – | – | ૧ | – | – | – | ૪ | ૧૦ |
| ૧૪ | ચૌહાણ, શ્રી કેશાજી શિવાજી | – | – | – | – | – | – | ૨ | – | – | – | – | ૨ |
| ૧૫ | ખાનપુરા, શ્રી ધારશીભાઈ લખાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૬ | ઠાકોર, શ્રી નાગરજી હરચંદજી | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭ | ઠાકોર, શ્રી દિલીપકુમાર વિરાજીભાઈ (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૮ | દેસાઈ, રણછોડભાઈ મહીજીભાઈ (સંસદીય સચિવ) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૯ | રાજપૂત, શ્રી બલવંતસિંહ ચંદનસિંહ | ૫ | ૩ | ૩ | – | – | – | ૧ | – | – | ૧ | ૯ | ૨૨ |
| ૨૦ | ડાભી, શ્રી ભરતસિંહજી શંકરજી (સંસદીય સચિવ) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૨૧ | પટેલ, શ્રી નારાયણભાઈ લલ્લુદાસ | ૧ | – | – | – | – | – | – | – | – | – | – | ૧ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૨ | પટેલ, શ્રી ઋષિકેશ ગણેશભાઈ | ૨ | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૫ |
| ૨૩ | પટેલ, શ્રી રજનીકાન્ત સોમાભાઈ (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | ૧ | ૨ | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૫ |
| ૨૪ | ચાવડા, શ્રી રમેશભાઈ મગનભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૨૫ | પટેલ, શ્રી નીતિનભાઈ રતીલાલ (મંત્રીશ્રી) | ૩ | ૩ | ૨ | – | – | – | – | ૧ | – | ૧ | ૧૨ | ૨૨ |
| ૨૬ | પટેલ, શ્રી પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ | – | – | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૨ |
| ૨૭ | ચાવડા, શ્રી રાજેન્દ્રસિંહ રણજીતસિંહ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૨૮ | વોરા, શ્રી રમણલાલ ઈશ્વરલાલ (મંત્રીશ્રી) | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | ૨ | ૫ |
| ૨૯ | કોટવાલ, શ્રી અશ્વિન | – | – | ૧ | – | – | – | – | ૨ | – | – | – | ૩ |
| ૩૦ | જોષિયારા, ડૉ. અનિલ | ૫ | ૨ | ૪ | – | – | – | ૧ | ૧ | – | – | ૨ | ૧૫ |
| ૩૧ | ઠાકોર, શ્રી રાજેન્દ્રસિંહ શિવસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૩૨ | વાઘેલા, શ્રી મહેન્દ્રસિંહ શંકરસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩૩ | બારૈયા, શ્રી મહેન્દ્રસિંહ કચરસિંહ | ૧ | ૧ | ૨ | – | – | – | – | – | – | – | ૩ | ૭ |
| ૩૪ | રાઠોડ, શ્રીમતી કામીનીબા ભુપેન્દ્રસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૨ | ૩ |
| ૩૫ | ઠાકોર, શ્રી શંભુજી ચેલાજી | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૩૬ | પટેલ, શ્રી અશોકકુમાર રણછોડભાઈ | – | – | ૪ | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૭ |
| ૩૭ | ચૌધરી, શ્રી અમિતભાઈ હરિસિંગભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૩૮ | ઠાકોર, શ્રી બળદેવજી ચંદુજી | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૩૯ | પટેલ, ડૉ. તેજશ્રીબેન દિલીપકુમાર | ૨ | ૨ | ૨ | – | – | – | ૧ | – | – | – | ૩ | ૧૦ |
| ૪૦ | પટેલ, શ્રી કરમશીભાઈ વિરજીભાઈ | ૨ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૪ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૪૧ | પટેલ, શ્રીમતી આનંદીબેન મફતલાલ (મુખ્ય મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | ૫ | ૫ |
| ૪૨ | ચૌહાણ, શ્રી કિશોરસિંહ બાબુલાલ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૪૩ | જાડેજા, શ્રી પ્રદિપસિંહ ભગવતસિંહ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | ૩ | – | ૨ | – | – | – | – | – | – | ૧ | ૧૧ | ૧૭ |
| ૪૪ | શાહ, શ્રી રાકેશભાઈ જશવંતલાલ | ૧ | – | ૨ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૫ |
| ૪૫ | શાહ, શ્રી અમિત | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૪૬ | પંચાલ, શ્રી જગદીશભાઈ ઈશ્વરભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૪૭ | વાઘવાણી, ડૉ. નિર્મલાબેન સુનીલભાઈ | – | ૧ | ૪ | – | – | – | ૧ | – | – | – | – | ૬ |
| ૪૮ | કાકડીયા, શ્રી વલ્લભભાઈ ગોબરભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૪૯ | રાજપૂત, શ્રી જગરૂપસિંહ ગીરદાનસિંહ | ૩ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૫૦ | પટેલ, શ્રી હસમુખભાઈ સોમાભાઈ | ૧ | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૫૧ | શેખ, શ્રી ગ્યાસુદ્દીન હબીબુદ્દીન | ૧ | – | ૪ | – | – | – | ૧ | – | – | – | – | ૬ |
| ૫૨ | ભટ્ટ, શ્રી ભૂષણ અશોક | ૧ | ૨ | ૩ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૮ |
| ૫૩ | પટેલ, શ્રી સુરેશભાઈ ધનજીભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૪ |
| ૫૪ | પરમાર, શ્રી શૈલેષ મનુભાઈ | ૨ | ૧ | ૩ | – | – | – | ૧ | ૧ | – | ૧ | ૫ | ૧૪ |
| ૫૫ | પટેલ, શ્રી અરવિંદકુમાર ગાંડાલાલ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૫૬ | પટેલ, શ્રી રજનીકાંત મોહનલાલ | ૩ | ૧ | ૫ | – | – | – | ૧ | ૨ | – | – | – | ૧૨ |
| ૫૭ | પટેલ, શ્રી બાબુભાઈ જમનાદાસ | – | – | ૧ | – | – | – | – | – | – | ૧ | – | ૨ |
| ૫૮ | ચુડાસમા, શ્રી ભૂપેન્દ્રસિંહ મનુભા (મંત્રીશ્રી) | ૩ | ૧ | ૪ | – | – | – | – | – | – | ૩ | ૮ | ૧૯ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૯ | કોળી પટેલ, શ્રી લાલજીભાઈ ચતુરભાઈ | – | – | – | – | – | – | ૧ | – | – | – | – | ૧ |
| ૬૦ | મકવાણા, શ્રી પુનમભાઈ કાળાભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૬૧ | રાણા, શ્રી કિરીટસિંહ જીતુભા | – | – | – | – | – | – | ૧ | – | – | ૨ | ૧ | ૪ |
| ૬૨ | દોશી, શ્રીમતી વર્ષાબેન નરેન્દ્રભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | ૨ | – | – | – | ૫ |
| ૬૩ | ચૌહાણ, શ્રી શામજીભાઈ ભીમજીભાઈ (સંસદીય સચિવ) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૪ | કવાડીયા, શ્રી જયંતિભાઈ રામજીભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૩ | ૪ |
| ૬૫ | અમૃતિયા, શ્રી કાંતિલાલ શીવલાલ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૬૬ | મેતલીયા, શ્રી બાવનજીભાઈ હંસરાજભાઈ | ૧ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૬૭ | પીરઝાદા, શ્રી મહંમદજાવીદ અબ્દુલમુતલીબ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૬૮ | રાજયગુરૂ, શ્રી ઈન્દ્રનિલભાઈ સંજયભાઈ | ૨ | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૬૯ | રૂપાણી, શ્રી વિજયકુમાર રમણીકલાલ (મંત્રીશ્રી) | ૨ | ૨ | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | ૨ | ૯ |
| ૭૦ | પટેલ, શ્રી ગોવિંદભાઈ ઉકાભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૭૧ | બાબરીયા, શ્રીમતી ભાનુબેન મનોહરભાઈ | – | – | ૧ | – | – | – | ૨ | – | – | – | – | ૩ |
| ૭૨ | ગોહેલ, શ્રી ભોળાભાઈ ભીખાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૭૩ | જાડેજા, શ્રી જયરાજસિંહ ટેમુભા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૭૪ | રાદડીયા, શ્રી જયેશભાઈ વિઠ્ઠલભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૭૫ | માકડિયા, શ્રી પ્રવિણભાઈ મોહનભાઈ | ૧ | – | ૨ | – | – | ૧ | – | – | – | – | – | ૪ |
| ૭૬ | ચાવડા, શ્રી મેઘજીભાઈ અમરાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૭૭ | પટેલ, શ્રી રાઘવજી હંસરાજ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | ૨ | ૫ |
| ૭૮ | જાડેજા, શ્રી ધર્મેન્દ્રસિંહ મેરૂભા | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૭૯ | ત્રિવેદી, પ્રો. શ્રીમતી વસુબેન નરેન્દ્રભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૨ | ૩ |
| ૮૦ | શાપરીયા, શ્રી ચીમનભાઈ ધરમશીભાઈ | ૧ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૪ |
| ૮૧ | આહીર, શ્રી મેરામણભાઈ મારખીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૮૨ | માણેક, શ્રી પબુભા વિરમભા | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૩ | બોખીરીયા, શ્રી બાબુભાઈ ભીમાભાઈ (મંત્રીશ્રી) | ૩ | – | ૧ | – | – | – | – | – | – | – | ૮ | ૧૨ |
| ૮૪ | જાડેજા, શ્રી કાંધલ સરમણભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૫ | ચાવડા, શ્રી જવાહરભાઈ પેથલજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૮૬ | મશરૂ, શ્રી મહેન્દ્રભાઈ લીલાધરભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | | ૧ |
| ૮૭ | રીબડીયા, શ્રી હર્ષદકુમાર માધવજીભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૮૮ | લાડાણી, શ્રી અરવીંદભાઈ કેશવભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૮૯ | વાજા, શ્રી બાબુભાઈ કાળાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૨ | ૩ |
| ૯૦ | બારડ, શ્રી જસાભાઈ ભાણાભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૧ | બારડ, શ્રી જશુભાઈ ધાનાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૨ | સોલંકી, શ્રી જેઠાભાઈ દાનાભાઈ (સંસદીય સચિવ) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯૩ | વંશ, શ્રી પુંજાભાઈ ભીમાભાઈ | ૧ | – | ૪ | – | – | – | ૧ | – | – | – | ૭ | ૧૩ |
| ૯૪ | કોટડીયા, શ્રી નલીનભાઈ નાનજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૫ | ધાનાણી, શ્રી પરેશ | – | – | ૪ | – | – | – | – | ૧ | – | – | ૯ | ૧૪ |
| ૯૬ | ઉંઘાડ, શ્રી બાવકુભાઈ નાથાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૯૭ | વઘાસીયા, શ્રી વલ્લભભાઈ વશરામભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૯૮ | સોલંકી, શ્રી હીરાભાઈ ઓધવજીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૯૯ | મકવાણા, શ્રીમતી ભાવનાબેન રાઘવજીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૦૦ | ગોહિલ, શ્રી શિવાભાઈ જેરામભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૦૧ | નાકરાણી, શ્રી કેશુભાઈ હીરજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦૨ | રાઠોડ, શ્રી પ્રવિણભાઈ જીણાભાઈ | – | – | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૨ |
| ૧૦૩ | સોલંકી, શ્રી પરસોત્તમભાઈ ઓધવજીભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦૪ | દવે, શ્રીમતી વિભાવરીબેન વિજયભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૧૦૫ | વાઘાણી, શ્રી જીતેન્દ્રભાઈ સવજીભાઈ | – | – | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૩ |
| ૧૦૬ | પરમાર, શ્રી આત્મારામ મકનભાઈ (ઉપાધ્યક્ષશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૦૭ | માણીયા, ડૉ. ટી.ડી. | ૧ | – | ૨ | – | – | – | ૧ | – | – | – | ૧ | ૫ |
| ૧૦૮ | પટેલ, શ્રી સંજયકુમાર રમણભાઈ | – | – | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૪ |
| ૧૦૯ | પરમાર, શ્રી રાજેન્દ્રસિંહ ધીરસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૦ | ચાવડા, શ્રી અમિત | – | – | ૨ | – | – | – | – | ૨ | – | – | – | ૪ |
| ૧૧૧ | પટેલ, શ્રી જયંતભાઈ રમણભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૨ | પટેલ, શ્રી રોહિત | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧૩ | પટેલ, શ્રી નિરંજન | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૧૪ | પરમાર, શ્રી પૂનમભાઈ માધાભાઈ | ૧ | – | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૫ |
| ૧૧૫ | સોલંકી, શ્રી કેસરિસિંહ જેસંગભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૧૬ | દેસાઈ, શ્રી પંકજભાઈ વિનુભાઈ (મુખ્ય દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | ૮ | ૮ |
| ૧૧૭ | ચૌહાણ, શ્રી ગૌતમભાઈ રાવજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૧૮ | ઠાકોર, શ્રી નટવરસિંહ ફુલસિંહ | – | – | ૪ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૧૧૯ | પરમાર, શ્રી રામસિંહ પ્રભાતસિંહ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૨૦ | વાઘેલા, શ્રી શંકરસિંહ (વિરોધપક્ષના નેતાશ્રી) | ૧ | – | ૨ | – | – | – | ૧ | – | – | ૧ | ૧૧ | ૧૬ |
| ૧૨૧ | ચૌહાણ, શ્રી માનસિંહ કોહયાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૨૨ | પટેલ, પ્રો. હીરાભાઈ હરીભાઈ | ૩ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૫ |
| ૧૨૩ | ડામોર, શ્રી ગેંદાલભાઈ મોતીભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૨૪ | ભરવાડ, શ્રી જેઠાભાઈ ઘેલાભાઈ | ૧ | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૧૨૫ | સુથાર, શ્રીમતી નિમિષાબેન મનહરસિંહ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૧૨૬ | રાઉલજી, શ્રી સી.કે. | ૧ | ૧ | ૧ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૨૭ | રાઠોડ, શ્રી અરવિંદસિંહ દામસિંહ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૨૮ | પરમાર, શ્રી જયદ્રથસિંહજી ચંદ્રસિંહજી (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૨૯ | કટારા, શ્રી રમેશભાઈ ભુરાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૩૦ | ગરાસીયા, ડૉ. મિતેશભાઈ કલાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૩૧ | ભૂરિયા, શ્રી વીંછીયાભાઈ જોખનાભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૩૨ | પણદા, શ્રી વજેસિંગભાઈ પારસિંગભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩૩ | બારીયા, શ્રીમતી ચંદ્રીકાબેન છગનભાઈ | – | ૧ | ૩ | – | – | – | – | – | – | – | – | ૪ |
| ૧૩૪ | ખાબડ, શ્રી બચુભાઈ મગનભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૫ | ઈનામદાર, શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩૬ | શ્રીવાસ્તવ, શ્રી મધુભાઈ બાબુભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૩૭ | રાઠવા, શ્રી મોહનસિંહ છોટુભાઈ | – | – | ૩ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૩૮ | રાઠવા, શ્રી જયંતિભાઈ સવજીભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૩૯ | ભીલ, શ્રી ધીરૂભાઈ ચુનીલાલ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૪૦ | પટેલ, શ્રી બાલકૃષ્ણભાઈ નારણભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૪૧ | વકીલ, શ્રીમતી મનીષા રાજીવભાઈ | – | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૨ |
| ૧૪૨ | સુખડીયા, શ્રી જીતેન્દ્ર રતીલાલ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |
| ૧૪૩ | પટેલ, શ્રી સૌરભ (મંત્રીશ્રી) | ૩ | – | ૭ | – | – | – | – | – | – | – | ૩ | ૧૪ |
| ૧૪૪ | ત્રિવેદી, શ્રી રાજેન્દ્ર સુર્યપ્રસાદ | ૨ | ૧ | ૩ | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૯ |
| ૧૪૫ | પટેલ, શ્રી યોગેશ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૪૬ | પટેલ, શ્રી દિનેશભાઈ બાલુભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૪૭ | પટેલ, શ્રી સતીષભાઈ મોતીભાઈ | ૨ | – | ૨ | – | – | – | – | – | – | ૧ | ૧ | ૬ |
| ૧૪૮ | તડવી, શ્રી શબ્દશરણ ભાઈલાલભાઈ | – | ૧ | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૪ |
| ૧૪૯ | વસાવા, શ્રી મોતીલાલ પુનીયાભાઈ | – | – | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૩ |
| ૧૫૦ | મોરી, શ્રી છત્રસિંહજી પૂંજાભાઈ (રાજયકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૫૧ | રણા, શ્રી અરૂણસિંહ અજીતસિંહ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૩ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૫૨ | વસાવા, શ્રી છોટુભાઈ અમરસિંહ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૩ | પટેલ, શ્રી દુષ્યંતભાઈ રજનીકાંત | ૨ | ૧ | ૪ | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૧૦ |
| ૧૫૪ | પટેલ, શ્રી ઈશ્વરસિંહ ઠાકોરભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૫૫ | પટેલ, શ્રી મુકેશભાઈ ઝીણાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૫૬ | વસાવા, શ્રી ગણપતસિંહ વેસ્તાભાઈ (અધ્યક્ષશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૫૭ | ચૌધરી, શ્રી આનંદભાઈ મોહનભાઈ | – | ૧ | ૨ | – | – | – | – | ૧ | – | – | – | ૪ |
| ૧૫૮. | પાનશેરીયા, શ્રી પ્રફુલભાઈ છગનભાઈ | – | ૧ | ૪ | – | – | – | – | ૧ | – | – | – | ૬ |
| ૧૫૯. | ગીલીટવાલા, શ્રી રણજીતભાઈ મંગુભાઈ | ૨ | – | ૩ | – | – | – | ૧ | – | – | – | – | ૬ |
| ૧૬૦. | ચોકસી, શ્રી અજયકુમાર જશવંતલાલ (દંડકશ્રી) | ૧ | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૨ |
| ૧૬૧ | કાનાણી, શ્રી કિશોરભાઈ શિવાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૬૨ | કાછડીયા, શ્રી જનકભાઈ મનજીભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | – | – | ૩ |
| ૧૬૩ | પાટીલ, શ્રીમતી સંગીતાબેન રાજેન્દ્રભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૬૪ | પટેલ, શ્રી નરોત્તમભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | – | – | ૧ | – | ૪ |
| ૧૬૫ | સંઘવી, શ્રી હર્ષ રમેશકુમાર | | | | | | | | | | | | |
| ૧૬૬ | વાનાણી, શ્રી નાનુભાઈ ભગવાનભાઈ (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | ૧ | – | – | – | – | ૨ |
| ૧૬૭ | મોદી, શ્રી પૂર્ણેશકુમાર ઈશ્વરલાલ | ૧ | ૧ | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | – | ૫ |
| ૧૬૮ | પટેલ, શ્રી રાજેન્દ્રભાઈ પરભુભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૬૯ | પરમાર, શ્રી ઈશ્વરભાઈ રમણભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૭૦ | ઢોડીયા, શ્રી મોહનભાઈ ધનજીભાઈ | – | – | – | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૩ |

| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧૦) | (૧૧) | (૧૨) | (૧૩) | (૧૪) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૭૧ | ગામીત, શ્રી પુનાભાઈ ઢેડાભાઈ | – | – | ૨ | – | – | – | – | – | – | – | – | ૨ |
| ૧૭૨ | ગામીત, શ્રી કાંતીલાલ રેશ્માભાઈ (રાજ્યકક્ષાના મંત્રીશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭૩ | ગાવિત, શ્રી મંગળભાઈ ગંગાજીભાઈ | – | – | – | – | – | – | – | – | – | – | – | – |
| ૧૭૪ | પટેલ, શ્રી આર.સી. (નાયબ મુખ્ય દંડકશ્રી) | – | – | – | – | – | – | – | – | – | – | ૧ | ૧ |
| ૧૭૫ | દેસાઈ, શ્રી પિયુષભાઈ દિનકરભાઈ | ૧ | – | ૧ | – | – | – | ૧ | ૧ | – | – | ૧ | ૫ |
| ૧૭૬ | પટેલ, શ્રી મંગુભાઈ છગનભાઈ (મંત્રીશ્રી) | – | – | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૨ |
| ૧૭૭ | ચૌધરી, શ્રી છનાભાઈ કોળુભાઈ | – | – | ૧ | – | – | – | – | ૧ | – | – | – | ૨ |
| ૧૭૮ | પટેલ, શ્રી ઈશ્વરભાઈ ઢેડાભાઈ | – | – | ૧ | – | – | – | – | – | – | – | – | ૧ |
| ૧૭૯ | પટેલ, શ્રી ભરતભાઈ કીકુભાઈ | – | – | ૧ | – | – | – | ૧ | – | – | ૪ | – | ૬ |
| ૧૮૦ | દેસાઈ, શ્રી કનુભાઈ મોહનલાલ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૧૮૧ | ચૌધરી, શ્રી જીતુભાઈ હરજીભાઈ | ૧ | – | ૨ | – | – | – | – | – | – | – | ૧ | ૪ |
| ૧૮૨ | પાટકર, શ્રી રમણલાલ નાનુભાઈ | – | – | ૨ | – | – | – | ૧ | ૧ | – | – | ૨ | ૬ |

## પત્રક ક્રમાંકઃ—૨૬
## (જુઓ ફકરા ક્રમાંકઃ— ૩૩ )

સત્ર દરમિયાન નીચે દર્શાવેલ કુલ-૯ (નવ) મહાનુભાવોના અવસાન અંગેના શોકદર્શક ઉલ્લેખ કરવામાં આવ્યા હતા.

| ક્રમ | નામ | અવસાનની તારીખ | શોક પ્રસ્તાવ સભાગૃહમાં રજૂ થયા તારીખ | રિમાર્કસ |
|---|---|---|---|---|
| ૧. | **સ્વ. શ્રી ઉપેન્દ્રભાઇ જેઠાલાલ ત્રિવેદી**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ ઉપાધ્યક્ષશ્રી અને ગુજરાત રાજયના રાજયકક્ષાના પૂર્વ મંત્રીશ્રી | ૦૪/૦૧/૨૦૧૫ | ૨૩/૦૨/૨૦૧૫ | સદ્દગત મહાનુભાવોને ગૃહમાં અંજલી આપ્યા બાદ સભ્યશ્રીઓએ ઉભા થઇને બે મિનિટ મૌન પાળ્યુ હતું. |
| ૨. | **સ્વ. શ્રી ચંદ્રવદન મકનજી પટેલ**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૦૧/૧૨/૨૦૧૪ | ૨૩/૦૨/૨૦૧૫ | -"- |
| ૩. | **સ્વ. શ્રી નારાયણભાઇ મહાદેવભાઇ દેસાઇ**<br>ગાંધીવાદી નેતા અને ગુજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલપતિ | ૧૫/૦૩/૨૦૧૫ | ૧૭/૦૩/૨૦૧૫ | -"- |
| ૪. | **સ્વ. શ્રી ભીમજીભાઇ જગન્નાથ પટેલ**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૧૮/૧૨/૨૦૧૪ | ૧૭/૦૩/૨૦૧૫ | -"- |
| ૫. | **સ્વ. શ્રી જગતાભાઇ પુરાભાઇ પરમાર**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૦૭/૦૩/૨૦૧૦ | ૧૭/૦૩/૨૦૧૫ | -"- |
| ૬ | **સ્વ. શ્રી જનકસિંહજી ખેંગારજી રાણા**<br>ગુજરાત રાજયના રાજયકક્ષાના પૂર્વ મંત્રીશ્રી | ૧૭/૦૩/૨૦૧૫ | ૨૪/૦૩/૨૦૧૫ | -"- |
| ૭ | **સ્વ. શ્રી ગોસાંઇભાઇ છીબાભાઇ પટેલ**<br>ગુજરાત રાજયના પૂર્વ સંસદીય સચિવશ્રી | ૧૮/૦૩/૨૦૧૫ | ૨૪/૦૩/૨૦૧૫ | -"- |
| ૮ | **સ્વ. શ્રી દોલતસિંહજી પ્રતાપસિંહજી જાડેજા**<br>ગુજરાત વિધાનસભાના પૂર્વ સભ્યશ્રી | ૧૪/૦૩/૨૦૧૫ | ૩૦/૦૩/૨૦૧૫ | -"- |
| ૯ | **સ્વ. શ્રી મનુભાઇ મોતીભાઇ પટેલ**<br>ગુજરાત રાજયના પૂર્વ નાયબ મંત્રીશ્રી | ૨૭/૦૩/૨૦૧૫ | ૩૧/૦૩/૨૦૧૫ | -"- |